બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા *(માસિક)*


**ફેબ્રુઆરી-૨૦૨૨**

જમાદિઉલ આખર-રજબુલ મુરજ્જબ
હિજરી સન : ૧૪૪૩

વર્ષ : ૧૯, અંક : ૦૨, સળંગ અંક : ૨૧૭



**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | પોતાને સંત કહેનારા ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہથી સંતપણુ શીખે | 03 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 10 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 13 |
| 04 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 15 |
| 05 | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | 21 |
| 06 | ક઼ાનૂને શરીઅત | 24 |
| 07 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 27 |
| 08 | હું મુસલમાન થઈને કુર્આન વિશે શું જાણું છું ?! | 29 |
| 09 | મહબૂબે ઈલાહી હઝરત નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہ | 31 |
| 10 | ઝિક્રે ઈલાહીની ફઝીલતમાં ૪૦ હદીષો | 36 |
| 11 | રાફઝી ફિર્કા : યહૂદી સાઝિશ કા નતીજા | 41 |
| 12 | કલમાગો ફિર્કાઓથી એકતા કેવળ ધોકો છે ! | 45 |
| 13 | નફસની ખ્વાહિશોનું અનુસરણ | 48 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


## નબી ચલે મેઅરાજકો...

વો સરવરે કિશ્વરે રિસાલત, જો અર્શ પર જલ્વા ગર હુએ થે
નયે નિરાલે તરબ કે સામાં, અરબ કે મેહમાન કે લિએ થે

બહાર હૈં શાદિયાં મુબારક, ચમન કો આબાદિયાં મુબારક
મલક ફલક અપની અપની લયમેં, યહ ઘર અનાદિલ કા બોલતે થે

વહાં ફલક પર યહાં ઝમીંમેં, રચી થી શાદી મચી થી ધૂમેં
ઉધરસે અન્વાર હંસતે આતે, ઈધરસે નફહાત ઉઠ રહે થે

યહ છૂટ પળતીથી ઉન્કે રુખ કી, કે અર્શ તક ચાંદની થી
વો રાત કયા ઝગમગા રહી થી, જગા જગા નસ્બ આઈને થે

નઈ દુલ્હન કી ફબનમેં કા'બા, નિખરકે સંવરા સંવર કે નિખરા
હજર કે સદક઼ે મેં કમર કે ઈક તિલમેં, રંગ લાખોં બનાવ કે થે

નઝરમેં દુલ્હા કે પ્યારે જલ્વે, હયાસે મેહરાબ સર ઝુકાએ
સિયાહ પર્દે કે મુંહ પર આંચલ, તજલ્લી ઝાત બહ઼તસે થે

ખુશી કે બાદલ ઉમંડ કે આયે, દિલોં કે તાઊસ રંગ લાયે
વો નગ્મએ નઅત કા સમાં થા, હરમ કો ખૂદ વજદ આ રહે થે

યે ઝુમા મીઝાબે ઝરકા ઝુમર, કે આ રહા કાન પર ઢલક કર
ફૂહાર બરસી તો મોતી ઝળકર, હતીમ કી ગોદમેં ભરે થે

ગુબાર બનકર નિષાર જાએં, કહાં અબ ઉસ રહગુઝર કો પાએં
હમારે દિલ, હુરીયોં કી આંખેં, ફરિશ્તોં કે જહાં પર બિછે થે

નબીએ રહ઼મત શફીએ ઉમ્મત, **'રઝા'** પે લિલ્લાહ હો ઈનાયત
ઉસે ભી ઉન ખિલ્અતોંસે હિસ્સા, જો ખાસ રહમત કે વાં બટે થે

## પોતાને સંત કહેનારા



# ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ થી સંતપણુ શીખે

### તંત્રી લેખ...

આજકાલ કહેવાતા બની બેઠેલા સંતો દેશમાં અનેક ઠેકાણે ધાર્મિક સંમેલનોમાં બે કોમો વચ્ચે નફરત ફેલાય અને દેશની શાંતિ તથા કોમી એકતા જોખમાય તેવાં પ્રવચનો કરી રહ્યા છે. નફરતની આગ આ કળીયુગના કહેવાતા સંતોમાં એટલી ભરેલી છે કે અલલ એલાન મુસ્લિમોને ખતમ કરી દેવાની હાકલ પોતાના અનુયાયીઓને કરવામાં આવી રહી છે ! નફરત અને ધિક્કારની ભાવના ફેલાવવા આટલાં ખુલ્લાં જાહેરમાં નિવેદનો થઈ રહ્યાં છે છતાં વહિવટી તંત્ર જાણે બહેરું ગુંગું બનીને બેઠુ છે કે કોઈ પણ આવા ઉશ્કેણી કરનારા કહેવાતા સંત પર કે નેતા પર એકશન લેવા માટે હરકતમાં નથી આવતું. મુસલમાનો વિરૂધ્ધ તથા ઈસ્લામ અને કુર્આને પાક વિરૂધ્ધ બલ્કે ઈસ્લામના પયગંબર ﷺ માટે અયોગ્ય શબ્દો ઉચ્ચારી અપમાન કરનારાઓ વિરૂધ્ધ દેશભરમાં મુસ્લિમોએ ઠેક ઠેકાણે FIR નોંધાવી તેમજ આવેદન પત્રો તંત્રને સોંપ્યાં છતાં તેના પર કોઈ જ કાર્યવાહી કરવામાં નથી આવી અને આવા નફરત ફેલાવનારા સંતો તથા નેતાઓ ગર્વભેર ફરી રહ્યા છે. જાણે કે આ કટુવાણી ઉચ્ચારનારાઓની પીઠ પર એકશન લેનાર તંત્રનો જ હાથ છે, નહીં તો આ દિવસો દેશના ન્યાયપ્રિય લોકોને જોવા ન મળતા. (આજે તા. ૧૩–૧–૨૦૨૨ના સમાચાર છે કે કેટલાય મહિનાઓ પછી વિશ્વભરમાં દેશની બદનામી થતાં ઈસ્લામના, નબીપાક ﷺના તથા કુર્આનના ગુસ્તાખો જીતેન્દ્ર ત્યાગી તથા સ્વામી નરસિહાનંદની મોડે મોડે ધરપકડ કરવામાં આવી છે.)

### ★ ઈસ્લામનો પયગામ શું છે ? મહોબ્બત ! દરગુઝર ! ★

આવો ! જુઓ ઈસ્લામ ધર્મએ સર્વ મખ્લૂક (લોકો)ને "અયાલુલ્લાહ" અલ્લાહનો કુંબો ઠરાવેલ છે અને તેની દષ્ટિએ સર્વ માનવ વંશ એ હઝરત આદમ علیہ السلامની ઔલાદ છે. એક જ જાન વડે અલ્લાહ તઆલાએ સૌને પેદા કર્યા અને પોતાની અનહદ કૃપા વડે તેણે સર્વ માનવોને રહમ તથા મુરવ્વત (માનવતા) અને હમદર્દી તથા ગમગુસારીની ભાવનાઓ પણ અર્પણ કરી આપી છે. રસૂલુલ્લાહ ﷺએ મહોબ્બત તથા દરગુઝરની તાલીમ આપી જેથી તેઓ એકબીજાનાં દુઃખદર્દને મેહસૂસ કરીને મુસીબતો તથા મુશ્કેલીઓના સમયે એકબીજાને કામ પણ આવી શકે.

પયગંબરે ઈસ્લામ હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ તથા સહાબા તથા તાબઈન رضوان اللہ تعالیٰ علیہم اجمعینના નકૂશે કૂદમ પર ચાલીને દિલની સફાઈ કરનારા, તસવ્વુફ તથા તરીકૃત (સંતપણા)ની ઝંડાધારી પવિત્ર હસ્તીઓ જેમને ઈતિહાસમાં સૂફીઓ તથા મશાઈખના નામથી યાદ કરવામાં આવે છે, તેમની જિંદગી તથા તેમની સેવાઓનો અભ્યાસ કરતી વખતે ડગલે ને પગલે એ હકીકત સામે આવે છે કે પોતાની સુધારણા તથા ઈસ્લામની તબ્લીગની સાથોસાથ તેમણે પોતાના અખ્લાક તથા કિરદાર તથા ખુદાની મખ્લૂક સાથે

મહોબ્બત તથા પ્રેમભાવનાના ઉચ્ચ નમૂના અને એવા કદરને લાયક રિવાજો છોડયા છે કે તેમના પર સહી તરીકાથી અમલ કરવામાં આવે તો આજે પણ બીમાર ઈન્સાનિયતને શિફા હાંસલ થઈ શકે છે અને બેહાલ થઈ ચૂકેલી ખુદાની મખ્લૂક (આમ પ્રજા)ને સુકૂન તથા રાહતનો શ્વાસ નસીબ થઈ શકે છે.

## ★ આ સૂફી સંતોના જીવન ચરિત્રો પર દૃષ્ટિ કરી લો ★

હિંદુસ્તાનની અંદર સૂફિયાએ કિરામમાં સુલ્તાનુલ હિંદ, અતાએ રસૂલ હઝરત ખ્વાજા મોઈનુદ્દીન હસન સંજરી ચિશ્તી અજમેરી رحمۃ اللہ علیہની મહાન હસ્તી એક વિશિષ્ટ અનોખી હૈસિયત ધરાવે છે. બલ્કે આપ હિંદની ભૂમિ પર અવલિયાના ગિરોહના સરદાર તથા સૂફીઓના પેશવા છે અને આપની શાને ગરીબનવાઝીથી હિંદનું બાળકે બાળક વાકેફ છે. આપના મહબૂબ ખલીફા કુત્બુલ ઈસ્લામ હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી ચિશ્તી દહેલ્વી رحمۃ اللہ علیہ વર્ણવે છે કે એકવાર મેં મુઈનુલ મિલ્લત વદ્દીન હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન ચિશ્તી رحمۃ اللہ علیہનો આ આદેશ સાંભળ્યો. તે પોતાના પીરો મુર્શિદ હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની ચિશ્તી رحمۃ اللہ علیہના અમૂલ્ય શબ્દો નકલ કરી રહ્યા હતા કે, "જો કોઈ વ્યક્તિમાં ત્રણ ખૂબીઓ જોવા મળે તો સમજી લો કે તે અલ્લાહ તઆલાનો પ્રિય (મહબૂબ) બંદો છે : સખાવત, પ્રેમ ભાવના અને આજીજી. દરિયા જેવી સખાવત, સૂરજ જેવી પ્રેમભાવના અને જમીન જેવી આજીજી (નમ્રતા). *(દલીલુલ આરિફીન)*

અને હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہના દાદાપીર શયખ હાજી શરીફ ઝંદની ચિશ્તી નીશાપૂરીનો આ બનાવ "વાયદાને પાળવાની કાળજી તથા ગરીબોની મદદ કરવી અને દીનના પ્રચારની પદ્ધતિ" કેટલી સુંદર પ્રકારની છે તે દર્શાવે છે. સાત યુવાન પુત્રીઓનો એક ગરીબ પરેશાન હાલ બાપ એક દિવસ બારગાહે શયખ હાજી શરીફ ઝંદાની رحمۃ اللہ علیہમાં હાજર થઈને અરજ કરે છે કે મારી મુશ્કેલી આસાન કરવામાં આવે. આપે તેને સબ્ર તથા શુક્ર કરવા સમજાવ્યો કે આજે જેટલી તકલીફ ઉઠાવશો તો એટલો કાલે આરામ પામશો. તેણે ફરી પોતાની પુત્રીઓની શાદીનો ઉલ્લેખ કર્યો, તો આપે ફર્માવ્યું, આજે જાવ કાલે આવજો. જ્યારે તે શખ્સ પરત જવા લાગ્યો તો રસ્તામાં એક મજૂસી (અગ્નિપૂજક) મળ્યો અને તેણે હાલ પૂછયો તો ગરીબ બાપે પોતાની પરિસ્થિતિ વર્ણવી. અગ્નિપૂજકે કહ્યું, શયખ તો જાતે જ નાદાર છે એ તમારી શું મદદ કરવાના ?! જાવ શયખને કહો કે જો તે સાત વરસો સુધી મારી સેવા ચાકરી કરે તો હું તેમને સાત હજાર દીનાર આપી શકુ છું. તે ગરીબ ફરી પરત આવ્યો અને તેણે સર્વ બનાવ કહી સંભળાવ્યો.

હઝરત શયખ હાજી શરીફ ઝંદાનીએ સાંભળતાં જ કહ્યું, સુબ્હાનલ્લાહ ! આનાથી બેહતર શું હશે ! કે મારી સાત વરસોની સેવા ચાકરીના બદલામાં કોઈ ગરીબ હાજતમંદની જરૂરત પૂર્ણ થઈ જાય. એ ગરીબની સાથે શયખ તરત જ તે ગરીબને સાથે લઈને અગ્નિપૂજક પાસે પહોંચ્યા. તે મજૂસીએ શહેર કાઝી પાસે આપને લઈ જઈને શયખ પાસે ગુલામીનો પત્ર લખાવી લીધો અને આપ કરાર મુજબ મજૂસીને ત્યાં રાતની રખેવાળી કરવા લાગ્યા. સમયનો હાકિમ હઝરત શયખનો ચાહક હતો તેને જેવી આ બનાવની ખબર પડી તો સાત હજાર દીનાર તથા સાત હજાર દિરહમ આપની ખિદમતમાં મોકલી આપ્યા અને વિનંતિ કરી કે આ સાત હજાર દીનાર મજૂસીને આપીને તેનાથી મુક્તિ મેળવી લો અને સાત હજાર દિરહમ તમારી જરૂરત માટે વાપરો. શયખ હાજી શરીફ ઝંદાની رحمۃ اللہ علیہએ તે સર્વ દીનારો તથા દિરહમો ગરીબો જરૂરતમંદોમાં વહેંચી નાખ્યા અને ફર્માવ્યું કે મેં સાત વરસો સુધી આ મજૂસીની ખિદમતનો જે કરાર કર્યો છે એ તો મારે પૂરો કરવો જ છે !

અગ્નિપૂજક (મજૂસી)ને જ્યારે આ વાતની જાણ થઈ તો શયખને કહ્યું કે આપે આ ઓફરથી ફાયદો કેમ ન ઉઠાવ્યો જેનાથી આપ આ તકલીફથી બચી જાત ? શયખે કહ્યું, ''તમે આ મહેનત તથા તકલીફની કદર તથા લિજ્જતને શું જાણો ?! મારો રબ ગરીબી તથા મહેનતને પસંદ કરે છે અને હું મારા રબને પસંદ કરું છું, અને જેમાં એ રાજી હોય એમાં મારા માટે રાહત છે. અને તે દિલજોઈ (દિલ ખુશ કરનારા)ને પસંદ કરે છે અને દિલજોઈ કરનારાઓને પોતાની નેઅમતોથી નવાઝે છે.'' મજૂસીના દિલ પર હઝરત શયખની આ વાતોની એવી અધિક અસર પડી કે તેણે પોતાની ખુશીથી આપને તરત જ આઝાદ કરી આપ્યા અને કહ્યું કે દિલ લગાડીને તમારા રબનાં કામોમાં લાગી જાવ અને તેની રઝામંદી હાંસલ કરો. શયખે આ સાંભળીને તે મજૂસીને કહ્યું, જ્યારે તમે મને આઝાદ કરી આપ્યો છે તો અલ્લાહ તબારક વ તઆલા તમને પણ દોઝખની આગથી આઝાદ કરી આપે. મજૂસીએ જ્યારે આ દોઝખની આગથી મુક્તિની ખુશખબરી સાંભળી તો તેનું દિલ ઈસ્લામની તરફ એટલું આકર્ષિત થયું કે તે કલ્મએ તયબહ પઢીને સાચા દિલથી મુસલમાન થઈ ગયો અને શયખની તા'લીમો તર્બિયત તથા સોહબતના ફયઝથી થોડાક જ દિવસો બાદ કામિલ શયખ બની ગયો. *(સિયરુલ અક્તાબ)*

## ★ દુરવેશ તથા સંતો મારો કાપોવાળા નહીં પણ આવા હોય છે !! ★

અલ્લાહની મખ્લૂક (લોકો)ની જરૂરતો પૂરી પાડવાના બારામાં હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ જે જણાવે છે તેનાથી સંતપણાના રહસ્યો પણ ખુલે છે : ''દુરવેશી (સંતપણુ) એ વાતનું નામ છે કે તેની પાસે જે આવે તેને મેહરૂમ (વંચિત) ન કરવામાં આવે, જો ભૂખ્યો છે તો ખાવા ખવડાવવામાં આવે, નગ્ન છે તો ઉમદા કપડાં પહેરાવવામાં આવે, કોઈ સંજોગોમાં તેને ખાલી હાથે પરત કરવો ન જોઈએ તેનો હાલ પૂછીને તેના દિલને રાજી કરવું જોઈએ.'' *(દલીલુલ આરિફીન)*

હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہના દિલની અંદર બચપનથી જ મહબ્બત તથા હમદર્દી અને ગરીબનવાઝીની ભાવના મોજાં મારતી હતી. દૂધ પીવાના સમયગાળામાં પણ આપની અજબની શાન હતી. ઈતિહાસકારો લખે છે કે દૂધ પીવાના જમાનામાં પણ આપનો એ હાલ હતો કે જ્યારે કોઈ સ્ત્રી પોતાના દૂધ પીતા બાળક સાથે આપને ત્યાં આવતી અને દૂધને માટે તેણીનો બાળક જ્યારે રડવા લાગતો તો આપ તરત પોતાની મહેરબાન માને ઈશારો કરતા કે તેને દૂધ પીવડાવે. આપના વાલિદા મોહતરમા આ ઈશારો સમજી જતાં અને એ બાળકને દૂધ પીવડાવી દેતાં. એ બાળક જ્યારે દૂધ પીવા લાગતો તો આપ ઘણા જ ખુશ થતા અને સ્મિત કરવા લાગતા.

આપના બચપનનો જ એક બનાવ છે. સારાં કપડાંમાં સજ્જ થઈને આપ નમાઝ પઢવા ઈદગાહ જઈ રહ્યા હતા. રસ્તામાં જોયું કે એક અંધ બાળક ફાટેલાં પૂરાણાં કપડાં પહેરેલો છે. આપને એ જોઈને ઘણુ દુઃખ થયું. દિલ બેચૈન થઈ ગયું અને તરત પોતાનાં કપડાં ઉતારીને આપે તેને આપી દીધાં. ત્યાર બાદ તેને સાથે લઈને ઈદગાહ પહોંચ્યા અને તેને દરેક રીતે ખુશ કરતા રહ્યા.

પંદર વરસની ઉમરમાં જ્યારે એક બુઝુર્ગ શયખ ઈબ્રાહીમ કંદૂઝીના ફૈઝાન તથા નિગાહે કીમિયા અસરથી હઝરત ગરીબનવાઝની અંદર રૂહાની ઈન્કિલાબ (આધ્યાત્મિક ક્રાંતિ) આવી તો આપે પોતાનો બાગ તથા

પવનચક્કી જે આપની રોજીનો ઝરીયો હતી તેને પણ વેચી નાખી અને બાગ તથા પવનચક્કીથી મળેલ સર્વ રકમ ગરીબો મોહતાજોમાં વહેંચી નાખી.

## ★ સંતનુ કામ : ગેરવર્તન કરનાર સાથે સદ્વર્તન કરવું ! ★

એકવાર એક શખ્સ ગુસ્સાની હાલતમાં આવ્યો અને આપના એક મુરીદને પકડીને સખ્તીની સાથે પોતાના કરજની અદાયગીના માટે માગણી કરવા લાગ્યો. આપે તેને નરમીથી સમજાવ્યો કે જ્યારે આટલી ધીરજ રાખી છે તો થોડાક અધિકનો એને મોકો આપી દો તો એ તમારું કરજ અદા કરી આપશે. પણ તે શખ્સ અધિક અકળાવા લાગ્યો. છેવટે આપને પણ જલાલ આવી ગયો અને આપે આપની ચાદર જમીન પર બિછાવી દીધી જે અચાનક દીનાર તથા દિરહમોથી ભરાઈ ગઈ. તેને આપે ફર્માવ્યું, તમારી રકમ લઈ લો ! તેણે અસલ રકમથી કાંઈક અધિક લેવા ચાહ્યું તો તેનો હાથ સુન મારી ગયો તો તે રડવા આજીજી કરવા લાગ્યો. આપે તેની ભૂલ માફ કરી આપી અને બે રકાત નમાઝ પઢીને તેના માટે દુઆ કરી તો તેનો હાથ ઠીક થઈ ગયો અને તે આપનો અક઼ીદતમંદ (ચાહક) તથા ખિદમતગુઝાર બની ગયો. *(અઝ : હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી, સિયરુલ અક઼્તાબ)*

એક શખ્સ આપના પર હુમલાની નિય્યતે આપની પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે લાંબા અરસાથી ક઼દમ બોસી (પગો ચૂમવા)ની તમન્ના હતી, અલ્લાહનો શુક્ર છે કે આજે એ મહાન સદનસીબી મયસ્સર થઈ. આપે આદેશ આપ્યો કે જે નિય્યત સાથે આવ્યા છો તે કામ તમારું પૂર્ણ કરો ! તે શખ્સ આટલુ સાંભળતાં જ એટલો ભયભીત થઈ ગયો કે કાંપવા લાગ્યો અને જમીન પર પડીને આજીજી સાથે અરજ કરવા લાગ્યો, હુઝૂર ! મને ફલાણી વ્યક્તિએ આપને ક઼ત્લ કરવા મોકલ્યો છે, જો કે મારી એવી કોઈ નિય્યત ન હતી. આમ કહીને તેણે પોતાની બગલથી ખંજર કાઢયું અને આપની સામે રાખી દીધું. આપે તેને કહ્યું, કોઈનું નામ ન લો અને એનું રાઝ જાહેર ન કરો. તેણે ક઼દમોમાં માથુ રાખી દીધું અને કહેવા લાગ્યો, હું સજાને પાત્ર છું ! તમો હુકમ આપી દો કે લોકો મને મારી નાખે.

આપે આદેશ આપ્યો, **હે અઝીઝ ! અમારું કામ એ છે કે અમારી સાથે જે વ્યક્તિ બુરાઈથી વર્તે છે તેની સાથે અમે ભલાઈથી વર્તીએ છીએ.** અને તમે તો પોતાના તરફથી કોઈ બુરાઈ પણ નથી કરી. આમ કહીને આપે એનું માથુ ઉઠાવીને તેના માટે દુઆ કરી. તેનું દિલ બદલાય ગયું અને તે આપનો મોઅતક઼િદ (શ્રધ્ધાળુ ચાહક) તથા ખાદિમ બની ગયો. તેણે પાંત્રીસ હજો કરી અને મક્કા મુકર્રમામાં તેનો વિસાલ થઈ ગયો. *(સિયરુલ અક઼્તાબ)*

## ★ મઝલૂમ માની ફરિયાદરસી કરી પુત્ર જીવંત કરી દીધો ★

એક મઝલૂમ (જુલ્મ પીડિત) મા રડતી કકડતી બારગાહે હઝરત ખ્વાજા ગરીબ નમાઝ رحمۃ اللہ علیہમાં આવી. આપ એ વખતે વુઝૂ કરી રહ્યા હતા. સ્ત્રીએ કહેવાનું શરૂ કર્યું, ખુદાના વાસ્તે મારી ફરિયાદ સાંભળો ! શહેરના હાકિમે નાહક઼ મારા પુત્રને ફાંસી આપી દીધી છે. આપે તેની ફરિયાદ ધ્યાનપૂર્વક સાંભળી. જ્યારે યક઼ીન થઈ ગયું કે સ્ત્રીનું વર્ણન સાચુ છે, તો આપે આપની લાકડી હાથમાં લીધી અને ખાદિમો તથા મુરીદોને સાથે લઈને સીધા મૃત્યુ થયેલ પુત્રની પાસે પહોંચ્યા અને લાકડી વડે તેની ગરદનને સ્પર્શતાં ફર્માવ્યું, "હે મઝલૂમ ! જો તને વિના વાંકે મારવામાં આવ્યો છે તો અલ્લાહના હુકમથી જીવંત થઈ જા ! અને ફાંસીથી નીચે ઉતરી આવ." આ શબ્દો જીભેથી નીકળતાં જ તે મૃત્યુ પામેલ જીવતો સહી સલામત ફાંસીના તખ્તેથી નીચે આવી ગયો અને તરત જ

આપના કદમોમાં પડી ગયો. અને થોડીક વાર બાદ મા પુત્ર બંનેવ ખુશખુશાલ થઈને પોતાના ઘરે પરત થઈ ગયાં. *(સિયરુલ અકતાબ)*

## ★ ખેડૂતની મદદ માટે દિલ્હી જાતે પહોંચી ગયા ! ★

એક ખેડૂતના ખેતરમાંની પેદાવાર શહેરના હાકિમે લઈ લીધી અને કહ્યું કે શાહી ફર્માન વગર તમને આમાંથી કાંઈ જ હિસ્સો પરત મળશે નહીં. તે ખેડૂત ઈમદાદ તથા ફરિયાદ કરવા માટે હઝરત ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની બારગાહમાં હાજર થયો અને અર્ઝ કરી કે જો હુઝૂર પોતાના ખલીફા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہને સિફારિશી ખત (ભલામણ પત્ર) લખી આપો તો મારી આ પરેશાની કાયમ માટે ખત્મ થઈ જશે. આપે કાંઈક વિચારીને કહ્યું, જો કે ભલામણથી તમારો મકસદ આસાનીથી હલ થઈ જશે, પણ અલ્લાહ તઆલાએ તમારા કામના માટે મને નિશ્ચિત કરી આપ્યો છે જેથી તમો મારી સાથે દિલ્હી ચાલો.

રસ્તામાં એક મુસાફરને આપની અચાનક રવાનગીની જાણ થઈ તો તેણે તરત જ દિલ્હી પહોંચીને હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہને જાણ કરી દીધી. હઝરત કુત્બુદ્દીને સુલ્તાન શમ્સુદ્દીન અલ્તમશને આપના આગમનની ખબર આપી દીધી. તેણે દિલ્હીમાં આપનું શાહાના તથા શાનદાર સ્વાગત કર્યું.

હઝરત કુતુબ સાહબે આગમનનું કારણ પૂછયું તો આપે કહ્યું કે આ ખેડૂતના કામથી દિલ્હી આવવાનું થયું. તેમણે કહ્યું કે આ કામ તો અહીં ખાદિમો પણ કરી આપત, તેના માટે હુઝૂરે તકલીફ ઉઠાવવાની શું જરૂરત હતી ?! હઝરત ખ્વાજા ગરીબ નમાઝ رحمۃ اللہ علیہએ કહ્યું, આ ખેડૂત મારી પાસે આવ્યો તો ખૂબ જ ગમગીન હતો. મેં મુરાકબો કરીને દરબારે ખુદાવંદીમાં તેના માટે અર્ઝ કરી તો ગયબી હુકમ મળ્યો કે રંજો ગમમાં ભાગીદાર થવું અયન બંદગી છે, જેથી હું બંદગીના હક્કના સબબથી અહીં આવ્યો છું હઝરત કુત્બુદ્દીને રજૂઆત માટે સુલ્તાન શમ્સુદ્દીન અલ્તમશ પાસે જઈને ખેડૂતનો મામલો ખેડૂતના ફેવરમાં નિશ્ચિત કરાવ્યો.

## ★ સંત સૂફીની તા'લીમ આવી હોય છે ! ★

ઈન્સાન દોસ્તી અને શાને ગરીબ નવાઝીનો જલ્વો હઝરત ખ્વાજા મુઈનુલ હક્ક વદ્દીન ગરીબ નમાઝ ચિશ્તી અજમેરી رحمۃ اللہ علیہની આ તાલીમાત તથા હિદાયતમાં પણ મળે છે.

''મુસીબતમાં સપડાયેલા લોકોની ફરિયાદ સાંભળી, તેમને સાથ આપવો, હાજમંદોની જરૂરત પૂરી કરવી, ભૂખ્યાઓને ખાવા ખવડાવવું, કેદીઓને કેદથી છોડાવવા, આ વાતો અલ્લાહની નજીક ઘણો જ મહાન મર્તબો ધરાવે છે.''

ભૂખ્યાને ખાવા ખવડાવવાની ફઝીલત ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہએ દર્શાવી કે, ''જે ભૂખ્યાને ખાવા ખવડાવે છે તો અલ્લાહ તઆલા કયામતના દિવસે તે શખ્સ અને દોઝખના વચ્ચે સાત પર્દા આડા કરી આપશે, જેમાંથી દરેક પર્દા વચ્ચે પાંચસો વરસના જેટલુ અંતર હશે.'' આપ ફર્માવે છે કે મેં એક બુઝુર્ગથી સાંભળ્યું કે મહોબ્બતવાળા (સંતો)ની તૌબા ત્રણ પ્રકારની હોય છે : (૧) ગુનાહોથી શર્મિંદગી કરવી (૨) ગુનાહોને છોડી દેવું (૩) **પોતાની જાતને જુલ્મ** તથા **ઝઘડાથી પાક રાખવું.** *(દલીલુલ આરિફીન)*

પોતાના માટે દુનિયવી માલ સંપત્તિના બારામાં હઝરત ખ્વાજા ગરીબ નમાઝ તથા અન્ય સૂફીઓ તથા

મશાઈખનો જે મસ્લક (માન્યતા) હતો તે શયખુલ ઈસ્લામ હઝરત બાબા ફરીદુદ્દીન ગંજ શકર ચિશ્તી, ખલીફએ હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી ચિશ્તી દહેલ્વી رحمۃ اللہ علیہના આ ખયાલોથી જાહેર થાય છે.

"ઝકાત ત્રણ પ્રકારની હોય છે : ઝકાતે શરીઅત, ઝકાતે તરીકૃત, ઝકાતે હક્રીકૃત, તરીકૃતની ઝકાત એ છે કે બસો દિરહમ પોતાની પાસે રાખવામાં આવે અને બાકીનું સૌ ખુદાની રાહમાં ખર્ચી કાઢવામાં આવે. હક્રીકૃતની ઝકાત એ છે કે બધે બધુ જ ખુદાની રાહમાં આપી દેવામાં આવે અને પોતાની પાસે અલ્લાહ વ રસૂલના સિવાય કાંઈ પણ ન રાખવામાં આવે. *(સિયરુલ અક્ઙતાબ)*

અને અન્યોના સંબંધે આ પવિત્ર હસ્તીઓનો એ વર્તાવ હતો કે હઝરત કુત્બુલ અક્ઙતાબ ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી ચિશ્તી દહેલ્વી رحمۃ اللہ علیہ પોતાના મુર્શિદે તરીકૃત વ હક્રીકત, અતાએ રસૂલ, સુલ્તાનુલ હિંદ હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન સંજરી ચિશ્તી અજમેરી رحمۃ اللہ علیہના બારામાં પોતાનો આ અનુભવ વર્ણવે છે કે "મેં લાંબી મુદ્દત સુધી આપની ખિદમત કરી પણ કોઈ માગનારા (સાઈલ) કે ફક્રીરને કદી આપના દરવાજેથી મેહરૂમ (વંચિત) જતો નથી જોયો." *(મસાલિકુસ્સાલિકીન)*

સદીઓ પછી આજે પણ આપના આમ ફૈઝાન તથા શાને ગરીબ નવાઝીનો આ હાલ છે કે :

*ખ્વાજએ હિંદ વો દરબાર હૈ આ'લા તેરા–કભી મેહરૂમ નહીં માંગને વાલા તેરા*

*(કિતાબ : નુકૂસે ફિક્ર, અઝ : યાસીન અખ્તર મિસ્બાહીના સૌજન્યથી)*

## ★ આજે પણ સાચા સૂફી સંતોના દરબારોમાં સૌ કૌમો શરણ લે છે ! ★

આજે પણ દુનિયા જોઈ રહી છે કે સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہનો દરબાર હોય કે હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہના મઝાર પર ચાલ્યા જાવ કે પછી હઝરત નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہના મઝાર પર ચાલ્યા જાવ કે પછી હઝરત નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી رحمۃ اللہ علیہ કે પછી હિંદના અનેક રાજ્યોમાં આરામ કરી રહેલા બુઝુર્ગો જેમ કે ગુજરાતમાં હઝરત શાહે આલમ رحمۃ اللہ علیہ, કુત્બે આલમ رحمۃ اللہ علیہ, હઝરત શાહ વજીહુદ્દીન અલ્વી رحمۃ اللہ علیہ શું હઝરત ખ્વાજા મહમૂદ દરિયાઈ દુલ્હા બીરપુરી رحمۃ اللہ علیہ શું કે હઝરત કુતુબ દાદા કારંટવી رحمۃ اللہ علیہ શું કે હઝરત સૈયદ અલી મીરાં દાતાર رحمۃ اللہ علیہ, હઝરત બાવા ગોર رحمۃ اللہ علیہ, હઝરત બાવા રૂસ્તમ رحمۃ اللہ علیہ વગેરે વગેરે... અલ્લાહના વલીઓ આ સાચા સૂફી સંતો જાહેરી હયાતમાં પણ ખિદમતે ખલ્ક કરતા રહ્યા અને દુનિયાથી પર્દો કર્યા બાદ પણ કોઈ જાતિના ભેદભાવ વિના ગરીબો, મોહતાજો, દુઃખીયાઓની જોલીઓ ભરી રહ્યા છે, અને દરેક કૌમ ત્યાં અક્રીદતથી શ્રધ્ધાપૂર્વક હાજરી આપે છે. ત્યાં આમ લંગરોમાં લોકો ખાય પીએ છે, અને પોતાની મનની મુરાદો આ બુઝુર્ગોની દુઆઓથી પામી રહ્યા છે.

સારાંશ કે **સંતો બનનારા ખુંખાર, ઝઘડાળુ તથા અપશબ્દો બોલનારા તથા પબ્લિકમાં હંગામા તથા તોફાનો ખડાં કરાવનારા તથા ખૂના મરકી કરાવનારા નથી હોતા, એ કામ તો ગુંડા તત્વોનું હોય છે !** તો કહેવાતા સંતો સાચા સંત બનવા માગતા હોય તો ખ્વાજા ગરીબ નમાઝ رحمۃ اللہ علیہ તેમજ અન્ય ઈસ્લામના બુઝુર્ગોનાં જીવન ચરિત્રો વાંચે અને પોતાનામાં સુધાર લાવે, નહીં તો પોતાને સંત નહીં પણ બીજુ કાંઈક કહેવડાવે !



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

આ સૂરહમાં ૧૨૦ આયતો અને ૧૨૪૬૪ અક્ષરો છે.

يَسْـَٔلُوْنَكَ مَا ذَاۤ اُحِلَّ لَهُمْ ؕ قُلْ اُحِلَّ لَكُمُ الطَّيِّبٰتُ ۙ وَ
مَا عَلَّمْتُمْ مِّنَ الْجَوَارِحِ مُكَلِّبِيْنَ تُعَلِّمُوْنَهُنَّ مِمَّا
عَلَّمَكُمُ اللّٰهُ ۫ فَكُلُوْا مِمَّاۤ اَمْسَكْنَ عَلَيْكُمْ وَ اذْكُرُوا
اسْمَ اللّٰهِ عَلَيْهِ ۪ وَ اتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ سَرِيْعُ
الْحِسَابِ ۝ اَلْيَوْمَ اُحِلَّ لَكُمُ الطَّيِّبٰتُ ؕ وَطَعَامُ الَّذِيْنَ
اُوْتُوا الْكِتٰبَ حِلٌّ لَّكُمْ ۪ وَ طَعَامُكُمْ حِلٌّ لَّهُمْ ۫ وَ
الْمُحْصَنٰتُ مِنَ الْمُؤْمِنٰتِ وَ الْمُحْصَنٰتُ مِنَ الَّذِيْنَ
اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ اِذَاۤ اٰتَيْتُمُوْهُنَّ اُجُوْرَهُنَّ
مُحْصِنِيْنَ غَيْرَ مُسٰفِحِيْنَ وَ لَا مُتَّخِذِيْۤ اَخْدَانٍ ؕ وَ
مَنْ يَّكْفُرْ بِالْاِيْمَانِ فَقَدْ حَبِطَ عَمَلُهٗ ۫ وَ هُوَ فِي الْاٰخِرَةِ
مِنَ الْخٰسِرِيْنَ ۝ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِذَا قُمْتُمْ اِلَى
الصَّلٰوةِ فَاغْسِلُوْا وُجُوْهَكُمْ وَ اَيْدِيَكُمْ اِلَى الْمَرَافِقِ وَ
امْسَحُوْا بِرُءُوْسِكُمْ وَ اَرْجُلَكُمْ اِلَى الْكَعْبَيْنِ ؕ وَ اِنْ
كُنْتُمْ جُنُبًا فَاطَّهَّرُوْا ؕ وَاِنْ كُنْتُمْ مَّرْضٰۤى اَوْ عَلٰى سَفَرٍ
اَوْ جَآءَ اَحَدٌ مِّنْكُمْ مِّنَ الْغَآئِطِ اَوْ لٰمَسْتُمُ النِّسَآءَ

## સૂરએ માઈદાની તફસીર

હે મહબૂબ ! તમને પૂછે કે તેમના માટે શું હલાલ થયું ? તમે કહી આપો કે તમારા માટે પાક વસ્તુઓ[૮૩] હલાલ કરવામાં આવી. અને જે શિકારી જાનવર તમે કેળવી લીધાં[૮૪] તમે શિકાર પર દોડાવતાં, જે ઈલ્મ તમને ખુદાએ આપ્યું તેમાંથી તેમને શિખવતા, તો ખાઓ તેમાંથી જે તેઓ મારીને તમારા માટે રહેવા દે[૮૫] અને તેના પર અલ્લાહનું નામ લો.[૮૬] અને અલ્લાહથી ડરતા રહો, બેશક ! અલ્લાહને હિસાબ કરતાં વાર થતી નથી. (૪) આજે તમારા માટે પાક વસ્તુઓ હલાલ થઈ અને કિતાબવાળાઓનું ખાદ્ય[૮૭] તમારા માટે હલાલ છે. અને તમારું જમણ તેમના માટે હલાલ છે અને મુસલમાન[૮૮] ચારિત્રશીલ સ્ત્રીઓ તેમનામાંથી જેમને તમારાથી પહેલાં કિતાબ મળી જ્યારે તમે તેણીઓને મહેર આપો, બંધનમાં લાવીને[૮૯] મસ્તી કાઢવા નહીં, અને ન પરિચિત બનાવવા,[૯૦] અને જે મુસલમાનમાંથી કાફિર થયો, તેનું કર્યું કરાવ્યું બધું નિષ્ફળ ગયું અને આખિરતમાં ખોટવાળો છે[૯૧] (૫) હે ઈમાનવાળાઓ ! જ્યારે તમે નમાઝ માટે ઉભા થવા ઈચ્છો,[૯૨] ત્યારે પોતાનું મોઢું ધુઓ, અને કોણીઓ સુધી હાથ[૯૩] અને માથાઓનો મસહ

કરો[૯૪] અને ઘુંટીઓ સુધી પગ ધુઓ[૯૫] અને જો તમને નહાવાની આવશ્યક્તા હોય તો ખૂબ સ્વચ્છ બની જાવ[૯૬] અને જો તમે બીમાર હોવ, અથવા સફરમાં હોવ, અથવા તમારામાંથી કોઈ હાજતેથી આવ્યું, અથવા તમે સ્ત્રી સમાગમ કર્યો, અને આવા સમયે પાણી ન મળ્યું, તો પાક માટીથી તયમ્મુમ કરો. તો પોતાના મોઢા અને હાથોનો એનાથી મસહ કરો. અલ્લાહ નથી ઈચ્છતો કે તમારા પર કાંઈ તંગી મૂકે. હા ! એવું ઈચ્છે છે કે તમને ખૂબ સ્વચ્છ કરી દે, અને પોતાની નેઅમત તમારા પર સંપૂર્ણ કરી દે, કે ક્યાંક તમે આભાર માનો (૬)

## :: સમજૂતી ::

**૮૩** : જેમનું હરામ હોવું કુર્આન, હદીષ, ઉમ્મતની એકમતી અને કયાસથી પુરવાર થયેલું ગણાશે.

**મસ્અલો** : આથી જણાયું કે કોઈ વસ્તુ માટે હરામ હોવાની દલીલ ન હોવી પણ તેના હલાલ હોવાની દલીલ છે.

**શાને નુઝૂલ** : આ આયત અદી બિન હાતિમ અને ઝૈદ બિન મુહલહલ વિશે ઉતરી, જેમનું નામ હુઝૂર ﷺએ ઝૈદ અલ ખૈર પાડયું હતું. એ બન્ને સાહબોએ કહ્યું, "યા રસૂલલ્લાહ ! ﷺ અમે કૂતરા અને શકરા વડે શિકાર કરીએ છીએ, તો શું એ અમારા માટે હલાલ છે ?" ત્યારે આ આયત ઉતરી.

**૮૪** : ભલે પછી તે પ્રાણીઓમાંથી હોય જેમ કે કૂતરો અને ચિત્તો અથવા શિકારી પક્ષીઓમાંથી હોય જેમ કે શિકરો, બાઝ વગેરે. જ્યારે એમને એ રીતે કેળવી લેવામાં આવે કે જે શિકાર કરે તેમાંથી ખાય નહીં, અને શિકારી એમને દોડાવે, ત્યારે જ શિકાર પર દોડે, જ્યારે બોલાવે ત્યારે પાછા આવી

فَلَمْ تَجِدُوْا مَآءً فَتَيَمَّمُوْا صَعِيْدًا طَيِّبًا فَامْسَحُوْا بِوُجُوْهِكُمْ وَ اَيْدِيْكُمْ مِّنْهُ ۚ مَا يُرِيْدُ اللّٰهُ لِيَجْعَلَ عَلَيْكُمْ مِّنْ حَرَجٍ وَّ لٰكِنْ يُّرِيْدُ لِيُطَهِّرَكُمْ وَ لِيُتِمَّ نِعْمَتَهٗ عَلَيْكُمْ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿۶﴾

જાય. એવા શિકારી જાનવરોને 'મુઅલ્લમ' (ટ્રેઈન્ડ) કહે છે.

**૮૫** : અને પોતે તેમાંથી ન ખાય.

**૮૬** : આયતથી જે જાણવા મળે છે તેનો ટૂંકસાર એ છે કે જો માણસે કૂતરો, શકરો વગેરે શિકારી જાનવર શિકાર પર દોડાવ્યું, તો તેનો શિકાર અમુક શરતો સાથે હલાલ છે : (૧) શિકારી જાનવર મુસલમાનનું હોવું જોઈએ અને કેળવેલું હોવું જોઈએ. (૨) તેણે શિકારને ઝખ્મ કરીને માર્યું હોય. (૩) શિકારી જાનવર "બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર" બોલીને છોડવામાં આવ્યું હોય (૪) જો શિકારીને શિકાર જીવતો મળી આવે તો તેને "બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર" બોલીને ઝુબહ કરે. જો આ શરતોમાંથી એક શરત પણ રહી ગઈ તો હલાલ નહીં થાય. દા.ત. શિકારી જાનવર કેળવેલું ન હોય, અથવા તેને ઝખ્મ ન કર્યો હોય, અથવા શિકાર પર દોડાવતી વખતે બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર ન બોલ્યો હોય, અથવા શિકાર જીવતો મળવા છતાં તેને ઝુબહ ન કર્યો હોય, અથવા કેળવેલા સાથે બિન કેળવેલું જાનવર શિકારમાં ભળ્યું હોય, અથવા એવું શિકારી જાનવર ભળી ગયુ હોય જેને '''બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર" બોલીને ન છોડયું હોય, અથવા શિકારી જાનવર મજૂસી કાફિરનું હોય. આ બધી રીતે શિકાર હરામ છે.

**મસ્અલો** : તીરથી શિકાર કરવાનો પણ એ

જ હુકમ છે. જો "બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર" બોલીને તીર માર્યું, અને તેનાથી શિકાર ઝખ્મી થઈને મરી ગયો, તો હલાલ અને જો મર્યો ન હોય તો ફરી તેને "બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર" બોલીને ઝુબહ કરે. જો તેના પર બિસ્મિલ્લાહ ન બોલ્યો, અથવા તીરનો ઝખ્મ તેને ન લાગ્યો અથવા જીવતો મળવા છતાં તેને ઝબહ ન કર્યો, તો એ બધી રીતે તે હરામ છે.

૮૭ : અર્થાત તેમનાં ઝબહ કરેલાં જાનવરો.

**મસ્અલો** : મુસ્લિમ અને કિતાબીનું ઝબહ કરેલું હલાલ છે, તે પુરૂષ હોય કે સ્ત્રી હોય કે બાળક.

૮૮ : નિકાહ કરવામાં સ્ત્રીના ચરિત્રનો ખ્યાલ રાખવો મુસ્તહબ છે, પણ નિકાહ સહીહ થવા માટે શરતરૂપ નથી.

૮૯ : નિકાહ કરીને.

૯૦ : અયોગ્ય રીતે મસ્તી કાઢવાનો મતલબ બેધડક વ્યભિચાર કરવાનો છે, અને પરિચિત બનાવવાનો મતલબ છુપી રીતે ઝિના કરવાનો છે.

૯૧ : કારણ કે મુરતદ બનવાથી તમામ કર્મો નિષ્ફળ થઈ જાય છે.

૯૨ : અને તમે વઝૂ વગરના હોવ તો તમારા પર વુઝૂ ફર્ઝ છે અને વુઝૂના ફર્ઝ ચાર છે જે આગળ વર્ણવ્યા છે.

**ફાયદો** : સૈયદે આલમ ﷺ અને આપના અસ્હાબને દરેક નમાઝ માટે નવું વુઝૂ કરવાની ટેવ હતી, જો કે એક વુઝૂ વડે ઘણી નમાઝો ફર્ઝ અને નફ્લ પઢી શકાય છે. પણ દરેક નમાઝ માટે અલગ વુઝૂ કરવું ઔર વધારે બરકત અને સવાબનું કારણ બને છે. અમુક તફસીરકારોનું કહેવું છે કે ઈસ્લામના ઉદય સમયમાં દરેક નમાઝ માટે નવુ વુઝૂ કરવું ફર્ઝ હતું પછી એ હુકમ ઉઠાવી લેવાયો, અને જ્યાં સુધી વુઝૂ તુટે નહીં ત્યાં સુધી એક જ વુઝૂથી ફર્ઝ અને નફ્લ પઢવું જાઈઝ ઠર્યું.

૯૩ : કહોણીઓ પણ ધોવાના હુકમમાં દાખલ છે, જેમ કે હદીષથી સાબિત છે. મોટાભાગના ઉલમા એ જ મંતવ્ય પર છે.

૯૪ : માથાના ચોથા ભાગનો મસહ ફર્ઝ છે, અને એ મુગીરાની હદીષથી સાબિત છે. એ હદીષ આ આયતનું જ બયાન કરે છે.

૯૫ : આ વુઝૂનો ચોથો ફર્ઝ છે, સહીહ હદીષમાં છે કે, સૈયદે આલમ ﷺએ અમુક લોકોને પગો પર મસહ કરતાં જોયાં તો મનાઈ કરી. અને અતા (મુહદિષ) કસમ ખાઈને કહે છે કે અસ્હાબે રસૂલમાંથી કોઈએ વુઝૂમાં પગો પર મસહ કર્યો હોય એવું મારી જાણમાં નથી.

૯૬. **મસ્અલો** : જનાબત (જેનાથી નહાવાનું ફર્ઝ થાય છે)થી પૂરેપૂરી તહારત (પાકી) આવશ્યક બને છે. જનાબત કદી જાગૃત અવસ્થામાં શેહવત (વાસના)ની હાલતમાં મની કૂદીને નીકળે ત્યારે છે. અને ક્યારેક ઊંઘમાં એહતેલામથી થાય છે, જેના પછી તેનો અસર મળી આવતો હોય. અને જો સ્વપ્ન તો યાદ છે પણ ભીનાશ નથી (અને સૂકો ડાઘ પણ નથી) તો નહાવું વાજિબ નહીં થાય. અને કદીક જનાબત બંને માર્ગોમાંથી કોઈ એકમાં જનેન્દ્રિયનું માથુ પેસી જવાથી (સંભોગ) કરનાર કરાવનાર બંનેને થાય છે, ભલે પછી મની નીકળી હોય કે ન નીકળી હોય, **આ બધી રીતે જનાબત લાગુ પડે છે, એનાથી ગુસ્લ વાજિબ બને છે.**

**મસ્અલો** : હૈઝ અને નિફાસથી પણ ગુસ્લ વાજિબ થાય છે. હૈઝનો મસ્અલો સૂરએ બકરહમાં પસાર થઈ ગયો. અને નિફાસથી ગુસ્લ વાજિબ થવું ઉમ્મતની એકમતીથી સાબિત છે. *(ક્રમશઃ)*

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

# દર્સે હદીષે પાક એટલે મિર્અતુલ્ મનાઝીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-ર)

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફતી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

*"હઝરત અબૂ હુમૈદ સાઅદીથી,[૧] તેમણે રસૂલુલ્લાહ ﷺના સહાબીઓની એક જમાઅતમાં ફર્માવ્યું કે હું હુઝૂર ﷺની નમાઝનો તમારાં કરતાં અધિક હાફિઝ છું. મેં હુઝૂર ﷺને જોયા, જ્યારે તકબીર કહેતા તો પોતાના હાથ પોતાના ખભાઓના સમાંતરે કરતા[૨] અને જ્યારે રુકૂઅ કરતા તો પોતાના હાથો વડે ગુઠણોને મજબૂત પકડતા[૩] પછી પોતાની પીઠ ઝુકાવતા. પછી જ્યારે માથુ ઉઠાવતા તો સીધા ઉભા થઈ જતા, ત્યાં સુધી કે દરેક સાંધો તેના સ્થાને પરત થઈ જતો. પછી જ્યારે સજદો કરતા તો પોતાના હાથો એ પ્રમાણે રાખતા ન બિછાવતા ન સમેટતા[૪]. અને પગોની આંગળીઓનાં માથાં ક઼િબ્લા રૂખ કરતા[૫] પછી જ્યારે બે રકાતોમાં બેસતા તો પોતાના ડાબા પગ પર બેસતા અને જમણો ઉભો રાખતા. પછી જ્યારે છેલ્લી રકાતમાં બેસતા તો પોતાનો ડાબો પગ આગળ કાઢતા અને બીજો પગ ઉભો રાખતા અને બેઠક પર બેસતા[૬]." (બુખારી)*

**૧.** આપનુ નામ અબ્દુર્રહમાન અથવા કાંઈ અન્ય છે. બની સાઅદા ક઼બીલાના છે. અન્સારી છે. પોતાના ગામમાં રહેતા હતા. હુઝૂર ﷺની ઝિયારત (મુલાકાત) માટે આવ્યા કરતા હતા. એટલા માટે એ મોક઼ા પર સહાબીઓએ આશ્ચર્ય રૂપે પૂછયું, હે અબૂ હમીદ ! તમને હુઝૂર ﷺની અધિક સોહબત મયસ્સર ન થઈ તો તમે હુઝૂર ﷺની નમાઝથી અધિક વાકેફ કેવી રીતે થઈ ગયા ? જેવું કે અબૂ દાઊદની રિવાયતમાં છે.

**૨.** એ રીતે કે હાથનાં કાંડાં ખભાઓની સમાંતરે હોતાં અને અંગૂઠાઓ કાનોના સમાંતરે. જેથી આ હદીષ મુસ્લિમ તથા બુખારીની રિવાયતની વિરુદ્ધ નથી જે હમણા આવી રહી છે, જેમાં એવું છે કે હુઝૂરે અન્વર ﷺ પોતાના હાથોને કાનો સુધી ઉઠાવતા હતા. કેમ કે ત્યાં અગૂંઠા મુરાદ છે. **જે લોકો ખભાઓથી અંગૂઠા લગાડે છે તેઓ આ હદીષ પર અમલ નથી કરી શકતા. હનફીઓનો અમલ એના પર પણ છે અને એના પર પણ. જેથી આ હદીષ હનફીઓની તદ્દન વિરુદ્ધ નથી બલ્કે એના માફક છે.** કાનો સુધી હાથ ઉઠાવવાની પૂરી ચર્ચા અમારી કિતાબ 'જા અલ્ હક્ક઼' ભાગ-રમાં જુઓ, જ્યાં એના પર આ હદીષ વર્ણન કરવામાં આવી છે. હદીષોને ભેગી કરવી જરૂરી છે ન કે કોઈ હદીષને છોડવી.

**૩.** એ રીતે કે આંગળીઓ ફેલાવીને ગુઠણોને મજબૂતીથી પકડી લેતા અને હાથોને સીધા રાખતા અને એના પર પીઠનું પૂરુ વજન આપી દેતા. બંનેવ હાથ શરીફ, કમાનની જેમ વાંકા ન કરતા.

**૪.** એટલે કે **ન તો સજદામાં જમીન પર કોણીઓ લગાડતા અને ન બાવડાં પાંસળીઓથી મિલાવી દેતા, બલ્કે હાથોને અલગ રાખતા.**

**૫.** એ રીતે કે સજદામાં પગનાં બેડકાં નીચે જમાવીને જમીન પર રાખતા જેનાથી પગોની દરેક આંગળીનો

કિનારો (ટોચ) કિબ્લાની દિશામાં થઈ જતો. **યાદ રાખશો કે પગોની એક આંગળીનું પેટ જમીનથી લાગવું ફર્ઝ છે, અને ત્રણ આંગળીઓનું પેટ લાગવું વાજિબ, અને દસેવનું લાગવું સુન્નત છે.** આજે સામાન્યતઃ નમાઝી એનાથી બેખબર છે ! ક્યાં તો બંનેવ પગો સજદામાં ઉઠાવેલ રાખે છે અથવા આંગળીઓની ટોચ લગાડે છે, એનાથી નમાઝ તદન થતી નથી.

**૬.** આ વાક્ય ઈમામ શાફઈની દલીલ છે. તેઓ બીજી અત્તહિય્યાતમાં આ જ પ્રમાણે બેસે છે. એનો જવાબ અમો અત્યારે વર્ણવી ચૂક્યા છીએ કે એવું બેસવું વૃદ્ધાવસ્થા અથવા કોઈ બીમારી વગેરે કમજોરીની હાલતમાં હતું. સામાન્ય સ્થિતિમાં દરેક અત્તહિય્યાતમાં ડાબા પગ પર જ બેસતા હતા. અમે આ રીતે બેસવાની અઢાર હદીષો અમારી કિતાબ 'જાઅલ હક્ક' ભાગ–૨માં જમા કરી છે, જેમાંથી મુસ્લિમ શરીફની રિવાયત હમણા વર્ણન થઈ ગઈ. આ મસ્અલાનો ત્યાં અભ્યાસ કરો ત્યાં સુધી કે બુખારી, અબૂ દાઊદ, નિસાઈ, માલિકે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضوان الله تعالىٰ عليهم اجمعين થી રિવાયત કરી કે તે ફર્માવે છે, **સુન્નત એ છે કે જમણો પગ ઉભો કરો અને ડાબા પગ પર બેસો.** તો મેં કહ્યું, આપ ખુદ એવું કેમ નથી કરતા ? તો ફર્માવ્યું, મારા પગો મારો બોજ નથી ઉઠાવતા.

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ જ્યારે નમાઝ શરૂ કરતા તો પોતાના બંનેવ હાથ ખભાઓના સમાંતરે ઉઠાવતા[1]. અને જ્યારે રુકૂઅની તકબીર કહેતા અને જ્યારે રુકૂઅથી માથુ ઉઠાવતા તો એ જ પ્રમાણે હાથ ઉઠાવતા અને કહેતા سمع الله لمن حمده ربنا لك الحمد અને સિજદામાં એવું ન કરતા[2]."*

*(મુસ્લિમ, બુખારી)*

**૧.** એની શરહ અત્યારે વર્ણન થઈ ચૂકી કે **કાંડાં ખભાઓ સુધી રહેતાં અને અંગૂઠા કાનો સુધી.**

**૨.** આ હદીષથી એ તો જાણવા મળ્યું કે હુઝૂર ﷺ એ રુકૂઅમાં જતાં જતાં રફએ યદૈન કર્યું પણ એ વર્ણન નથી કર્યું કે છેલ્લા સમય સુધી કર્યું. **સાચુ એ છે કે રફએ યદૈન મન્સૂખ છે.** જેમ કે અયની શરહે બુખારીમાં છે કે સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેરે એક શખ્સને રુકૂઅમાં જતાં આવતાં રફએ યદૈન કરતાં જોયો તો ફર્માવ્યું, એવું ન કરો, **આ તે કામ છે જેને હુઝૂર ﷺ એ શરૂમાં કર્યું હતું પછી છોડી આપ્યું.** તેમજ સૈયદના ઈબ્ને મસ્ઊદ, ઉમર ઈબ્ને ખત્તાબ, અલીયે મુર્તઝા, બરાઅ ઈબ્ને આઝિબ, હઝરત અલ્કમા વગેરે ઘણા સહાબા કે જેઓ રફએ યદૈન કરતા ન હતા અને કરનારાઓને મના કરતા હતા. તેમજ ઈબ્ને અબી શયબા અને તહાવીએ હઝરત મુજાહિદથી રિવાયત કરી કે **મેં હઝરત ઈબ્ને ઉમરની પાછળ નમાઝ પઢી તો આપે તકબીરે ઉલા સિવાય કોઈ વખતે હાથ ન ઉઠાવ્યા.** જાણવા મળ્યું કે સૈયદના ઈબ્ને ઉમરની નજીક રફએ યદૈન મન્સૂખ છે. તેમજ કિતાબ આફતાબે મુહમ્મદીમાં છે કે હઝરત ઈબ્ને ઉમરની હદીષ અમુક રિવાયતોથી નક્લ થયેલી છે જેમાંથી એક રિવાયતમાં યૂનુસ છે જે સખ્ત ઝઈફ છે. બીજી અસ્નાદમાં અબૂ ક્લાબા છે જે ખારજી મઝહબવાળો હતો. (જુઓ તહઝીબ) ત્રીજી અસ્નાદમાં અબ્દુલ્લાહ છે, એ પાકો રાફઝી હતો. ચોથી અસ્નાદમાં શોએબ ઈબ્ને ઈસ્હાક્ છે જે મુર્જિયા મઝહબનો હતો. સારાંશ કે **રફએ યદૈનની હદીષોની મોટાભાગની અસ્નાદોમાં બદ્મઝહબ, ખાસ કરીને રાફઝી ઘણા સામેલ છે.** કેમ કે એ એમનો અમલ છે. શક્ય છે કે રાફઝીઓના તકીયાના કારણે ઈમામ બુખારીને પણ પતો ન લાગ્યો હોય, જેથી **હનફી મઝહબ ખૂબ જ મજબૂત છે કે નમાઝોમાં તકબીરે તહરીમા સિવાય અન્ય ક્યાંય રફએ યદૈન કરવામાં ન આવે.** એની સંપૂર્ણ તેહકીક્ અમારી કિતાબ 'જાઅલ હક્ક' ભાગ–૨માં જુઓ.

# હ઼દાઈક઼ે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**તજલ્લીએ હક઼્ક઼ા સેહરા સર પર–સલાતો તસ્લીમકી નિછાવર**
**દો રવૈયા ક઼ુદ્સી પરે જમાકર–ખળે સલામી કે વાસ્તે થે**

**અર્થાત :** સરકારે મદીના ﷺના સરે અન્વર પર જલ્વએ હક઼્નો નૂરાની સેહરો બાંધવામાં આવ્યો અને જન્નતી હૂરોએ દુરૂદો સલામનાં ફૂલો નિછાવર કર્યાં અને જે જે રસ્તેથી હુઝૂર ﷺની સવારી ગુજરી બંને બાજુ ફરિશ્તાઓએ ઉભા રહીને શબે મેઅરાજના દુલ્હાને સલામી પેશ કરે. الدنیا مزرع الآخرۃ દુનિયા આખેરતની ખેતી છે. દુનિયાના બાદશાહની સવારી પસાર થવાની હોય તો એ જ પ્રમાણે કરે છે કે કોઈ ફૂલ નિછાવર કરે છે તો કેટલાક રસ્તાની બંને બાજુ ઉભા રહીને સ્વાગત કરે છે. કોઈ હટો ખસોની બૂમો પાડી રહ્યો છે અને :

*મેઅરાજકે દુલ્હા આતે હૈં–જિબ્રઈલ મુનાદી કરતા હૈં*

**જો હમ ભી વાં હોતે ખાકે ગુલશન–લિપટકે ક઼દમોંસે લેતે ઉતરન**
**મગર કરેં ક્યા નસીબમેં તો–યહ નામુરાદીકે દિન લિખે થે**

**અર્થાત :** હે કાશ ! કે આપણે પણ ત્યાં હોત તો જે ગુલશનથી સરકાર પસાર થયા એની જમીનની માટી બનીને હુઝૂર ﷺના ક઼દમોથી લપેટાઈ જાત અને અર્ઝ કરતા કે જો તમારુ ધોવણ જન્નતને અતા કર્યું છે તો તમારો ઉતરન (ઉતરેલો લિબાસ) અમને અતા ફર્માવો. આપણા આક઼ા ﷺ જરૂર આપણી વાત માની જાત. અને જો ઉતરન ન પણ મળત તો નઅલૈને પાક મળી જાત જેને આપણે આપણા માથાનો તાજ બનાવી લેત.

*જો સરપે રખનેકો મિલ જાએ નઅલે પાકે હુઝૂર–તો ફિર કહેંગે કે હાં ! તાજદાર હમ ભી હૈં*

પરંતુ આપણા એટલાં નસીબ ક્યાં કે આપણા જેવા નકામા એ નઝારો કરતા ! આપણા નસીબમાં આ જ નાકામીમાં ખાક છાનવાના દિવસ લખેલા છે. ક્યાં તે પાક જાત અને ક્યાં આપણે નકામા !

**અભી ન આયે પુશ્તે ઝીં તક કે સર હુઈ મગફિરત કી સલક**
**સદા શફાઅતને દી મુબારક ગુનાહ મસ્તાના ઝુમતે થે**

*(પુશ્તે ઝીં = સવારીની ઝીન. સલક = ટોપોની સલામી)*

**અર્થાત :** બસ ! પછી શું હતું ? અલ્લાહના મહબૂબ ﷺ સવારી (બુર્રાક) પર સવાર થવાના જ હતા કે ટોપોનો અવાજ આવવા લાગ્યો, જે એ વાતની નિશાની હતી કે આપની ઉમ્મતની બખ્શિશ થઈ ગઈ અને શફાઅતે ખુદ આગળ વધીને હુઝૂર ﷺને મુબારકબાદ આપી કે જે ઉમ્મતના માટે આપ રડી રડીને દુઆઓ કરતા રહ્યા,

મુબારક થજો તેનું કામ બની ગયું ! આ બાજુ ઉમ્મતના ગુનેહગારોને જ્યારે એ ખબર પહોંચી તો તેમણે વજદમાં આવીને મસ્તોની જેમ ઝુમવાનું શરૂ કરી આપ્યું અને ગુનાહોએ પણ ખુશી મનાવી કે જો ગુનેહગારોની બખ્શિશ ન થાત તો અમારા કારણે આ ગુનેહગાર અઝાબમાં સપડાય જાત, જેનાથી અલ્લાહના મહબૂબ પરેશાન થાત. તો શુક્ર છે કે અમે હુઝૂર ﷺની પરેશાનીનો સબબ બનવાથી બચી ગયા.

**શબે મેઅરાજમાં ઉમ્મતની યાદ :** કોઈ પંજાબી શાઈરે આ રિવાયતનો તર્જુમો કર્યો જેમાં છે કે આપ સવારી (બુર્રાક) પર સવાર થતા પહેલાં અટકયા અને જિબ્રઈલે અમીન علیہ السلામને ફર્માવ્યું : (શેઅરનો અર્થ) : કે આજે હું તો બુર્રાક પર સવાર થઈને અલ્લાહને ત્યાં ચાલ્યો જઈશ, પરંતુ કાલે મારી ઉમ્મત મેહશરનો દિવસ પચાસ હજાર વરસનો અને પુલસિરાત ત્રીસ હજાર વરસનો કેવી રીતે પસાર કરશે ? પહેલાં એની વ્યવસ્થા કરો ! જેથી જિબ્રઈલે અમીનને અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે મારા હબીબ ﷺને અર્ઝ કરી આપ કે હે મહબૂબ ! પરેશાન ન થા, તારી ઉમ્મત કૃબ્રોએથી બાદમાં નીકળશે પણ સવારીઓ પહેલેથી ત્યાં ઉભી હશે. જેમ કે તફસીરે જલાલૈનમાં આયત : یوم نحشر المتقین الی الرحمن وفدا હેઠળ લખ્યું છે કે હુઝૂર ﷺની ઉમ્મત કૃબ્રોની નીકળીને સવારીઓ પર સવાર થશે અને જન્નતમાં જશે.

وفدا એ الجنة راکبین حتی یقرعون باب الجنة ای یخرجون من القبور راکب نું બહુવચન છે وافد ના અર્થમાં.
*(હાશિયા જલાલૈન)*

એટલા માટે હુકમ છે કે કુર્બાનીનું જાનવર અયબદાર ન હોય, કેમ કે એ કૃયામતના રોજ તમારી સવારી બનશે. તેની દષ્ટિ ખરાબ ન હોય નહીં તો કુર્બાની થશે નહીં. જ્યારે ખરાબ આંખવાળા જાનવરની કુર્બાની નથી થઈ શકતી, તો કાણો દજ્જાલ મિર્ઝા કૃાદયાની નબી કેવી રીતે થઈ શકે છે ?! જેઓ એવાને નબી માને છે, યકીનન ! એ મુર્તદોનું ઈમાન ખરાબ જ તો છે. વળી જો જાનવર એક આંખવાળુ હશે તો પોતાના સવારને તલાશ કેવી રીતે કરશે કે આ મારો સવાર છે. ક્યાંક એવું ન બને કે આપ એની ખરાબ આંખની સાઈડ પર આવી જાવ અને તે આપની પાસેથી પસાર થઈ જાય. ન તમને ખબર પડે કે આ મારી સવારી છે ન તેને ખબર પડે કે આ મારો સવાર છે !

પંજાબી શાઈરના આગલા શેઅરો આ પ્રમાણે છે : (અર્થ) કે હે મહબૂબ ! ﷺ હવે વાર ન લગાડો, મારી મહેમાની જોવા માટે અર્શ પર આવો ! જન્નતની ચાવીઓ આપના હાથમાં આપી દઈશ, જેવું ચાહો તેવું કરો, સર્વ જહાન આપના પર કુર્બાન ! જે માગો આપને અતા થશે. *(આ રિવાયત રૌઝતુલ અઝહાર, પેજ નં. ૨૦૯ પર જોઈ શકાય છે)*

હે મુસલમાનો ! વિચારો ! આપણા આકૃા ﷺ આપણા માટે શું શું કરે છે? ને કેવળ બુર્રાક્ પર સવારીના સમયે બલ્કે અર્શ પર જઈને પણ આપણને ન ભૂલ્યા. એટલા માટે અલ્લાહ તઆલાએ સૂરએ નજ્મમાં ફર્માવ્યું, ماضل صاحبکم તમારા સાહબ ન ભટકયા ન ભૂલ્યા." યા અલ્લાહ ! એવું કેમ ન ફર્માવ્યું કે મારો નબી, મારો રસૂલ ન બહેક્યો ! કેવળ એટલા માટે કે બોલાવ્યા તો ખુદાએ જ હતા પણ ત્યાં જઈને પણ ગુનેહગાર ઉમ્મતને યાદ કરતા રહ્યા.

એક પંજાબી શાઈર આ પ્રસંગ પર આ પ્રમાણે કહે છે : (અર્થ) હે મુસલમાન ! વિચાર કર ! તારો નબી પેદા થયો તો માથુ સિજદામાં રાખીને رب ھب لی امتی "રબ્બે હબ્લિ ઉમ્મતી" કહેતો રહ્યો. "હે અલ્લાહ ! મારી ઉમ્મતને બખ્શી આપ !" યુવાન થયો તો ગુફાઓમાં જઈ જઈને રડી રડીને તારા ગુનાહોને બખ્શાવતો રહ્યો, અને એવું દર્દની સાથે રડતો કે ચરવાહાની બકરીઓ ઘાસચારો ખાવાનું ત્યજી દેતી અને પરેશાની થઈ જતી. જેવું કે

એક રિવાયતમાં આવ્યું છે. પછી અલ્લાહે મેઅરાજની રાતે અર્શ પર બોલાવ્યા તો ત્યાં શું થયું ?! જ્યારે બુર્રાક઼ પણ નીચે રહી ગયો, જિબ્રઈલ પણ સિદરા પર રોકાય ગયા. ઝુખરફ પણ જવાબ આપી ચૂક્યો તો :

*તહે અર્શ સજદેમેં સરકો ઝુકાયા–બિખરકર કે ઝુલ્ફોંને યહ રંગ લાયા*
*યહ કહ કર ખુદાને નબીકો ઉઠાયા–કે પ્યારે તેરે ગેસૂ ક્યા માંગતે હૈં*
*યહ સુનકર કહા મુસ્તફાને, ઈલાહી !–યહ કહતી મેરે ગેસૂઓંકી સિયાહી*
*સિયાહ બખ્ત ઉમ્મતકી કર દે રિહાઈ–ઈલાહી ! યહ ગેસૂ દુઆ માંગતે હૈં*
*ખુદાને કહા તૂ ન ગભરા મુહમ્મદ (ﷺ)–મેરે સામને અર્શ પર આ મુહમ્મદ (ﷺ)*
*તૂ ચાહે જૈસે બખ્શવા મુહમ્મદ–કે પ્યારે તેરી હમ રઝા ચાહતે હૈં ﷺ*

જેથી ઉમ્મતી થવાનો તક઼ાઝો એ છે કે હુઝૂર ﷺએ જો એકવાર પણ આપણને યાદ કર્યા હોત તો આપણે આપણા આક઼ાને એકવારની યાદગીરીના શુક્રાનામાં હજાર વાર પણ યાદ કરીને દુરૂદો સલામ પઢતા રહેતા તો ઓછુ નથી.

*જિન કે લબ પર રહા ઉમ્મતી ઉમ્મતી–યાદ ઉન્કી ન ભૂલો 'નિયાઝી' કભી*
*વો કહેં ઉમ્મતી, તૂ ભી કહ યા નબી !–મેં હાઝિર તેરી ચાકરી કે લિયે*

મુહદ્દિષે આ'ઝમ પાકિસ્તાન મૌલાના સરદાર અહમદ رحمۃ اللہ علیہ ફર્માવ્યા કરતા હતા કે અમે નારએ રિસાલત એટલા માટે લગાડીએ છીએ કે હુઝૂરે આપણને પેદા થતાં જ યાદ કર્યા. જો આપણે પેદા થવાથી લઈને મૃત્યુ સુધી હુઝૂર ﷺના આ એકવાર "ઉમ્મતી" ફર્માવવાના જવાબમાં પૂરી જિંદગી યા રસૂલલ્લાહ ! ﷺ કહેતા રહીએ તો આપના એકવાર "યા ઉમ્મતી" કહેવાનો શુક્રિયા નથી અદા કરી શકતા.

આ પરથી એક વાત બેનમાઝી નામ માત્રના ગુલામીએ રસૂલનો દાવો કરવાવાળાઓના માટે પણ જાણવા મળે છે કે આપણા આક઼ા ﷺ તો તે છે જે પેદા થતાં જ સિજદો કરે છે અને આપણે ૫૦–૫૦ વરસના થઈને પણ સિજદો નથી કરતા તો એવા ઉમ્મતીને એવા આક઼ા સાથે શું નિસ્બત હોય શકે છે ?! અથવા એવું સમજો કે શૈતાને આદમ علیہ السلامને એક સિજદો કરવાથી ઈન્કાર કરી આપ્યો તો ક઼યામત સુધીના માટે લઅનતી થઈ ગયો અને આપણે જો દરરોજ પાંચ નમાઝોના સર્વ સજદા છોડી દઈએ તો શું તેમ છતાં પણ આપણે મહબૂબ જ રહીશું ?! અથવા આ રીતે પણ કહી શકાય છે કે કેવળ નારાની હદ સુધી તો આપણે કહીએ છીએ કે "ગુલામીએ રસૂલમેં મૌત ભી કુબૂલ હૈ." પરંતું મૌત તો બહુ મોટી આફત છે, એની વાત તો જવા દો, શું "ગુલામીએ રસૂલમાં નમાઝ પણ ક઼બૂલ છે કે નહીં ?!" જ્યારે ગુલામીએ રસૂલમાં દાઢીના અમુક વાળો આપણે આપણા ચહેરા પર નથી સજાવી શકતા અને એ નૂરાની વાળોનો "બોજ" આપણાથી નથી ઉઠાવી શકાતો, તો મૌતની વાત કરવી અને ઉંચા ઉંચા દાવા કરવામાં આપ પોતે જ અંદાઝો લગાડી લો કે આપણે ક્યાં સુધી સાચા છીએ.

હે પોતાની આખેરતને ભૂલી જવાવાળા હુઝૂરના નામ માત્રના આશિક઼ ઉમ્મતીઓ ! જો આ અમુક વાતો વાંચીને તમારા દિલમાં કાંઈક એહસાસ પેદા થયો છે અને હુઝૂર ﷺની ઉમ્મત પર આટલા પ્રમાણમાં મહેરબાની તથા ખૈરખ્વાહીના બદલામાં કાંઈક અમલ કરવાનો જઝબો પેદા થયો છે તો અમુક વાતો મેઅરાજ શરીફના હવાલાથી આપની સમક્ષ રાખી રહ્યો છું. ખુદારા ! સાચા આશિક઼ બનો અને અમલ કરવાની કોશિશ કરીને દોઝખનું બળતણ બનવાથી બચી જાવ, નહીં તો આ મન્ઝરને ન ભૂલશો કે :

*જબ સરે મેહશર વો પૂછેંગે બુલાકર સામને–ક્યા જવાબે જુર્મ દોગે તુમ ખુદાકે સામને*

આ તે બનાવો છે જે થશે તો કયામત પછી પરંતું આપણા ફાયદાના માટે અલ્લાહ તઆલાએ કયામતના બાદવાળા બનાવો હુઝૂર ﷺને મેઅરાજ શરીફની રાતમાં જ દેખાડી આપ્યા, જેથી જ્યારે હુઝૂર ﷺ જમીન પર જઈને ફર્માવશે કે હું ખુદ મારી આંખો વડે આ પ્રકારનાં કામો કરવાવાળા લોકોને આવા આવા અઝાબમાં જોઈને આવ્યો છું, તો પછી કોઈ કાફિર જ હશે જે મહબૂબે ખુદા ﷺની આવી પાકી તથા જોયેલી વાતને નહીં માને.

## ★ મેઅરાજની રાતે ઈબ્રતના (બોધ પાત્ર) કેટલાક બનાવો ★

રજબુલ મુરજ્જબની ૨૭મી રાતે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺને મેઅરાજ માટે પોતાનો પાક દીદાર કરાવવા તથા મહાન કુદરતો દેખાડવા તથા મુજરિમોના અઝાબોનું નિરીક્ષણ કરાવવા બોલાવ્યા, જેથી આપની ઉમ્મત તે જુર્મોથી મેહફૂઝ રહીને એ ગુનાહોના ભયાનક અઝાબથી બચે. ખૂબ જ ધ્યાનપૂર્વક વાંચો અને પોતાની જાનો તથા પોતાનાં બીવી બચ્ચાંને દોઝખના અઝાબથી બચાવો.

**બેનમાઝીનો અઝાબ** : શબે મેઅરાજ હુઝૂર ﷺ એક એવી કૌમ પાસેથી પસાર થયા જેમનાં માથાં પથ્થર વડે ફોડવામાં આવી રહ્યાં હતાં. અને માથાં ફોડી નાખ્યા બાદ તે ફરી પોતાની અસલી હાલત પર થઈ જતાં હતાં, અને આ ક્રમ જરાય બંધ નથી પડતો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, "આ તે લોકો છે જેઓ નમાઝથી ગફલત કરતા હતા !"

**ઝકાત ન આપનારનો અઝાબ** : એક કૌમ પાસેથી આપ પસાર થયા જેમની શર્મગાહ પર આગળ પાછળ ચિથડાં લપેટેલ હતાં અને તેઓ જાનવરોની જેમ કાંટાદાર ઝકૂમ અને જહન્નમના પથ્થર ખાય રહ્યા હતા. આપે ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલે અર્ઝ કરી, આ તે લોકો છે જેઓ પોતાના માલોની ઝકાત કાઢતા ન હતા.

**ઝિનાખોરોનો અંજામ** : એક કૌમ પાસેથી આપ ﷺ પસાર થયા જેમની સામે એક હાંડલીમાં રાંધેલો ગોશ્ત રાખેલો છે અને એક હાંડલીમાં કાચો સડેલો ગોશ્ત રાખેલો છે, અને તેઓ સડેલો ગંદો ગોશ્ત ખાય છે પણ રાંધેલો ઉમદા ગોશ્ત નથી ખાતા. આપ ﷺએ ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે પુરૂષો છે જેમની પાસે હલાલ પત્ની હોવા છતાં બદકાર સ્ત્રીઓ પાસે રાત ગુજારતા, અને તે સ્ત્રીઓ છે જેઓ પોતાના હલાલ પતિને છોડીને બદકાર પુરૂષ સાથે રાત ગુજારતી.

**વ્યાજખોરનો અંજામ** : એક કૌમ પાસેથી હુઝૂર ﷺ પસાર થયા જે લોહીની નહેરમાં તરતી અને પથ્થર ખાતી હતી. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલે અર્ઝ કરી, આ વ્યાજખોર લોકો છે.

તેમજ હુઝૂર ﷺએ વ્યાજખોરોને એ હાલમાં પણ જોયા કે તેમનાં પેટો ઓરડીઓ જેવાં છે જેનામાં સાપ જોવા મળે છે અને જ્યારે એમનામાંથી કોઈ ઉઠે છે તો તરત ગબડી પડે છે.

**બેઅમલ લોકોનો અઝાબ** : એક કૌમ પર હુઝૂર ﷺ પસાર થયા જેમની જીભો તથા હોઠ લોખંડની કાતરો વડે કાપવામાં આવતા હતા. આપ ﷺએ ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે ફિત્ના પરવર લોકો છે જેઓ લોકોને નસીહત કરે છે અને ખુદ અમલ કરતા નથી કરતા.

**ચુગલખોરનો અઝાબ** : એક કૌમ પર હુઝૂર ﷺ પસાર થયા જેમના તાંબાના નખો હતા જેનાથી તેઓ

પોતાના ચહેરાઓ તથા છાતીઓને ઝખ્મી કરી રહ્યા હતા. આપે ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ ચુગલખોર છે જેઓ લોકોનો ગોશ્ત ખાતા અને તેમની ઈજ્જત બગાડવા ચાહતા હોય છે.

ચુગલખોરોને હુઝૂર ﷺએ એ હાલમાં પણ જોયા કે એમનાં પાસાંઓનો ગોશ્ત કાપવામાં આવી રહ્યો છે અને તેઓ તેને ખાતા જઈ રહ્યા છે. અને તેમને કહેવામાં આવે છે, ખાવ ! જેવી રીતે તમે તમારા ભાઈનો ગોશ્ત ખાતા હતા. આપે ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ લોકોની ગીબત કરવાવાળા ચુગલખોર છે.

**અમાનતમાં ખયાનત કરનાર** : એક શખ્સ પાસેથી આપ પસાર થયા જેણે લાકડીઓનો એક મોટો ભારો ભેગો કરી રાખ્યો છે જેને તે ઉઠાવી નથી શકતો, પરંતું તેમ છતાં પણ એમાં અધિક લાવી લાવીને રાખે છે. હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, આ કોણ છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આપની ઉમ્મતમાંથી તે શખ્સ છે જેની પાસે લોકોની એટલી અમાનતો છે કે જેને અદા નથી કરી શકતો, પરંતું તેમ છતાં અધિક ભેગી કરે છે.

**જીભ લાંબી ચલાવનાર (ઝબાન દરાઝ)નો અંજામ** : એક પથ્થર પાસેથી હુઝૂર ﷺ પસાર થયા, જેમાંથી એક બળદ નીકળે છે અને ફરી એ પથ્થરમાં દાખલ થવા ચાહે છે પરંતું દાખલ નથી થઈ શકતો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ શું છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે શખ્સનો હાલ છે જે મોઢાથી એવી વાત કાઢે છે જેના પર તેને શર્મિંદગી થાય છે, પરંતું પછી તે તેને પરત નથી કરી શકતો.

**યતીમનો માલ ખાનારનો અંજામ** : એક કૌમને હુઝૂર ﷺએ જોયી કે તેમના ચહેરા ઊંટની જેમ છે અને તે લોકોએ આગના અંગારા મોંમાં રાખેલા છે જે એમની પાછળથી નીકળે છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ યતીમોનો માલ ખાનારા છે. રિયાકારને કૂવાથી ખાલી ડોલ કાઢતો જોયો.

**હરામખોરનો અંજામ** : હુઝૂર ﷺએ જોયું કે એક દસ્તરખાન પર પાકીઝા ગોશ્ત છે અને એક દસ્તરખાન પર બદબૂદાર ગોશ્ત છે, અને કેટલાય લોકો પાકીઝા ગોશ્ત છોડીને બદબૂદાર ગોશ્ત ખાય રહ્યા છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે લોકો છે જેઓ હલાલ છોડીને હરામ ખાય છે.

**બદકાર સ્ત્રીઓનો અંજામ** : સ્ત્રીઓના એક ગિરોહને હુઝૂર ﷺએ જોયો કે તેણીઓ છાતીઓ ભેર લટકેલી છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું આ કોણ છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે સ્ત્રીઓ છે જેઓ પોતાના પતિઓના નિકાહમાં હોવા છતાં (ગૈરથી) વ્યભિચાર કરે છે અને હરામી બાળકોને પોતાની ઔલાદમાં સામેલ કરે છે.

**બેપર્દા સ્ત્રીઓનો અંજામ** : સ્ત્રીઓના એક અન્ય ગિરોહને હુઝૂર ﷺએ જોયો કે માથાના વાળો વડે લટકેલી છે અને તેમની નીચે આગ સળગી રહી છે જે એમનું બદન ખાતી જાય છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ કોણ છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે સ્ત્રીઓ છે જે પર્દો નથી કરતી અને પોતાના પતિ સિવાય ગૈર મર્દોના માટે બનાવ શિંગાર કરે છે અને બેપર્દા થઈને તેમને પોતાનો શણગાર તથા સજાવટ દેખાડે છે.

બીજી હદીષમાં છે : "જે સ્ત્રી સુરમો લગાડીને ગૈર મેહરમને દેખાડે છે તેનું મોં અલ્લાહ કાળુ કરશે, અને તેની કૃબ્રને દોઝખનો ખાડો બનાવી દેશે." વલ્અયાઝુ બિલ્લાહિ તઆલા

**નોહા કરવાવાળી (મૈયત પર હાયપીટ કરનારી)** : સ્ત્રીઓના એક ગિરોહને આપે જોયો કે તેમનો

તારકોલ (ડામર)નો લિબાસ છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ કોણ છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે સ્ત્રીઓ છે જેઓ પુરૂષો પર નોહા (હાય પીટ) કરે છે.

જૂઠી કસમ ખાનારાઓની જીભો બોચી તરફથી ખેંચવામાં આવી રહી હતી. અસ્તગફિરુલ્લાહ ! વલ્અયાઝુ બિલ્લાહ ! *(તફસીરે રૂહુલ બયાન, નુઝહતુલ મજાલિસ)*

આપે મેઅરાજની રાતે એ પણ જોયું કે કેટલાક લોકોની જીભો લોખંડની કાતરો વડે કાપવામાં આવી રહી છે. આપના પૂછવા પર જિબ્રઈલ علیہ السلامએ બતાવ્યું, આ લોકોને ગુમરાહીમાં ફેંકનારા બદઅમલ વાઈઝ છે.

કેટલાક લોકો દોઝખની આગમાં પોતાના લોખંડના નખો વડે પોતાના શરીરોને ખોતરીને ગોશ્ત ઉતારી રહ્યા હતા. હુઝૂર ﷺએ જિબ્રઈલ علیہ السلامને પૂછયું, આ કોણ લોકો છે ? અર્ઝ કરી, આ તેઓ છે જેઓ દુનિયામાં બીજા લોકોની બેઈજ્જતી તથા આબરૂરેઝી કરતા હતા. જો આપણે આપણી અંદર જો તૌબાનો એક ટકો પણ ધરાવીએ છીએ તો જરૂર આ કામોથી બચવાની કોશિશ કરીશું જેને કરવાના કારણે આ લોકો વિવિધ પ્રકારના અઝાબોમાં સપડાયા. કેમ કે મર્યા વિના તો કોઈ ચારો છે જ નથી.

આમદમ બર સરે મતલબ ! વાત જયાંથી શરૂ થઈ ત્યાં જ ખત્મ કરીએ છીએ, કુર્બાનીનાં જાનવર કયામતના દિવસે ઉમ્મતે મુસ્તફાની સવારી બનશે. પરંતું જે વિચારો આખી જિંદગી કુર્બાની કરી જ ન શકયો તેની સવારી ક્યાંથી આવશે ? તો એને મુબારક થાય, જો ખરેખર તેની પાસે કુર્બાની કરવાની ગુંજાઈશ તથા શક્તિ ન હતી તો તેના તરફથી હુઝૂર ﷺએ ખુદ પોતાના હાથો વડે કુર્બાની કરીને સવારીની વ્યવસ્થા કરી આપી છે. એઓ પોતે કરે છે તો ખુદા જાણે તેમની કબૂલ થાય કે ન થાય, પરંતું જેના તરફથી હુઝૂર આપ કરીને ગયા છે તેની ભલા કેમ કબૂલ નહીં થાય ! જેમ કે હદીષમાં છે કે હુઝૂર ﷺ દર વર્ષે બે કુર્બાનીઓ કર્યા કરતા એક من محمد صلی اللہ પોતાના તરફથી અને બીજી જે عمن لمن یضح من امتی ઉમ્મતી શક્તિ નથી ધરાવતા કયામત સુધીના તેમના તરફથી છે.

આ મુદ્દો પણ ધ્યાનમાં રાખશો કે મૂસા علیہ السلامએ દીદારના સિવાય પોતાના ઉમ્મતના બારામાં કોઈ માગણી પણ ન કરી, પરંતું તેમને ફર્માવ્યું, لن ترانی હે મૂસા !

*ન તૂ દેખે ન ચશ્મે અંબિયા દેખે–મુઝે દેખે મુહમ્મદ ﷺકી નિગાહ દેખે*

અહીં આ બાજુ માગણીઓ પર સ્વીકારઈ રહી છે અને દીદાર પણ કરાવવામાં આવી રહ્યો છે. મૂસા علیہ السلام જાગી જાગીને રાહ જોઈ રહ્યા છે અને મહબૂબ સૂતેલા છે તો તેમને ઉઠાડીને દીદારના માટે બોલાવવામાં આવી રહ્યા છે.

સારાંશ કે હુઝૂર ﷺ બુર્રાક પર સવાર થવા લાગ્યા તો આપણે આપણા ત્યાં જોઈએ છીએ કે જયારે કોઈ દુલ્હો બનીને ઘોડી પર સવાર થાય છે, તો મા આવે છે સુબ્હાનલ્લાહ ! બાપ આવે છે, માશાઅલ્લાહ ! ચાચા આવે છે ! સુબ્હાનલ્લાહ ! હુઝૂર ﷺ જયારે બુર્રાક્ પર સવાર થવા લાગે તો આપના ન પિતા હતા ન ચાચા ઝિંદા ન દાદા પાસે હતા. હે અલ્લાહ ! સુબ્હાનલ્લાહ કોણે કહ્યું ? ફર્માવ્યું, મારો મહબૂબ સવાર થવા લાગ્યો તો મેં ખુદ ફર્માવ્યું : سبحن الذی اسری بعبدہ لیلا સુબ્હાનલ્લાહ ! હે અલ્લાહ ! તું શા માટે સુબ્હાનલ્લાહ ફર્માવી રહ્યો છે ? ફર્માવ્યું, એટલા માટે કે નબી તો હજારો બનાવ્યા છે પણ આના જેવો કોઈ નથી, આ રાત જેવી કોઈ રાત નથી, આ જાત જેવી કોઈ જાત નથી, અને જે વાત થશે એ વાત જેવી કોઈ વાત નથી. *(ક્રમશઃ)*

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

# અસ્રારુલ અવલિયા

મલ્ફૂઝાતે ઝાહિદુલ અત્કિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### ★ સુલૂકવાળાઓના ફર્ઝ તથા સુન્નતો ★

હે દુરવેશ ! એકવાર ક઼ાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ અને હું એક મજલિસમાં બેઠા હતા. કોઈએ એવો સવાલ કર્યો કે અહલે સુલૂકને ત્યાં ફર્ઝ તથા સુન્નત શું છે ? ક઼ાઝી સાહબ رحمۃ اللہ علیہએ તરત જ જવાબ આપ્યો, ફર્ઝ પીરની સોહબત છે અને સુન્નત દુનિયાને તથા તેમાં જે કાંઈ છે સર્વને ત્યજવું છે. પછી ફર્માવ્યું, મેં એક બુઝુર્ગથી સાંભળ્યું કે દુરવેશ તે છે જે દિલના ખજાનામાં ડૂબકી લગાડે પછી તે મોતી જેનું નામ મહોબ્બત છે જો હાંસલ કરી લે તો કામિલ દુરવેશ બની જશે. ફર્માવ્યું, મહોબ્બતમાં કમાલનો દરજો ત્યારે હાંસલ થાય છે જ્યારે ઈન્સાન ઈશ્ક઼માં અયબ જોનાર નથી રહેતો અને એના સિવાયનાથી મહોબ્બત છોડી આપે છે, અલ્લાહ તઆલા તેને કુર્બના મક઼ામ પર બિરાજમાન કરે છે.

એકવાર ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર અવશી رحمۃ اللہ علیہને લોકોએ પૂછયું કે હઝરત ! ખુદા સુધી પહોંચવાનો શો માર્ગ છે ? ફર્માવ્યું, ગુંગા, બહેરા, આંધળા બની જવાથી. જ્યારે ત્રણેવ દુશ્મન આંખ, કાન, ઝબાન બંધ થઈ જાય છે તો બંદો ખુદાવંદે કરીમની હુઝૂર પહોંચ હાંસલ કરી લે છે. અહલે મહબ્બતનાં દિલને ચાર જગાઓ સિવાય ક્યાંય સુકૂન નથી મળતું : **પ્રથમ** : ઘરના ખૂણામાં જ્યાં કોઈ અન્ય શખ્સ ઝિક્ર તથા મશ્ગૂલિયતમાં આડરૂપ ન હોય. **બીજી** : મસ્જિદમાં, કેમ કે બારગાહના આશિકોની મહબૂબ જગા છે. **ત્રીજી** : ક઼બ્રસ્તાન, જે ઈબ્રત (બોધ ગ્રહણ કરવા)ની જગા છે. **ચોથી** : સંપૂર્ણ એકાંત, કે જ્યાં ક્યાં તો મોહિબ્બ હોય કે મહબૂબ, બીજુ કોઈ ન હોય. હઝરત કુત્બુલ અક઼તાબે આવું ફર્માવ્યું અને ચોધાર આંસુએ રડવા લાગ્યા. આ રૂબાઈ આપની ઝબાન મુબારક પર જારી રહી :–

گر عاشقِ دوستی بہ تنہاش طلب ۔ در خلوت عشق اۓ و پیداش طلب
گر میخواہی حضور نعمت ہر روز ۔ آنجا کہ کسے بنا شد آنجاش طلب

**(અર્થ)** : "જો દોસ્તી ચાહે છે તો એકાંત શોધ. ઈશ્ક઼ના એકાંતમાં આવી જા અને પછી તલબ પેદા કર. જો દરરોજ નેઅમત પામવા ચાહે છે, તો જ્યાં કોઈ ન હોય એ જગાને શોધ."

ફર્માવ્યું, હે અઝીઝ ! મારી નજીક ઈશ્કે઼ ઈલાહીમાં હરમલનાં દાણાઓ જેમ થોડીક પળો માટે તડપી તડપીને જાન આપી દેવી સિત્તેર વરસની ઈશ્ક઼ો મહોબ્બત વગરની ઈબાદતથી બેહતર છે. આપણો મામલો તો સ્ત્રીઓ કરતાં પણ ગયા ખાતાનો છે કે તેણી એક મહીનામાં તો પાકીનું ગુસ્લ કરે છે પણ

આપણે આખા જીવનમાં એવું ગુસ્લ ન કરી શક્યા કે પાક સાફ થઈ શકીએ.

## ★ આશિકનું દિલ અર્શે ઈલાહીનો તવાફ કરે છે ★

હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہએ શૌક઼ તથા ઈશ્તિયાક઼ના આલમની એક કહાનીનું વર્ણન આ પ્રમાણે કર્યું કે એકવાર જઝ્બ તથા કૈફની હાલતમાં એકલા બારગાહે મહબૂબમાં પહોંચવાનો શરફ હાંસલ થયો. સર્વ આલમે મલકૂતની સૈર કરી. પછી ફર્માન થયું, હે બાયઝીદ ! અમારી હુઝૂરમાં શું હાંસલ થયું ? સર્વ આલમે મલકૂતની સૈર કરી. પછી ફર્માન થયું, હે બાયઝીદ ! અમારી હુઝૂરમાં શું તોહફો લાવ્યા છો ? મેં અર્ઝ કરી, ખુદા તઆલા ! તારી ખિદમતે અક઼દસમાં તારી મહોબ્બત તથા રઝાનો હદિયો પેશ કરવા લાવ્યો છું. અવાજ આવ્યો, બાયઝીદ ! તું સારી ચીજ લાવ્યો છે, આ અમારી શાનને લાયક નઝરાણુ છે, અમે એને ક઼બૂલ કરીએ છીએ.

હઝરત અક઼દસે ફર્માવ્યું, એકવાર લાહોરમાં એક ઝાકિર તથા શાગિલ અને આલી મક઼ામ બુઝુર્ગથી મુલાકાતની સઆદત નસીબ થઈ. થોડાક દિવસ તેમની ખિદમતે અક઼દસમાં હાજર રહ્યો. ફર્ઝ નમાઝ બાદ ઝિક્રમાં મશગૂલ થઈ જતા અને એટલી સખ્તીથી ઝિક્ર કરતા કે તેમના રવે રવાંથી પસીને ફૂટી પડતો હતો. સેંકડો વાર ઝિક્ર કરતાં કરતાં ગબડી પડતા અને પછી ઉઠીને ઝિક્રમાં મશગૂલ થઈ જતા. એક દિવસ ઝિક્ર પછી કહેવા લાગ્યા, કિતાબે ઈશ્ક઼માં લખ્યું છે કે અલ્લાહ તઆલા ફર્માવે છે, જ્યારે મારો ઝિક્ર મો'મિન બંદા પર ગાલિબ (સવાર) થઈ જાય છે, હું અલ્લાહ જે એનો પરવરદિગાર છું, એનો ચાહવાવાળો બની જઉં છું અને એ મારો મહબૂબ બની જાય છે. ઈશ્ક઼થી મુરાદ મહોબ્બત છે. તો પછી માણસે આ મહાન નેક નસીબીથી શા માટે મહેરૂમ રહેવું જોઈએ ? અને ઝિક્રે ખુદાથી શા માટે ગાફેલ રહેવું જોઈએ ?! હે અઝીઝ ! એ ખાલિક઼ે કાઈનાતે દિલને એટલા માટે પેદા કર્યું કે અર્શે ઈલાહીનો તવાફ કરે.

દિલના ત્રણ પ્રકારો છે : (૧) એક દિલ પહાડ જેવો હોય છે જે પોતાના સ્થાનેથી રજમાત્ર હરકત નથી કરતાં. એ દિલ મુહિબ્બાને સાદિક઼ (સાચી મહોબ્બત કરનારાં) હોય છે. (૨) કેટલાંક દિલ ઝાડની જેવાં હોય છે કે મૂળ તો તેમનું કાયમ રહે પણ ડાળીઓ હવાથી મળવા લાગે છે. અને (૩) કેટલાંક દિલ એવાં હોય છે જે ઝાડનાં પાંદડાંની જેમ હવાના એક ઝોંકાથી આમથી તેમ થઈ જાય છે પણ મહોબ્બતમાં મજબૂત તથા સાચો તે શખ્સ છે જે મહબૂબની યાદ સિવાય કોઈ ચીજને પસંદ કરતો ન હોય.

## ★ ઝાતે હક્ક઼ (રબ)ની રહ઼મતની શાન ★

પછી ફર્માવ્યું, જ્યારે સૈયદના મૂસા અને સૈયદના હારૂન علیہما السلامને હુકમ થયો કે નાફર્માન ફિરઔનને ઈસ્લામની દા'વત આપો. તો કહેવામાં આવ્યું કે તેને ઈસ્લામની દા'વત નરમી તથા ધીરજપૂર્વક આપજો જેથી તે નારાજ ન થાય. હઝરતે આ જગાએ રડતાં રડતાં ફર્માવ્યું કે તે શખ્સ જે ખુદાઈનો દાવો કરતો હતો અને اَنَا رَبُّكُمُ الْاَعْلٰىનો નારો લગાડતો હતો એના પર ખુદાએ કરીમના લુત્ફો કરમનો આ હાલ છે તો હે અઝીઝ ! એ માણસને જે પાંચ વખત سُبْحَانَ رَبِّيَ الْاَعْلٰىની પુકાર કરે છે અને તેની મહોબ્બતનો દમ ભરે છે તે તેના લુત્ફો કરમનો અધિક અંશે મુસ્તહિક઼ હોવો જોઈએ. તેને કદાપિ કદાપિ રહમતે ખુદાવંદીથી નિરાશ ન થવું જોઈએ. તેની રહમતનો આ આલમ છે તો એ તારા મામલામાં કેમ ઉદારતા નહીં દાખવે ?! જે આજે એની મહોબ્બતનો દમ ભરે છે અને તેની યાદમાં મશ્ગૂલ રહે છે તે ક઼યામતના અઝાબની સખ્તીથી ગમ વિનાનો થઈ જશે.

જ્યારે કારૂન જમીનના ચોથા તબક઼માં પોતાની

માલ સંપત્તિ સાથે ધસતો ધસતો ચાલ્યો ગયો. એ તબકૃાના રહેવાસીઓએ પૂછયું કે તું કોણ છે ? અને તેં શું ગુનોહ કર્યો છે કે તને આ રીતે જમીનમાં ધસાવવામાં આવી રહ્યો છે ? કારૂને જવાબ આપ્યો, હું સૈયદના મૂસા علیہ السلام ની કૌમમાંથી છું. મારો ગુનોહ એ છે કે મેં ખુદાના એક રસૂલની બરાબરી કરી અને ઝકાત ન આપવાના જુર્મમાં પડયો તો આ દિવસ મારે જોવો પડયો. જેવું કારૂનની ઝબાનથી સૈયદના મૂસા علیہ السلام નું નામ મુબારક નીકળ્યું તો ફરિશ્તાઓને હુકમ થયો કે કારૂનને હવે એ જ જગાએ રાખો, નીચે ન લઈ જાવ, કેમ કે જે શખ્સ અમારા દોસ્તનું નામ પણ ઝબાન પર લાવે છે તેને અઝાબ ન આપવો અમારા કરમના જિમ્મે છે. એ વખતે હઝરત શૈખુલ ઈસ્લામ રડી પડયા અને ફર્માવ્યું, હે દુરવેશ ! તે શખ્સ કે જે હમેશાં પોતાના મહબૂબના નામ તથા યાદમાં રચ્યો પચ્યો રહે છે તો કૃયામતના દિવસે એનો મક્સદ એના દામનમાં હશે, એટલે કે એ કામયાબ તથા કામરાન થશે અને અન્વારે તજલ્લીથી જોલીઓ ભરશે.

એક દિવસે લોકોએ હઝરત ખ્વાજા યૂસુફ ચિશ્તી رحمۃ اللہ علیہ થી પૂછયું કે હઝરત ! મહોબ્બતવાળા લોકો કોણ હોય છે ? ફર્માવ્યું, તે લોકો જેઓ પોતાના મહબૂબ સિવાય કોઈ અન્યમાં મશગૂલ ન થાય, કેમ કે જે શખ્સ મહબૂબના સિવાય કોઈ અન્ય ચીજથી ખુશ થાય છે, હકીકૃત એ છે તે ગમોની નજીક થઈ જાય છે. અને જે શખ્સ મહબૂબની ખિદમતમાં રાહત પામે છે તે તમામ ડરોથી દૂર થઈ જાય છે. સારાંશ કે જેની રૂહ મહબૂબની ચોખટ પર લટકેલી ન હોય તે કાંઈ પણ નથી, તેના મહોબ્બતના સર્વ દાવા અયોગ્ય છે.

ફર્માવ્યું, જે શખ્સ મહોબ્બતની ખ્વાહિશથી પોતાની મંઝિલની શરૂઆત કરે છે તે જલ્દી ખુદા તઆલા સુધી પહોંચી જાય છે, અને જે દુનિયાની ખ્વાહિશ લઈને ચાલે છે તે દોઝખની નજીક જ પહોંચે છે. કેવળ દાવો કરી લેવાથી મહોબ્બતની સલ્તનત સુધી પહોંચ અશક્ય છે.

અહીં પહોંચીને હઝરતેવાલા જલ્દીથી ઉઠયા અને દૌલતકદા (ઘર)માં તશરીફ લઈ ગયા. અમે લોકો પણ પરત અમારા ઘરોમાં આવી ગયા. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ


**કૃાનૂને શરીઅત**

(ભાગ–૧ તથા ભાગ–૨) (કુલ–૭૪૦ પેજીસ)

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**:: અનુવાદક ::**

**હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી**

**હદિયો : એક સેટના રૂા. ૨૫૦/-**

જેમાં અકીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક્, અખ્લાકિયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે. ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

**પ્રકાશક**

**સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા**

**મુા. પો. દયાદરા, તા. જિ. ભરૂચ**

**મો. ૯૪૨૭૪૬૪૪૧૧**

**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અકીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક્ વિશે, કૃસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો) **બંને ભાગના રૂા. ૪૫૦** (ટપાલ ખર્ચ રૂા.૫૦)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુા.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## ખિયારે ઐબ [ઐબ (ખામી)ની છૂટ]

**મસ્અલા :** ઈંડુ ખરીદ્યું તેને તોડયું તો **બગડેલુ નીકળ્યું** તો **પૂરેપૂરી કિંમત પાછી મળશે** કેમ કે તે બેકાર ચીજ વેચવા લાયક જ નથી. તડબૂચ, સકરટેટી, ખીરા ખરીદી તેને કાપવામાં આવતાં તે ખરાબ નીકળ્યું, યા બદામ, અખરોટ ખરીદ્યાં, તોડવાથી તે ખરાબ માલમ પડયાં પરંતુ ખરાબી હોવા છતાં પણ તે ઉપયોગમાં લઈ શકાય એમ છે એટલે કે જાનવરને ખવડાવવાના કામમાં આવી શકે એમ છે તો પાછું આપી શકાશે નહીં, નુકસાની લઈ શકે છે. અને વેચનાર જો કાપેલું કે તૂટેલું પાછું લેવા તૈયાર હોય તો પાછું આપી દે, નુકસાની લઈ શકશે નહીં. જો ચાખ્યું અને એબ માલમ પડવાથી પછીથી છોડી દીધું, કંઈ ખાધું નહીં તો નુકસાન લઈ શકે છે. જો કાપતાં કે તોડતાં પહેલાં ખરીદનારને એબની ખબર પડી ગઈ તો એ હાલતમાં પાછું આપી દે, કાપશે તોડશે તો પાછુ આપી શકશે નહીં તેમજ નુકસાન પણ લઈ શકશે નહીં અને કાપ્યા કે તોડયા પછી ખબર પડી કે આ ચીજો બિલ્કુલ બેકાર છે. દા.ત. ખીરો કડવો છે યા બદામ, અખરોટમાં મીજ નથી, તડબૂચ ખરાબ છે તો પૂરેપૂરી કિંમત પાછી લઈ લે, કેમ કે વેચાણ જ બાતિલ છે.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા :** ઘઉં વગેરે અનાજ ખરીદ્યું, એમાં માટી ભેળવેલું માલમ પડયું. જો મટોડાનું પ્રમાણ સ્વાભાવિક રીતે હોવું જોઈએ એટલું હોય તો પાછું આપી શકશે નહીં. જો હોવું જોઈએ એના કરતાં વધારે પ્રમાણમાં હોય તો તમામ અનાજ પાછું આપી દેવું. ઘઉં રાખવા ચાહતા હોય અને તેમાંનું મટોડું અલગ કરી તેને પાછું આપવા ઈચ્છતા હોય તો એવું કરી શકશે નહીં. *(આલમગીરી, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા :** ખરીદનાર જાનવરને પાછું લાવ્યો અને કહે કે આને ઝખમ છે, હું નહીં લઉં. વેચનાર કહે છે કે આ તે ઝખમ નથી જે મારે ત્યાં હતો, તે સારો થઈ ગયો હતો. આ તો બીજો ઝખમ છે તો ખરીદનારની વાત વિશ્વાસપાત્ર ગણાશે.

*(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા :** એક જ સોદામાં બે વસ્તુઓ ખરીદી તેમાંથી ફક્ત એક જ કામમાં આવતી હોય (જેમ કે બે ગુલામ, બે કપડાં) અને હજુ બન્ને પર કબ્જો ન મેળવ્યો હોય અને તેમાંથી એકમાં એબ જોવા મળી તો લેવી હોય તો એને હક્ક છે કે બન્ને લઈ લે અથવા બન્નેને પાછી દે. પરંતુ જો વેચનાર એકને પાછી લેવા રાજી હોય તો એકને પાછી આપી શકે છે. જો બન્ને પર કબ્જો કરી લીધો હોય તો જેમાં એબ છે તે પાછી આપી દે. બન્નેને પાછી આપવા ઈચ્છે તો વેચનારની રઝામંદી જરૂરી છે. અને જો કબ્જો લેતા પહેલાં કોઈ એક ચીજ એબવાળી માલમ પડી ગઈ અને તેને કબ્જામાં લીધી તો બીજીને પણ લેવી જરૂરી છે અને બીજી પર કબ્જો કર્યો હોય તો અખત્યાર છે કે બન્નેને લઈ લે અથવા બન્ને પાછી આપી દે. જો બન્ને એક સાથે કામમાં લેવાની વસ્તુઓ હોય, કોઈ એકલી કામમાં ન આવતી હોય (જેમ કે બુટ, મોજાની જોડી, ચોખટબાજ–કુકરીઓની જોડી બન્ને એકબીજા વગર કામમાં ન આવે) તો બન્ને પર કબ્જો કર્યો હોય કે એક પર કબ્જો કર્યો હોય બન્ને

હાલતમાં એક જ હુકમ લાગુ પડશે કે લેવા ચાહે તો બન્ને લઈ લે અથવા બન્ને પાછી આપી દે.

*(દુર્રે મુખ્તાર, ફત્હુલ કદીર, ખાનિયા)*

**મસ્અલા** : કોઈ ચીજનુ વેચાણ કર્યું તેમાં વેચનારે એમ કહ્યું હોય કે કોઈ પણ એબ માટે હું જવાબદાર નથી. આ વેચાણ સહીહ છે અને એ માલને પાછો આપવાનો હક્ક બાકી રહેશે નહીં. એ જ રીતે જો વેચનારે એમ કહ્યું હોય કે લેવો હોય તો લો એમાં સો જાતના એબ છે. અથવા એ માટી છે અથવા એને ખૂબ જોઈ તપાસી લો, એ જે હશે તે હું પાછો નહીં લઉં, એ એબથી મુકત છે. જ્યારે કે દરેક એબથી મુકત કરી લે તો જે એબ સોદા વખતે મૌજૂદ છે અથવા સોદા પછીથી કબ્જો લેતા પહેલાં પેદા થઈ હોય તે તમામથી મુકિત મળી ગઈ. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : બકરી અથવા ગાય કે ભેંસનુ દૂધ વેચનારે બે ટંક ના દોહયું અને એવું કહીને એનું વેચાણ કર્યું કે એ ખૂબ દૂધ કાઢે છે અને દૂધ દોહી બતાવ્યું. ખરીદનારે ધોકો ખાયને ખરીદી કરી લીધી. પાછળથી દોહવાથી માલમ પડયું કે એટલું દૂધ નથી (વેચનારે કહ્યું હતું તેટલું) તો એ ગાય, બકરી કે ભેંસ પાછી આપી શકશે નહીં. હા ! જે નુકસાન છે તે વેચનાર પાસેથી લઈ શકે છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : ખરીદનાર માલને પાછો આપવા ઈચ્છતો હોય તેમાં વેચનાર એમ કહેતો હોય કે માલને પાછો ન આપો, મારી પાસેથી આટલી રકમ લઈ લો અને એના પર સમાધાન થઈ ગયું તો એ **જાઈઝ** છે. એનો મતલબ એ થયો કે વેચનારે કિંમતમાંથી એટલી રકમ ઓછી કરી દીધી અને જો વેચનાર પાછું લેવાનો ઈન્કાર કરતો હોય તે બાબતમાં ખરીદનાર એમ કહેતો હોય કે આટલી રકમ મારી પાસેથી લઈ લો અને માલને પાછો લઈ લો, એ પ્રકારનું સમાધાન **નાજાઈઝ** છે. વેચનાર જો એ રૂપિયા લેશે તો એ વ્યાજ અને લાંચ ગણાશે. જયારે કે ખરીદનારને ત્યાં કોઈ નવી એબ પેદા થઈ હોય, અથવા વેચનાર એનો ઈન્કાર કરતો હોય કે એ એબ મારે ત્યાં ન હતી તો એ સમાધાન પણ જાઈઝ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : એ ઠેક ઠેકાણે કહેવામાં આવ્યું છે કે એબને કારણે જે નુકસાન થયું તે લેવામાં આવશે, એની સ્થિતિ એ છે કે તે ચીજને પરખ કરનાર પાસે રજૂ કરવામાં આવે અને તે નક્કી કરે કે જો એમાં આ એબ ન હોય તો એની કિંમત આટલી થાત અને અત્યારે આ એબને કારણે આટલી કિંમત થાય. બન્નેમાં જે તફાવત પડે તે ખરીદનાર વેચનાર પાસેથી લઈ લે. દા.ત. ઐબ છે જેથી ૮ રૂા. કિંમત છે, ન હોત તો ૧૦ રૂા. કિંમત હતી તો ૨ રૂા. ખરીદનાર વેચનાર પાસેથી લે. *(આલમગીરી)*

**મસ્અલા** : એક માણસે ગાભણ (સગર્ભા) ગાયના બદલામાં બળદ ખરીદ્યો. બન્નેએ કબ્જો લઈ લીધો. એકને ત્યાં વાછરડાનો જન્મ થયો અને બીજાએ જોયું કે બળદમાં તો એબ છે, બળદને એણે પાછો આપ્યો. ગાયમાં તો વાછરડાને જન્મ આપવાથી એમાં વધારો થઈ ચૂક્યો હોવાને કારણે એને પાછી આપી શકાશે નહીં. ગાયની કિંમત જે હોય તે પાછી આપવામાં આવશે. *(આલમગીરી)*

**મસ્અલા** : જમીન ખરીદી એને મસ્જિદ કરી દીધી. પાછળથી એબની જાણકારી મળી તો એને પાછી આપી શકાશે નહીં. જે નુકસાન થયું હોય તે લઈ લે. જમીનને વકફ કરવામાં આવી તેને માટે પણ એ જ હુકમ છે કે પાછી આપી શકાશે નહીં. નુકસાન લઈ લે. *(ખાનિયા)*

**મસ્અલા** : રોટી ખરીદી અને જે ભાવ એનો મશ્હૂર (જાહેર ભાવ) હોય તેનાથી ઓછી રોટી આપી હોય તો જે કમી હોય તે વેચનાર પાસેથી વસૂલ કરે. એ રીતે દરેક તે ચીજ કે જેનો ભાવ

જાહેરી હોય એનાથી ઓછી હોય તો વેચનાર પાસેથી કમી પૂરી કરાવી લે. *(આલમગીરી)*

**મસ્અલા** : કોઈ ચીજ ગબને ફાહિશની સાથે ખરીદી એની બે સ્થિતિઓ છે. ધોકો દઈને નુકસાન પહોંચાડયું છે કે નહીં ? જો ગબને ફાહિશની સાથે ધોકો પણ આપ્યો હોય તો પાછી આપી શકે છે, નહીંતર નહીં. ગબને ફાહિશનો મતલબ એ છે કે એટલું નુકસાન હોય જે અંદાજ કાઢનારના અંદાજાની બહાર હોય. દા.ત. એક ચીજ દસ રૂપિયામાં ખરીદી, કોઈ એની કિંમત પાંચ બતાવે છે, કોઈ છ બતાવે છે, તો કોઈ સાત. તો એ ગબને ફાહિશ કહેવાશે. જો કોઈ એની કિંમત આઠ બતાવત, કોઈ નવ બતાવત તો વળી કોઈ દસ બતાવત તો એ ગબને યસીર (ઓછો ગબન) હોત. ધોકાની ત્રણ સૂરતો છે : **(૧)** કોઈવાર વેચનાર ખરીદનારને ધોકો આપે છે. પાંચની ચીજ દસમાં આપે છે. **(૨)** અને કોઈવાર ખરીદનાર વેચનારને આપે છે, દસની ચીજ પાંચમાં ખરીદી લે છે. **(૩)** કોઈવાર દલાલ ધોકો આપે છે. આ ત્રણે પ્રકારમાં જેને ગબને ફાહિશની સાથે નુકસાન પહોંચ્યું હોય તે પાછું આપી શકે છે. અને જો અજનબી વ્યક્તિએ ધોકો દીધો હોય તો પાછું આપી શકતો નથી.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : જે ચીજને ગબને ફાહિશની સાથે ખરીદવામાં આવી અને તેમાં ધોકો દેવામાં આવ્યો તે વાતની જાણ એના ઉપયોગ કર્યા પછીથી ખબર પડી તો તે પાછી આપી શકે છે અર્થાત જે કાંઈ તે ચીજ બચી હોય તે અને જે ઉપયોગમાં લઈ લીધી હોય તેના જેવી પાછી આપી દે અને પૂરેપૂરી કિંમત પાછી મેળવી લે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : એક માણસે લોકોને એમ કહયું કે આ મારો ગુલામ કે છોકરો છે એની પાસેથી ખરીદ વેચાણ કરો. મેં એને ઈજાઝત આપેલી છે. એના બારામાં માલૂમ પડયું કે એ એનો ગુલામ નથી બલ્કે આઝાદ છે અથવા એનો છોકરો નથી બીજાનો છે, તો જે કોઈ લોકોના પૈસા લેણા હોય તેઓ એ કહેવાવાળા પાસેથી વસૂલ કરી શકે છે કે એણે ધોકો આપ્યો છે. *(દુર્રે મુખ્તાર)* *(ક્રમશઃ)*

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

- **દયાદરા** : (તા.જિ. ભરૂચ) તા. ૨૨–૧૨–૨૦૨૧ ના રોજ હજીયાણી મુલખ ઈબ્રાહીમ આડીયાનો ઈન્તેક઼ાલ થઈ ગયો, તેમજ તા. ૨૬–૧૨–૨૦૨૧ના રોજ જનાબ મહેબૂબ યાકૂબ ભટા (જનાબ મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજાના મોટા ભાઈ)નો ઈન્તેકાલ થયો છે.
- **લંડન** : મુક઼ામે તા. ૨૬–૧૨–૨૦૨૧ ના રોજ દયાદરા નિવાસી જનાબ હાજી મુહમ્મદ ઈબ્રાહીમ પટેલનો લગભગ ૯૬ વરસની વયે ઈન્તેક઼ાલ થયો છે.
- **બોલ્ટન** : તા. ૭–૧–૦૨૨ના રોજ યુ.કે. ખાતે જનાબ હાજી યાકૂબ ઈબ્રાહીમ પટેલ (દયાદરાવાળા)નો લગભગ નેવુ (૯૦) વરસની વયે ઈન્તેક઼ાલ થયો છે.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ૪૫. ઔરત શાદી કરકે સસુરાલ ચલી ગઈ તો ક્યા અબ ભી મૈયકા (માં, બાપ કા ગાઉ) ઉસ કે લિયે વતને અસ્લી હોગા? ઔર ક્યા વહાં નમાઝ મેં કસર નહીં કરેગી ?

શાદી કરને કે બાદ ઔરત અપને સસુરાલ મેં રેહને ચલી ગઈ જૈસા કે આમ તોર પર ઐસા હી હોતા હે તો અબ મયકા ઉસકે લિયે વતને અસ્લી રહેગા યા નહીં ? ઈસ કે બારે મેં અક્ષર અવામ યે સમજતી હે કે અબ ભી મયકા ઉસ કે લિયે વતને અસ્લી રહેગા ઔર જબ ભી વોહ અપને મયકે આએ તો અગરચે ૯૨ કિલો મીટર કા સફર કરકે આએ તબ ભી વોહ કસ્ર નહીં કરેગી, બલ્કે પૂરી નમાઝ કી પળ્હેગી, તો યે સરાસર ગલત હે. શરીઅત કા હુકમ તો યે હે કે જબ ઓરત શાદી કે બાદ અપને સસુરાલ રેહને ચલી ગઈ તો અબ મયકા ઉસ કે લિયે વતને અસ્લી ન રહેગા લિહાઝ અગર વોહ ૯૨ કિલો મીટર યા ઉસ સે ઝયાદા કા સફર કરકે અપને મયકે પોંહચી ઓર વહા ૧૫ દિન ઠેહરને કા ઈરાદા નહીં તો નમાઝ મેં ક઼સ્ર કરે યાની ૪ રકાઅત ફર્ઝ કી જગહ "૨" હી પળ્હે.

## અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

હપ્તો : ૧૨

હા ! અગર શાદી કે બાદ ભી અપને મયકે મેં રેહતી હે ઔર સસુરાલ મુસ્તકિ઼લ રેહને નહીં ગઈ તો ઈસ સૂરત મે મયકા ઉસકે લિયે વતને અસ્લી હી રહેગા.

"બહારે શરીઅત" મેં હે : "ઓરત બિયાહ કર સસુરાલ ગઈ ઔર યહીં રેહને સેહને લગે તો મેયકા ઉસ કે લિયે વતને અસ્લી ન રહા યાની અગર સસુરાલ તીન મંઝિલ (૯૨ કિલો મીટર) પર હે વહાં સે મયકે આઈ ઔર પંદરા દિન ઠેહરને કી નિય્યત ન કી તો કસ્ર પળ્હે ઔર અગર મયકે રેહના નહીં છોળા બલ્કે સસુરાલ આરઝી તોર પર ગઈ તો મેયકે આતે હી સફર ખત્મ હો ગયા, નમાઝ પૂરી પળ્હે. *(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૪, સફહા : ૭૫૧/૭૫૨)*

### ૪૬. ઈન્સાન કી જહાં શાદી હૂઈ ક્યા વોહ જગહ ઉસકા વતને અસલી હો ગઈ ?

અકષર અવામ ઔર કુછ એહલે ઈલ્મ હઝરાત મેં યે ગલતફહમી પાઈ જાતી હે કે આદમી જહાં શાદી કર લે વોહ જગા ઉસકા વતને અસ્લી હો જાતી હે લિહાઝા ૯૨ કિ.મિ. યા ઝયાદા કા સફર કરકે વોહ અપને સસુરાલ પહોંચા તો અગર વહાં ૧૫ દિનસે કમ ઠેહરને કા ઈરાદા હો ફિર ભી નમાઝ પૂરી પળ્હેગા, કસ્ર નહીં કરેગા.

**ઈસ ગલતફહમી** કી અસ્લ વજહ વોહ ઈબારત હે જો "બહારે શરીઅત" ઔર દીગર મુતઅદ્દિદ કુતુબે ફિક઼્હ મેં મૌજૂદ હે કે "આદમી કી શાદી કી જગા ઉસ કે લિયે વતને અસ્લી હે." હાલાં કે યે હુકમ મુત્લક઼ નહીં હે કે શાદી કે બાદ બીવી ઉસ જગા રહે યા ન રહે વોહ જગા (જહાં મર્દ કી શાદી હૂઈ) ઉસ કે લિયે વતને અસ્લી હો જાએ. બલ્કે યહાં યે કૈદ રહેગી કે શાદી કે બા'દ બીવી મુસ્તકિ઼લ ઉસી જગા પર રહે અગરચે વોહ કિસી દૂસરી જગા રેહતા હો. તો અસ્લ શરીઅત કા હુકમ યે હે કે આદમી કી શાદી કી જગા કે વતને અસ્લી હોને કે લિયે ઝરૂરી હે કે ઉસ જગા બીવી કી મુસ્તકિ઼લ સુકૂનત હો, ચાહે શોહર દૂસરી જગા રહે. વરના અગર બીવી ભી ઉસ જગહસે રૂખ્સત હો કર અપને શોહર કે સાથ ચલી આઈ તો વોહ જગા અબ દોનોં કે લિયે વતને અસ્લી નહીં હોગી.

શાદી કી જગહ શોહર કે લિયે વતને અસ્લી હોને

અઝ : **હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી** *(સદર મજલિસે કઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)*

કે લિએ બીવી કી વહાં મુસ્તકિ઼લ સુકૂનત ઝરૂરી હોને પર પેહલી દલીલ વો જુઝઈયા હે, જિસમેં ફુક઼હાએ કિરામને યે હુકમ બયાન ફર્માયા કે એક આદમી કી દો બીવિયાં હોં ઔર મુખ્તલિફ જગહોંમેં રેહતી હોં તો વોહ દોનોં જગા શોહર કે લિએ વતને અસલી હે, ઉન મેં સે જિસ જગા ભી વોહ જાએગા, મુક઼ામ કહેલાએગા, અલબત્ત કિસી બીવી કા ઈન્તિક઼ાલ હો ગયા તો ચાહે વહાં અસ્બાબો ઘર મૌજૂદ હોં, મુફતાબિહી ક઼ૌલ કે મુતાબિક બીવી કે ઈન્તિક઼ાલ કર જાને કી સૂરત મેં અબ વોહ જગા ઉસ કે લિએ વતને અસલી ન રહેગી. ઈસ મસ્અલે મેં વાઝેહ તોર પર ફુક઼હાને બીવિયોં કી સુકૂનત કો શોહર કે વતને અસલી હોને કી બુન્યાદ બનાયા હે, ઈસ વજહ સે એક બીવી કે ઈન્તિક઼ાલ હો જાને પર ઉસ જગા શોહર કે લિયે વતને અસલી ન રહને કા હુકમ બયાન ફર્માયા, લિહાઝા જહાં સે શાદી હોતે હી બીવી રુખ્સત હો કર શોહર કે પાસ આ જાએગી તો વોહ જગા શોહર કે લીએ વતને અસલી હર્ગિઝ નહીં હોગી. ઐસા હી "રદુલ મુહ્તાર", જિલ્દ : ૨, સફહા : ૭૩૯ ઔર "જદુલ્ મુમ્તાર" જિલ્દ : ૩, સફહા : ૫૭૨ પર હે.

દૂસરી દલીલ : યે હે કે હુઝૂર علیہ الصلوۃ والسلام કી શાદી મક્કા શરીફ મેં હૂઈ થી લેકિન એહલો અયાલ કે સાથ હિજરત ફર્માકર મદીના શરીફ તશરીફ લે આએ તો મક્કા શરીફ આપકા વતને અસ્લી ન રહા જૈસા કે હજ્જતુલ વદાઅ કે મૌક઼ પર આપ ﷺને કસ્ર નમાઝ અદા ફર્માઈ. જૈસા કે "મુહીતે બુર્હાની"મેં હે:

તર્જુમા : બેશક ! મક્કા હુઝૂર علیہ الصلوۃ والسلام કા વતને અસલી થા ફિર જબ હુઝૂર ﷺને અપને અહલો અયાલ કે સાથ મદીના કી તરફ હિજરત ફર્માઈ ઔર ઉસે અપની જાએ સુકૂનત બના લિયા તો મક્કા હુઝૂર કા વતને અસલી ન રહા, યહાં તક કે હજ્જુલ વદાઅ કે સાલ હુઝૂર ﷺને ફર્માયા : અય મક્કા કે રહનેવાલો ! અપની નમાઝ મુકમ્મલ કરો ક્યૂં કે હમ લોગ મુસાફિર હૈં.

**૪૭. ક્યા સફર કી હાલત મેં સુન્નતે મુઅક્કદા નહીં પળ્હની હૈ ?**

બા'ઝ અવામ મેં યે ગલતફહમી પાઈ જાતી હે કે સફર કી હાલત મેં સુન્નતે મુઅક્કદા મઆફ હે યા સુન્નતે મુઅક્કદા ગૈર મુઅક્કદા હો જાતી. યે બિલ્કુલ ગલત હે શરીઅત કા હુકમ યે હે કે અગર વક઼્ત હે તો સુન્નતે મુઅક્કદા પળ્હી જાએ, મઆફ નહીં હે. હા ! અગર વક઼્ત ન હો તો મઆફ હે. જૈસા કે "બહારે શરીઅત" મેં હે.

"સુન્નતોં મેં કસ્ર નહીં બલ્કે પૂરી પળ્હી જાએંગી અલ્બત્ત ખોફ ઔર રવાદારી કી હાલત મેં મઆફ હૈં ઔર અમન કી હાલત મેં પળ્હી જાએં. *(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૪, સફહા : ૭૪૪)*

**૪૮. ક્યા જુમ્આ કી નમાઝ સહીહ હોને કે લિયે મસ્જિદ હોના ઝરૂરી હૈ ?**

અકષર લોગ યે સમજતે હૈં કે જુમ્આ કી નમાઝ સહીહ હોને કે લિયે મસ્જિદ હોના ઝરૂરી હે, મસ્જિદ કે અલાવા કિસી જગહ જુમ્આ કી નમાઝ સહીહ ન હોગી. હાલાં કે યે ગલત હે. શરીઅત કે એ'તેબાર સે નમાઝે જુમ્આ સહીહ હોને કે લિયે મસ્જિદ હોના ઝરૂરી નહીં, બલ્કે જુમ્આ કે શરાઈત પાએ જાએં તો કિસી ભી જગહ જુમ્આ સહીહ હો જાએગા. જૈસા કે ફતાવા રઝવિય્યહ્ મેં હે :–

"જુમ્આ કે લિયે મસ્જિદ શર્ત નહીં મકાન મેં ભી હો સક્તા હે જબ કે શરાઈતે જુમ્આ પાએ જાએં ઔર ઈઝ્ને આમ (આમ ઈજાઝત) દે દિયા જાએ. લોગોં કો ઈત્તિલાએ આમ હો કે યહાં જુમ્આ હોગા ઔર કિસી કે આને કી મુમાનઅત ન હો."

*(ફતાવા રઝવિય્યહ્, જિલ્દ : ૮, સફહા : ૪૬૦)*

# હું મુસલમાન થઈને કુર્આન વિશે શું જાણું છું ?!



હપ્તો ૦૭

**લેખક : ડૉક્ટર મુહમ્મદ અહમદ નઈમી**
*(જામિઆ હમદર્દ યુનિવર્સિટી–ન્યુ દિલ્હી)*
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

## કુર્આનનો મો'જિઝો તથા ચેલેંજ

ઈસ્લામનો ઈતિહાસ સાક્ષી છે કે અંબિયાએ કિરામ તથા રસૂલાને એઝામ (નબીઓ તથા રસૂલો)ને દરેક દૌર તથા દરેક જમાનામાં એ જ પ્રકારના મો'જિઝા અતા કરવામાં આવ્યા કે જે કલા તથા ઈલ્મમાં (વિદ્યામાં) એમની કૌમને નિપૂણતા હાંસલ હતી અને જેના કારણે તે કૌમો પોતાના પર ગર્વ કરતી હતી અને અન્ય કૌમોને તુચ્છકારભરી નજરો વડે જોતી હતી. દા.ત. હઝરત મૂસા عليه السلامની કૌમને જાદૂગરી પર ઘણો ગર્વ હતો, જેથી હઝરત મૂસા عليه السلامને અસા (લાકડી)ના સ્વરૂપમાં એક એવો મો'જિઝો અતા કરવામાં આવ્યો કે તેમના (કૌમના) સર્વ જાદૂઈ કરિશ્મા ફેઈલ થઈ ગયા. હઝરત દાઊદ عليه السلامની કૌમ લોખંડની કારીગરીમાં અજોડ હતી. તેના જવાબમાં દાઊદ عليه السلامને એ મો'જિઝો અર્પણ કરવામાં આવ્યો કે લોખંડ આપના હાથોમાં આવતાં જ મીણ બની જતુ હતું અને પછી જે ચીજ ચાહતા બનાવી લેતા હતા. હઝરત સાલેહ عليه السلامના જમાનામાં પથ્થરનું કોતરકામ ઉચ્ચ કક્ષાએ હતું. આપની કૌમ એવા અજીબોગરીબ પૂતળાં તૈયાર કરતી કે બુદ્ધિ દંગ રહી જતી. અલ્લાહે આપને પથ્થરથી ઊંટના સ્વરૂપમાં એવો મો'જિઝો અતા કર્યો કે તેમની સર્વ કારીગરી ફીકી પડી ગઈ. હઝરત ઈસા عليه السلامના જમાનામાં ઈલ્મે તિબ્બ તથા મેડિકલ સાયન્સની બોલબાલા હતી. આપની કૌમને પોતાની આ વિદ્યાકલા પર ઘણો જ ઘમંડ હતો. અલ્લાહે આપને એવો મો'જિઝો અતા કર્યો કે આપનો દસ્તે નબુવ્વત રાખતાં જ કોઢીઓને શિફા, નાબીનાને બીનાઈ અને قُم بِاِذنِ الله (કુમ બિ ઈઝ્નિલ્લાહ) કહેતાં જ મુડદાં જીવતાં થઈ જતાં હતાં.

પયગંબરે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺના મુબારક યુગમાં અરબ વાસીઓને પોતાની ઝબાનદાની અને ફસાહત તથા બલાગત (ઉમદા વાણી) પર નાઝ હતો. એવો નાઝ કે તેઓ પોતાના સિવાયની બીજી કૌમો અને અન્ય દેશોના લોકોને ગુંગા સમજતા હતા અને એ કારણે એમને "અજમી" નામથી યાદ કર્યા કરતા હતા.

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે પયગંબરે ઈસ્લામ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની નબુવ્વત તથા રિસાલતનું સમર્થન તથા સાબિતીના માટે જેવી રીતે હજારો મો'જિઝા અતા કર્યા તેવી જ રીતે કુર્આન મજીદના રૂપમાં એક એવો મહાન કાયમી મો'જિઝો ઈનાયત ફર્માવ્યો કે તેની અજોડ વર્ણન શૈલી, ગોઠવણ તથા ક્રમ, ફસાહત તથા બલાગત (ઉમદા વાણી)ને જોઈને અરબના ખ્યાતનામ શાયરો તથા સાહિત્યકારો તથા ફુસહા (ઉમદા સ્પીચવાળા)ઓના માથાં સ્વીકૃતિમાં ઝુકી ગયાં અને તેમની ઝબાનો ગુંગી થઈ ગઈ !

*તેરે આગે યૂંહી દબે લચે ફુસહા અરબ કે બળે બળે*
*કોઈ જાને મુંહમેં ઝબાં નહીં, નહીં બલ્કે જિસ્મમેં જાં નહીં!*

કુર્આને હકીમના ઘણા મો'જિઝામય સબબ છે જેની ગણત્રી કરવી અશક્ય કાર્ય છે. ટૂંકમાં એવું સમજો કે કુર્આનનો દરેક ખૂણો (પાસુ) પોતાનામાં એક મો'જિઝાની હૈસિયત ધરાવે છે. ઝબાન તથા

બયાન, અસ્લૂબે કુર્આની, મોહકમ આયાત, મુત્તસિલ કલેમાત, હુરૂફે મુક્ત્તિઆત, હુસ્ને નઝમો મઆની, કુર્આન મતાલેઅ વ મક઼ાતેઅ અને ફવાસિલ, ફસાહત તથા બલાગત અને એજાઝ તથા આયતો તથા સૂરતોની શરૂઆતના તથા અંતનો અંદાઝ સૌ મો'જિઝો છે. તેમનું દષ્ટાંત ન તો કુર્આનથી પહેલાં મળે છે ન ક઼યામત સુધી મળી શકશે.

ઈમામુલ મુફસ્સિરીન અલ્લામા અબ્દુર્રહમાન જલાલુદ્દીન સિયૂતી ક઼ાઝી અબૂબકરના હવાલાથી લખે છે કે : ''કુર્આનના એજાઝ (મો'જિઝા)નું કારણ એનો નઝ્મ (ગોઠવણી) તથા તેનું સંપાદન તથા ક્રમબદ્ધતા છે. અને એ કે એ સર્વ નઝમ (ગોઠવણી)ના તરીક઼ાઓથી અલગ છે જે અરબના કલામમાં સામાન્ય રીતે જોવા મળે છે. અને એ કુર્આનની શૈલી અરબની શૈલીથી કોઈ મુશાબેહત (મળતાપણુ) નથી ધરાવતું એટલા માટે અરબવાસીઓથી કુર્આનની સરખામણી કે તેનો બદલ (જોડ) શક્ય ન બન્યું.

*(અલ્ ઈત્ક઼ાન ફી ઉલૂમિલ કુર્આન, ૨/૧૧૮, અરબી)*

ઈમામ સિયૂતી એક અન્ય જગાએ હાઝિમની કૃતિ ''મિન્હાજુલ બલગા''નો હવાલો આપતાં લખે છે કે : ''અને હાઝિમે મિન્હાજુલ બલગા''માં કહ્યું કે કુર્આનમાં એજાઝનું કારણ એ છે કે એમાં ફસાહત તથા બલાગત (ઉમદાવાણી) તેના દરેક પ્રસંગોપાત બરાબર જોવામાં આવે છે, એ રીતે કે તેની અંદર એ ક્રમ તૂટતો નથી અને એના માટે કોઈ માનવી ક઼ાદિર (શક્તિમાન) નથી. એનાથી ઉલ્ટુ અરબનું કલામ (વાણી) અથવા તેમની ભાષામાં વાતો કરનારાઓના ઉચ્ચ કક્ષાના કલામમાં એ વાત નથી કે તેના પ્રારંભથી અંત સુધી દરેક જગાએ બિલકુલ એકરૂપતાની સાથે ફસાહત તથા બલાગત (ઉમદા સ્પીચ) મૌજૂદ હોય. બે ચાર વાક્યો સુધી સંપૂર્ણ ફસાહત તથા બલાગત (ઉમદાપણુ અલંકારિક્તા) રહે છે પછી માનવી સહજ ખામીઓ પોતાનો રંગ દેખાડવા માંડે છે, જેના કારણે કલામની ખૂબી તથા રોનક જતી રહે છે.

*(હવાલો : ઉપર મુજબ, પેજ–૧૧૯)*

ટૂંકમાં એ કે પ્રખ્યાત ફુસહા તથા બલગા (ઉમદા સ્પીચવાળા) અને સમયના અજોડ ભાષાશાસ્ત્રીઓને જો કોઈએ આશ્ચર્યમાં ડૂબાડી દીધા છે તો તે કુર્આને મુક઼દસ હતું. કુર્આને મુક઼દસે તેમને સતત લગભગ ૨૩ વરસો સુધી ચેલેંજ આપી પણ હજારો કોશિશો છતાં તેઓ મુક઼ાબલો ન કરી શક્યા.

પયગંબરે ઈસ્લામ હઝરત મુહમ્મદ ﷺના અન્ય મો'જિઝાઓનો ઈન્કાર કરવાની જેમ તથા તેમને જાદૂ કહેવાની જેમ કાફિર મુશ્રિકોએ કુર્આને પાકના કલામે ઈલાહી અને મો'જિઝો હોવાનો પણ ઈન્કાર કર્યો અને તેને આપના દિલો દિમાગનું સર્જન ઠરાવ્યું. આ મોક઼ા પર ઈલ્ઝામી જવાબ આપતાં કુર્આને પાકે ઈર્શાદ ફર્માવ્યો કે મુહમ્મદ ﷺ ઈન્સાન છે અને તમો પણ ઈન્સાન છો અને તમને પોતાની ઝબાનદાની ફસાહત તથા બલાગત પર પણ નાઝ છે જેથી જો આ કોઈ માનવીનું કલામ છે તો તમે પણ એના જેવું બનાવી લાવો. જેમ કે ઈર્શાદે બારી તઆલા છે : اَمۡ يَقُوۡلُوۡنَ افۡتَرٰىهُ‌ ؕ قُلۡ فَاۡتُوۡا بِعَشۡرِ سُوَرٍ مِّثۡلِهٖ ''શું તેઓ કહે છે તેણે આ (કુર્આન)ને ખુદ બનાવેલ છે, ફર્માવી દો કે તમે પણ એવી દસ સૂરતો બનાવી લાવો.''

*(સૂરએ હૂદ, આ. ૧૩)*

કાફિર મુશ્રિકો દસ સૂરતોને બનાવવામાં જ્યારે હેરાન તથા પરેશાન થઈ ગયા તો કુર્આને ફરી ચેલેંજ કરી કે :

وَاِنۡ كُنۡتُمۡ فِىۡ رَيۡبٍ مِّمَّا نَزَّلۡنَا عَلٰى عَبۡدِنَا فَاۡتُوۡا بِسُوۡرَةٍ مِّنۡ مِّثۡلِهٖ

''જો તમે એના (કુર્આનના) બારામાં કોઈ શકમાં હોય તો જે અમે અમારા બંદા પર નાઝિલ કરી છે એના જેમ એક સૂરત જ બનાવી લાવો.''

*(સૂરએ બક઼રહ, આ. ૨૩)* વધુ પેજ 49 પર..

# મહબૂબે ઈલાહી હઝરત નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہ

**રજૂકર્તા : મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

સુલ્તાનુલ મશાઈખ, મહબૂબે ઈલાહી હઝરત ખ્વાજા સૈયદ મુહમ્મદ નિઝામુદ્દીન અવલિયા ચિશ્તી દહેલ્વી رحمۃ اللہ علیہની વિલાદત બદાયું શહેરમાં ૨૭ સફર હિ.સ. ૬૩૬માં થઈ. આપનું નામ મુબારક હઝરત ખાતમુલ અંબિયા હુઝૂર નબીએ આખિરુઝ્ઝમાં ﷺના નામ મુબારકની નિસ્બતથી ''મુહમ્મદ'' રાખવામાં આવ્યું પરંતુ દુનિયામાં આપે પોતાના લકબોથી ખ્યાતિ પામી. હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા, હઝરત મહબૂબે ઈલાહી, હઝરત સુલ્તાનુલ મશાઈખ, હઝરત સુલ્તાનુલ અવલિયા કહે છે : અને શહનશાહોની દિલ્હીના લોકો આજે પણ આપને હઝરત ''સુલ્તાન જી'' કહે છે. અને ઘણી જ અક઼ીદતો મહોબ્બતથી શબે બરાત, શબે મેઅરાજ, શબે ક઼દ્ર, ઈદ, બક઼ ઈદની રાતોમાં અને જુમેરાત અને સોમવારે આપની બારગાહમાં હાજરી આપે છે. બલ્કે સુલ્તાન જીની બારગાહમાં શહેનશાહો અને સુલ્તાનોની દિલ્હીના લોકો ઈબાદત અને તિલાવતમાં વ્યસ્ત નજર આવે છે જાણે કે



તેઓનું માનવું છે કે સુલ્તાન જીની બારગાહમાં દુઆઓ ક઼બૂલ થાય છે અને મહબૂબે ઈલાહીની બુઝુર્ગીનો સદક઼ો મળે છે.

હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા નજીબુત્તરફૈન સાદાતમાંથી છે. આપનો સિલસિલએ નસબ પંદર વાસ્તાથી હઝરત અલી کرم اللہ وجہہ الکریم અને ખાતૂને જન્નત હઝરત બીબી ફાતિમા ઝહરા رضی اللہ عنہاથી મળે છે. આપના દાદા સૈયદ અલી બુખારી અને તેમના ચચાઝાદ ભાઈ હઝરત સૈયદ અરબ બુખારી (હઝરતના નાના મોહતરમ) બંને બુઝુર્ગ પોતપોતાના પરિવાર સાથે હિજરત કરી બદાયૂંમાં વસી ગયા હતા. આપના નાના હઝરત સૈયદ અરબ બુખારીનાં સાહબઝાદી હઝરત સૈયદા ઝુલેખાં સાહેબા (હઝરતના વાલિદા માજિદા) પોતાના સમયના કામિલ વલીયા હતાં. તેમને તે સમયના ''રાબેઅ઼ા અ઼સ્રી'' કહેવામાં આવતાં હતાં. આપના દાદા હઝરત સૈયદ અલી બુખારીના સાહબઝાદા હઝરત સૈયદ અહમદ બુખારી (હઝરતના વાલિદે માજિદ) એક નેક સીરત અને સાહિબે ફઝ્લો કમાલ અલ્લાહવાળા હતા. આપના દાદા હઝરત સૈયદ અલી બુખારી અને આપના નાના હઝરત સૈયદ અ઼રબ બુખારી બંને બુઝુર્ગોએ મશ્વરાથી પોતાના ખાનદાની રિશ્તાને મજબૂત કરતાં હઝરત સૈયદ અહમદ અ઼લી બુખારીની શાદી સૈયદા ઝુલેખા સાથે કરાવી. એટલે હઝરત મહબૂબે ઈલાહી, બુખારી સાદાતે કિરામના બદાયૂની ચશ્મો ચિરાગ છે, જેમની રૂહાની ઈરફાની ઝાતે મુબારકથી દેહલી શરીફ (દિલ્હી) આજે પણ મુનવ્વર

છે અને આપને સુલ્તાને દેહલી માનવામાં આવે છે.

હઝરત નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہ પાંચ વરસના થયા હતા કે વાલિદે મોહતરમની વફાત થઈ ગઈ પરંતુ આપના નેક દિલ, પાક સીરત અને બુલંદ હિંમત વાલિદા હઝરત બીબી ઝુલેખાએ સુતર કાંતીને પોતાના યતીમ ફરઝંદની ઉત્તમ પરવરિશ કરી. હઝરત બીબી ઝુલેખા એક અમીર કબીર બુઝુર્ગ ખ્વાજા સૈયદ અરબ બુખારી رحمۃ اللہ علیہના સાહબઝાદી હતાં. પરંતુ આપે પોતાના વાલિદની દૌલત તરફ આંખ ઉઠાવીને પણ ન જોયું. આપ રાત દિવસ સૂતર કાંતતાં અને તેને ખાદિમોના હાથે બજારમાં વેચાવી આપતાં. આ રીતે જે કાંઈ રકમ મળતી તેનાથી ગુજરાત ચલાવતાં, આ આવક એટલી ઓછી હોતી કે સામાન્ય ખાવા સિવાય અન્ય કાંઈ ન આવતું. ગરીબીની એ હાલત હતી કે સખત મહેનત કરવા છતાં અઠવાડિયામાં એક દિવસ ફાકો જરૂર થતો. જે દિવસે ફાકો થતો અને હઝરત નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہ વાલિદા માજિદાથી ખાણુ માગતા તો હઝરત બીબી ઝુલેખા અત્યંત પ્રેમથી ફર્માવતાં : "બાબા નિઝામ ! આજે આપણે સૌ અલ્લાહના મહેમાન છીએ !" હઝરત બીબી ઝુલેખાનું બયાન છે કે હું જે દિવસે "સૈયદ મુહમ્મદ"ને કહેતી કે આજે આપણે અલ્લાહના મહેમાન છીએ તો તે ઘણા ખુશ થતા. આખો દિવસ ફાકાની હાલતમાં પસાર થઈ જતો પરંતુ એકવાર પણ ખાવાની કોઈ વસ્તુ ન માગતા અને એ રીતે સંતુષ્ટ રહેતા કે અલ્લાહની મહેમાનીનું વર્ણન સાંભળીને તેમને દુનિયાની દરેક નેઅમત પ્રાપ્ત થઈ ગઈ હોય. જ્યારે બીજા દિવસે ખાવાની વ્યવસ્થા થઈ જતી તો હઝરત નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہ પોતાનાં વાલેદા મોહતરમાને અરજ કરતા, "મા ! હવે આપણે કયા દિવસે અલ્લાહના મહેમાન બનીશું ?" વાલિદા મોહતરમાએ જવાબ આપતાં કહ્યું, "બાબા નિઝામ ! એ તો અલ્લાહની મરજી પર નિર્ભર છે. તે કોઈનો મોહતાજ નથી, દુનિયાની દરેક વસ્તુ તેની મોહતાજ છે. તે જ્યારે ચાહશે તમને પોતાના મહેમાન બનાવી લેશે." હઝરત નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہ વાલિદએ મોહતરમાની ઝબાની આ સ્પષ્ટતા સાંભળી થોડીક ક્ષણો માટે ચુપ થઈ જતા પછી અત્યંત સરશારીના આલમમાં આ દુઆ માગતા, "હે અલ્લાહ ! તું પોતાના બંદાઓને દરરોજ પોતાના મહેમાન બનાવ." અલ્લાહની મહેમાનીનો અર્થ એ જ હતો કે તે દિવસ ફાકાની હાલતમાં રહેવું પડશે. પાંચ વરસની વયમાં આ દુઆ, આ ઈચ્છા અને આ આરઝૂ ! સુબ્હાનલ્લાહ !

આપની સીરત અને સવાનેહની કિતાબોમાં આપના વાલિદાએ મોહતરમાની ઝબાની બાબા નિઝામના સંબોધનથી જણાય છે કે એ જ નિઝામ બાદમાં આમ તથા ખાસ લોકોની ઝબાન પર નિઝામુદ્દીન અવલિયાથી પ્રસિદ્ધ થઈને આપનો મશહૂર લકબ બની ગયો જેને નામનો દરજ્જો પ્રાપ્ત થયો.

હઝરત નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہ બદાયૂં શરીફમાં જ તા'લીમો તર્બિયત માટે હઝરત મૌલાના અલાઉદ્દીન ઉસૂલી رحمۃ اللہ علیہના દર્સમાં હાજર થવા લાગ્યા. આપના ઉસ્તાઝે મોહતરમે આપના ઈલ્મી ઉમંગને જોઈને આપના પર વિશેષ ધ્યાન આપ્યું. પ્રાથમિક દીની તા'લીમ પછી ફિક્હે હનફીની મશહૂર કિતાબ "કુદૂરી" ખત્મ કરી. જ્યારે કુદૂરી પૂરી થવાના નજીક હતી તો એક દિવસ આપના ઉસ્તાઝે મોહતરમે હઝરત નિઝામુદ્દીન અવલિયાથી ફર્માવ્યું, સૈયદ ! હવે તમે એક મોટી કિતાબ સંપૂર્ણ કરી રહ્યા છો એટલા માટે જરૂરી છે કે પોતાના માથા પર ઈલ્મની દસ્તાર બંધાવો. સાંજે પોતાના સાહબઝાદાના મોઢેથી આ ખુશખબરી સાંભળીને હઝરત બીબી ઝુલેખા ઘણા ખુશ થયાં. ત્યાર બાદ આપની જિંદગીનો એ યાદગાર

દિવસ પણ આવ્યો જ્યારે હઝરત બીબી ઝુલેખાએ ખાણુ તૈયાર કરાવ્યું અને બદાયૂંના જલીલુલ કદ્ર ઉલ્માની દા'વત કરી. જ્યારે બદાયૂંના મુમતાઝ જલીલુલ કદ્ર ઉલ્મા આવી ગયા તો મૌલાના અલાઉદ્દીન ઉસૂલીએ પોતાના શાર્ગિદ "સૈયદ મુહમ્મદ"ના માથા પર દસ્તારે ફઝીલત બાંધી. દસ્તારબંદી બાદ પોતાના ઉસ્તાઝે ગિરામી મૌલાના અલાઉદ્દીન ઉસૂલી رحمۃ اللہ علیہની દસ્તબોસી કરી. મૌલાના ઉસૂલી عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَانએ પણ પોતાના મહબૂબ શાર્ગિદને એ રીતે દુઆઓ આપી કે મજલિસની આંખો ભીની થઈ ગઈ. એ જ મજલિસમાં હઝરત મૌલાના ઉસૂલીએ મજલિસમાં હાજર લોકોને સંબોધીને ફર્માવ્યું હતું કે, "અલ્લાહે ચાહ્યું તો આ બાળ કનું માથુ કોઈ ઈન્સાન સમક્ષ ઝુકશે નહીં !"

દિલ્લીમાં હઝરત નિઝામુદ્દીન અવલિયાના નજીકમાં જ હઝરત બાબા ફરીદુદ્દીન ગંજ શંકર ચિશ્તી رحمۃ اللہ علیہના ભાઈ હઝરત શૈખ નજીબુદ્દીન મુતવક્કિલ عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَانનું મકાન હતું. હઝરત નિઝામુદ્દીન અવલિયા અધિકતમ હઝરત શૈખ નજીબુદ્દીન મુતવક્કિલ عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَانથી મુલાકાત ફર્માવતા. શૈખ મુતવક્કિલ عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَانની ઝબાની હઝરત બાબા ફરીદુદ્દીન ગંજે શકરની ફઝીલત અને મર્તબા વિશે જાણવા મળતુ. આ રીતે ગાએબાના હઝરત ગંજ શકર عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَانના અકીદતમંદ થઈ ગયા. અને આપના દિલમાં એ ઈચ્છા પેદા થવા લાગી કે હઝરત ગંજ શકર رحمۃ اللہ علیہથી મુલાકાત કરવામાં આવે. દિલી ઈચ્છાને વશ થઈ પાક પત્તન શરીફ હાજર થઈ ગયા. જ્યારે બાબા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہની ખિદમતમાં પહોંચ્યા તો આપને જોઈને બાબા ફરીદુદ્દીન رحمۃ اللہ علیہએ આ શેઅ્ર કહ્યો :–

*અય આતિશે ફિરાક્ત દિલહા કબાબ કરદા*
*સૈલાબે ઈશ્તિયાક્ત જાંહા ખરાબ કરદા*

(તમારી જુદાઈની આગે ઘણા દિલોને કબાબ કરી રાખ્યાં હતાં, અને તમારી મુલાકાતના સૈલાબે ઘણી જાનોને તબાહ કરી રાખી હતી.)

હઝરત નિઝામુદ્દીન અવલિયાએ હઝરત ગંજ શકર رحمۃ اللہ علیہના મુબારક હાથ પર બયઅત કરી અને આપના હલ્કએ ઈરાદતમાં સામેલ થઈ ગયા. હઝરત બાબા ફરીદુદ્દીન رحمۃ اللہ علیہએ આપના પર વિશેષે શફ્કત (પ્રેમભાવ) ફર્માવી. હઝરત બાબા ગંજ શકર رحمۃ اللہ علیہના હેઠળ આપે કુર્આન પાક છ સિપારા તજવીદ અને કિર્અત સાથે પઢયા. હઝરત બાબા ફરીદુદ્દીન رحمۃ اللہ علیہના હલ્કએ દર્સમાં હઝરત શૈખ શહાબુદ્દીન સુહરવર્દી عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَان કિતાબ "અવારિફુલ મઆરિફ"ના છ બાબ (અધ્યાય) પઢ યા. હઝરત ગંજ શકર عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَانએ હઝરત નિઝામુદ્દીન અવલિયા عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَانને શૈખ અબૂ શકૂર સાલમીની કિતાબ "તમ્હીદ" પણ શરૂથી અંત સુધી પઢાવી. એક અરસા બાદ હઝરત બાબા ફરીદ رحمۃ اللہ علیہએ હઝરત નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہને હિ.સ. ૬૫૯માં ખલ્કે ખુદાની હિદાયત અને ખિદમતની ઈજાઝત આપી દિલ્હી રવાના ફર્માવ્યા. દિલ્હી આવી મોહલ્લા ગયાષપૂરામાં સ્થાયી વસવાટ કર્યો. અહીંયા આપે ૩૦ વરસ સુધી સખત મુજાહિદો કર્યો.

મહ્બૂબે ઈલાહી, અલ્લાહ તઆલાની બારગાહમાં મહ્બૂબ અને મુકર્રબ હતા. મહ્બૂબે ઈલાહી رحمۃ اللہ علیہ પોતાની વાતચીતમાં કુર્આન તથા હદીષ, સીરત તથા તારીખ, ફિક્હ તથા તસવ્વુફ, લુગત અને અદબના હવાલા આપતા. પોતાના મુરીદોને પુષ્કળ કુર્આને કરીમની તિલાવત કરવાની હિદાયત ફર્માવતા. કુર્આનના ઈલ્મો પર મહારત રાખતા અને મજલિસોમાં કુર્આની આયતની ઈમાન અફરોઝ તફસીર ફર્માવતા અને પોતાના શ્રોતાઓને

કુર્આની મઆરિફથી આગાહ ફર્માવતા. આપની બરકતોની અસરોથી હિંદુસ્તાન લબરેઝ (છલોછલ ભરેલુ) છે. હઝરત નિઝામુદ્દીન અવલિયાને અલ્લાહ તઆલાએ ઘણી જ મક્બૂલિયત આપી. આમ ખાસ સર્વ લોકો આપના તરફ રુજૂઅ કરવા લાગ્યા. ત્યાર પછી દસ્તે ગૈબ અને ફુતૂહાતના દ્વારા આપ પર ખોલવામાં આવ્યા. અને એક દુનિયા અલ્લાહ તઆલા એહસાન તથા ઈન્આમની મદદથી આપનાથી ફૈઝ લેવા લાગી. આપનો પોતાનો હાલ એ હતો દરેક સમયને રિયાઝત અને મુજાહેદામાં વીતાવતા, હમેશાં રોઝા રાખતા અને ઈફતારના સમયે થોડુ પાણી પી લેતા. શેહરીના સમયે કાંઈ ન ખાતા, બાતિની ફૈઝનો એ આલમ હતો જે વ્યક્તિ સાચા દિલ અને મહોબ્બતથી આપની ખિદમતમાં હાજર થતો તો તે આપની નિગાહે કિમીયા અરસની તાષીરથી જરૂર ફૈઝયાબ થતો.

અલ્લાહ તઆલાના ફઝલથી જ્યારે દિલ્હીવાસીઓને આપની બુઝુર્ગીની જાણ થઈ તો આપની ઝિયારત અને ફૈઝ તથા બરકત મેળવવા જુથના જુથ હાજર થવા લાગ્યા. આપની ખાનક્હે આલિયામાં હજારો ગરીબો, મિસ્કીનો, મુસાફિરો અને જરૂરતમંદોને આપના લંગરથી ખાતા દુનિયાએ જોયા છે. જેનો સિલસિલો આજે પણ ચાલુ છે. વિસાલથી પહેલાં આપ બીમાર થયા તો આપે વસિય્યત કરી કે ઘર અને ખાનક્હમાં જે કાંઈ સામાન માલો દોલત છે તે સર્વ ગરીબો મિસ્કીનોમાં વહેંચી દેવામાં આવે. આપના હુકમ પર ખ્વાજા મુહમ્મદ ઈક્બાલ (લંગરે નિઝામીના પ્રબંધક)એ હજારો મણ અનાજ વહેંચી દીધું, એક દાણો પણ લંગરખાનામાં રહેવા ન દીધો. હઝરત મહ્બૂબે ઈલાહી رحمۃ اللہ علیہના જમાનાના શહેનશાહો અને સુલ્તાનોની સંખ્યા ચૌદ (૧૪)ના લગભગ છે. જેમ કે સુલ્તાના રઝિયા બિન્તે શમ્સુદ્દીન અલ્તમશ, સુલ્તાન મુઈઝુદ્દીન બેહરામશાહ, સુલ્તાન અલાઉદ્દીન મસ્ઊદશાહ, સુલ્તાન નાસિરુદ્દીન મહ્મૂદ, સુલ્તાન ગ્યાષુદ્દીન બલ્બન, સુલ્તાન મુઈઝુદ્દીન કૈક્બાદ, ફિરોઝશાહ ખિલ્જી, ઈબ્રાહીમ ખીલ્જી, અલાઉદ્દીન ખિલ્જી, શહાબુદ્દીન ઉમરશાહ, કુત્બુદ્દીન મુબારક, નાસિરુદ્દીન ખુસ્રૂખાન, ગ્યાષુદ્દીન તુગ્લક્, મુહમદ બિન તુગ્લક્.

ગ્યાષુદ્દીન તુગ્લક્ હિંદુસ્તાનનો બાદશાહ બન્યો તો તેણે સમાના જાઈઝ નાજાઈઝ હોવા પર એક મજલિસનું આયોજન કર્યુ. જેથી હઝરત મહ્બૂબે ઈલાહી رحمۃ اللہ علیہના વિરોધી દરબારી આલિમો દ્વારા આપને નીચા દેખાડી શકાય. આપ તે મજલિસમાં તશરીફ લઈ ગયા અને બહષમાં દરબારી આલિમોના વાંધાઓને અક્લી અને નક્લી દલીલોથી બાતલ ઠરાવી દીધા, જેનાથી દરબારી આલિમો લાજવાબ થઈ ગયા. એનાથી ગ્યાષુદ્દીન તુગલક્ને ઘણી શર્મિંદગી થઈ. એ જ દિવસે તેણે બંગાલા રવાના થવાનું હતું, માટે તેણે જતાં જતાં હુકમ જારી કર્યો કે, ''ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા તેના દિલ્હી પરત આવતા પહેલાં શહેર છોડી ચાલ્યા જાય.'' આપના અક્દિતમંદોને આ શાહી ફર્માને ચિંતિત કરી દીધા, પરંતુ આપે તેને કોઈ મહત્વ ન આપ્યું અને પોતાના મામૂલાતમાં મશ્ગૂલ રહ્યા. પરંતુ તે સમયે આપના મુરીદોની પરેશાની વધી ગઈ, જ્યારે બાદશાહ દિલ્હી નજીક પહોંચીને પોતાના એક મહેલમાં રોકાયો. કારણ કે આગલા દિવસે તેના વિજય સમારોહ માટે શહેરમાં જોરશોરથી તૈયારીઓ થઈ રહી હતી. અક્દિતમંદોની ચિંતા અને પેરશાની જોઈ આપે ફર્માવ્યું, ''હનૂઝ દિલ્લી દૂર અસ્ત !'' (હજુ દિલ્લી દૂર છે !) તે જ રાત્રે તે મહેલ તૂટી પડયો અને તેમાં બાદશાહ દબાઈને મરી ગયો. તે દિવસથી આપનો ઐતિહાસિક જુમ્લો ''હનૂઝ દિલ્લી દૂર અસ્ત'' કહેવત બની ગયો.

મહબૂબે ઈલાહી હઝરત સૈયદ મુહમ્મદ બદાયૂની ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા ચિશ્તી દહેલ્વી رحمۃ اللہ علیہએ તજર્રુદ અપનાવ્યું, એટલા માટે આપની ઔલાદ ન હતી. પરંતુ આપે પોતાની બહેનની ઔલાદને પોતાની ઔલાદ જેમ પાલવીને, તા'લીમો તર્બિયત આપી. હઝરત મહ્‌બૂબે ઈલાહી رحمۃ اللہ علیہએ ૭૦ સાહિબાને હાલ અને બાકરામત ખલીફાઓ ખિદમત અને હિદાયત માટે મુક્‌ર્રર ફર્માવ્યા, જેમ કે હઝરત ખ્વાજા સૈયદ નસીરુદ્દીન રોશન ચિરાગ દહેલ્વી, હઝરત ખ્વાજા અમીર ખુસ્રુ તૂતીએ હિંદ, હઝરત શૈખ હુસામુદ્દીન ચિશ્તી, હઝરત શૈખ બુરહાનુદ્દીન ગ઼રીબ, હઝરત શૈખ શમ્સુદ્દીન ચિશ્તી, હઝરત ખ્વાજા અમીર અ઼લા હસન સજઝી رحمۃ اللہ علیہم اجمعین વગેરે. વિસાલ પહેલાં ઝોહરની નમાઝ બાદ હઝરત મહ્‌બૂબે ઈલાહી رحمۃ اللہ علیہએ હઝરત ખ્વાજા સૈયદ નસીરુદ્દીન રોશન ચિરાગે દહેલ્વીને બોલાવ્યા. ખિર્ક઼ા, અ઼સા, મુસલ્વી, તસ્બીહ, કાસા (પ્યાલો) વગેરે તબર્રુકાત જે હઝરત બાબા ફરીદ رحمۃ اللہ علیہથી પ્રાપ્ત થયાં હતાં તેમને અતા ફર્માવ્યાં, અને દિલ્હીમાં રહી ખિદમતો હિદાયત કરવા દિલ્હીવાસીઓની કઝા અને ફેંસલાઓ કરવાનો આગ્રહ કર્યો અને તેમને પોતાના નાઈબ અને જાનશીન બનાવ્યા.

હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہની કામ્યાબ રૂહાની અને અમલી જિંદગીથી માહિતગાર થવા અને આપની તા'લીમાત મુજબ જીવન પસાર કરવા માટે આ કિતાબો પઢવાની આદત બનાવો : *રાહ઼તુલ કુ઼લૂબ* (મલ્ફૂઝાતે હઝરત બાબા ફરીદ رحمۃ اللہ علیہ સંપાદક : હઝરત સુલ્તાનજી) *અફઝલુલ ફવાઈદ* (સંપાદક : હઝરત ખ્વાજા અમીર ખુસ્રૂ) *ફવાઈદુલ ફુવાદ* (સંપાદક : હઝરત અમીર હસન અ઼લા અજઝી) *સૈરૂલ અવલિયા*, (લેખક : હઝરત અમીર હસન સજઝી. (આ કિતાબો ગુજરાતીમાં દયાદરા મળે છે) આજે આપની દરગાહની સાથે દરગાહી મર્ક઼ઝના નજીક ઝામિનુલ મસાજિદ''થી અડીને જામેઆ હઝરત મહબૂબે ઈલાહીના નામથી એક યાદગાર નિઝામી દીની તા'લીમી સંસ્થા સ્થાપિત છે જેની સરપરસ્તી નાઈબ સજ્જાદાનશીન હઝરત સૈયદ ફરીદ અહમદ નિઝામી સદર દરગાહ કમિટી કરે છે અને હઝરત મૌલાના હાફિઝ જુનૈદ આ઼લમ કા઼દરી તેના નાઝિમે આ઼'લા તથા નિગરાં છે. હઝરત મહ઼બૂબે ઈલાહી رحمۃ اللہ علیہના તા'લીમી મિશનને આગળ વધારવા આ સંસ્થાની મદદ રૂહાની દીની તકાદો છે.

**વિસાલ :** હઝરત સુલ્તાન જી ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہએ ૯૪ વરસની વયે બુધના દિવસે **૧૮ રબીઉલ આખર** હિ.સ. ૭૨૫માં વિસાલ ફર્માવ્યો અને દીનો સુન્નત, શરીઅ઼તો તરીક઼ત તથા તસવ્વુફ અને ખિદમતે ખલ્ક઼નો ચિશ્તી સૂરજ દિલ્હીમાં ગુરૂબ થઈ ગયો. આપનો મઝારે પૂર અન્વાર બસ્તી હઝરત નિઝામુદ્દીન નવી દિલ્હીમાં લાખો દિલોની ચેન અને આંખોને ઠંડક બખ્શી રહ્યો છે. મઝારની સાથેની ખિલ્જી શાહી મસ્જિદની દીવાલ પર તારીખે વફાત લખેલી છે.

*નિઝામે દો ગેતી, શહે માહો તીં*
*સિરાજે દો આ઼લમ શુદહ બિલ્યકીં*
*ચૂં તારીખે ફૌતશ બજુસ્તમ ઝે ગૈબ*
*નિદાદાદ હાતિફ શહંશાહે દીં*
*(હિ.સ. ૭૨૫/ઈ.સ. ૧૩૨૪)*

**અર્થાત :** બંને જહાનના નિઝામ, આકાશ અને ધરતીના બાદશાહ. બેશક ! આપ બંને જહાનના ચિરાગ થયા. જ્યારે ગૈબથી આપની તારીખે વફાત શોધી તો ગૈબથી અવાજ આવ્યો ''શહંશાહે દીન''.

*(અઝ : મુહમ્મદઝફર બરકાતી, કન્ઝુલ ઈમાન મંથલી–દિલ્હી, જાન્યુ. ૨૨)*



# ઝિક્રે ઈલાહીની ફઝીલતમાં ૪૦ હદીષો

હફતો : ૧

-:: મૂળ લેખક ::-

**ઈમામ યૂસુફ ઈબ્ને ઈસ્માઈલ નબહાની** رحمۃ اللہ علیہ

-:: ઉર્દૂ અનુવાદક ::-

**સૈયદ મુહમ્મદ તહૂર કાદરી મિસ્બાહી**

-:: ગુજરાતી અનુવાદક ::-

**પટેલ શબ્બીર અલી રઝવી**

*આજે સામાન્યતઃ લોકો અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ના ઝિક્રો દુરૂદની, કુર્આન હદીષના દર્સની મેહફિલોને જાણે મહત્વની ગણતા જ ન હોય એ રીતે મસ્જિદમાં કે અન્ય જગાએ આવી મેહફિલ હોય તેને ત્યજીને અન્ય ગપાટાની મેહફિલો કે હુક્કા પાર્ટીમાં કશ લેતા રહીને મજા માણતા હોય છે. તેઓ રસૂલે પાક صلی اللہ علیہ وسلم ના ફર્માનો વાંચે અને તેના ફાયદા જુએ અને જરૂર આવી મેહફિલોમાં હાજર થાય. અલ્લાહ તૌફીક આપે. (આમીના)*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

الحمد للّٰه رب العالمين، و الصلوٰة والسلام علی سيدنا

محمد سيد المرسلين وعلٰى اله و صحبه أجمعين۔

أَمَّا بعد: فهذه أربعون حديثاً فی فضل الذكر۔

સર્વ તારીફો અલ્લાહ عزوجل تعالٰی ની શાનને માટે છે જે સર્વ જહાનોનો રબ છે અને દુરૂદો સલામ નાઝિલ થાય આપણા આકા મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم પર જે તમામ રસૂલોના સરદાર છે અને આપના આલ તથા સહાબા رضوان اللہ تعالٰی علیہم اجمعین પર.

**હદીષ-૧ :** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. તે ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું : અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ઈર્શાદ ફર્માવે છે કે, હું મારા બંદાના ગુમાન પ્રમાણે હોઉં છું (જે મારા સંબંધે રાખે છે) અને એની સાથે હોઉં છું જ્યારે તે મને યાદ કરે છે. જો તે મને દિલમાં યાદ કરે છે તો હું પણ તેને છુપા તરીકાથી યાદ કરું છું અને જો મજમામાં યાદ કરે છે તો હું તેનાથી બેહતર મજમામાં તેને યાદ કરું છું. જો તે મારાથી એક વેંત બરાબર નજીક થાય છે તો હું એક હાથ બરાબર તેની નજીક થાઉં છું. અને જો તે મારાથી એક હાથ બરાબર નજીક થાય છે તો હું બંને હાથોની વિશાળતા બરાબર તેની નજીક થઈ જઉં છું. અને જ્યારે તે મારી તરફ આગળ વધે છે તો હું તેની તરફ સબકત (અધિક તેજી) કરું છું. બુખારી તથા મુસ્લિમે રિવાયત કરી.

*(સહીહ બુખારી, કિતાબુત્તૌહીદ, બાબુ કૌલિલ્લાહ وَيُحَذِّرُكُمُ اللّٰهُ نَفْسَهٗ, હદીષ : ૭૪૦૫)*

**હદીષ-૨ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. તે ફર્માવે છે કે રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે કે હે ઈબ્ને આદમ ! જ્યારે તું મને એકાંતમાં યાદ કરે છે તો હું પણ તને એકાંતમાં યાદ કરું છું. અને જ્યારે તું મને મજમામાં યાદ કરે છે તો હું તને એનાથી બેહતર મજમામાં યાદ કરું છું જેમાં તું મને યાદ કરે છે. બઝ્ઝારે એને સહીહ સનદો સાથે રિવાયત કરી.

*(મુસ્નદે બઝ્ઝાર, ફસ્લ : મુસ્નદે ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما, હદીષ : ૫૧૩૮)*

**હદીષ-3 :** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. તે ફર્માવે છે કે હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું : અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ઈર્શાદ ફર્માવે છે કે હું મારા બંદાની સાથે હોઉં છું જ્યારે તે મને યાદ કરે છે અને જ્યારે મારા ઝિક્ર માટે તેના હોઠો હરકત

કરે છે. *(સુનને ઈબ્ને માજહ, કિતાબુલ અદબ, બાબુ ફદ્લિઝ્ઝિક્ર, ૫/૨૩૧, હદીષ : ૩૭૯૨)*

**હદીષ-૪ :** હઝરત મઆઝ ઈબ્ને અનસ رضی اللہ عنہથી રિવાયત છે. તે ફર્માવે છે કે હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું : અલ્લાહ તઆલા (એનો ઝિક્ર બુલંદો બાલા થાય) ફર્માવે છે કે જે કોઈ બંદો મને પોતાના દિલમાં યાદ કરે છે, હું મારા ફરિશ્તાઓની જમાઅતમાં તેને યાદ કરુ છું. અને જ્યારે તે મને મજમામાં યાદ કરે છે તો હું તેને મલએ આ'લા (મુકર્રબ ફરિશ્તાઓ)માં યાદ કરું છું. ઈમામ તિબ્રાનીએ અસ્નાદે હસનની સાથે એને રિવાયત કરી.

*(અલ મોઅજમુલ કબીર, ૨/૧૮૨, બાબુલ મીમ, મુસ્નદે મઆઝ ઈબ્ને અનસ અલ્જહની رضی اللہ عنہ)*

**હદીષ-૫ :** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. તે ફર્માવે છે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે, હે ઈબ્ને આદમ ! (માનવી) તું મને યાદ કરે છે તો મારો શુક્ર અદા કરે છે, અને જ્યારે તું મને ભૂલી જાય છે તો મારી નાશુક્રી કરે છે. ઈમામ તિબ્રાનીએ એને મોઅજમે અવસતમાં રિવાયત કરી.

*(અલ મુઅજમુલ અવસત, ૭/૨૦૦, હદીષ : ૭૨૬૫૦)*

**હદીષ-૬ :** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. આપ ફર્માવે છે કે હુઝૂરે અક્દસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : બેશક ! અલ્લાહ તઆલાના કેટલાક એવા ફરિશ્તા છે જે ઝિક્રે ઈલાહીમાં વ્યસ્ત જમાઅતને શોધતા રસ્તાઓમાં ઘુમતા ફરતા રહે છે. જ્યારે તેઓ ઝિક્રે ખુદામાં મશ્ગૂલ કોઈ જમાઅતને પામે છે તો એકબીજાને પોકારે છે (અને કહે છે) કે આ બાજુ આવો ! તમારા મતલબની જરૂરત અહીં છે. જેથી તે ફરિશ્તા મજલિસવાળાઓને આસ્માની જગત સુધી પોતાની પાંખો વડે ઢાંકી લે છે (પછી જ્યારે તેઓ ખુદાની બારગાહમાં પહોંચે છે તો) રબ તઆલા તેમને પૂછે છે, જો કે તે એમને સારી રીતે જાણે કે મારા બંદા શું કહે છે ? ફરિશ્તા જવાબ આપે છે : તેઓ મારી પાકી, બડાઈ, હમ્દો ષના અને બુઝુર્ગી વર્ણવતા હતા. અલ્લાહ તઆલા તેમને પૂછે છે, શું એમણે મને જોયો છે ? ફરિશ્તા અર્ઝ કરે છે, બખુદા ! તેમણે તને નથી જોયો. અલ્લાહ ફર્માવે છે, જો તેઓ મને જોઈ લે તો તેમનો શો હાલ થાય ? ફરિશ્તા અર્ઝ કરે છે, જો તેઓ તને જોઈ લે તો તારી એનાથી અધિક ઈબાદત કરે, અને આનાથી કેટલાય અંશે વધીને તારી બુઝુર્ગી, હમ્દો ષના તથા પાકી વર્ણન કરે.

પછી અલ્લાહ તઆલા પૂછે છે, એ લોકો કઈ ચીજનો સવાલ કરે છે ? ફરિશ્તા જવાબ આપે છે, તેઓ તારાથી તારી જન્નત માગે છે. અલ્લાહ તઆલા ફર્માવે છે, શું તેમણે મારી જન્નત જોઈ છે ? ફરિશ્તા અર્ઝ કરે છે, બખુદા ! તેમણે તારી જન્નત નથી જોઈ. અલ્લાહ તઆલા ફર્માવે છે, જો તેઓ જન્નત જોઈ લે તો શું હાલ થાય ? ફરિશ્તા અર્ઝ કરે છે, જો તેઓ તેને જોઈ લે તો તેના માટે તેમની લાલચ તથા તલબ અધિક વધુ સખતી અપનાવી લે અને તેમના આકર્ષણ તથા ઉમંગમાં અધિક વધારો થઈ જાય.

(પછી) અલ્લાહ તઆલા ફર્માવે છે, કઈ ચીજથી એ લોકો પનાહ માગતા હતા ? ફરિશ્તા અર્ઝ કરે છે, એ લોકો જહન્નમની આગથી પનાહ માગતા હતા. અલ્લાહ ફર્માવે છે, શું તેમણે જહન્નમને જોઈ છે ? ફરિશ્તા અર્ઝ કરે છે, બખુદા ! તેમણે જહન્નમ તો નથી જોઈ. અલ્લાહ તઆલા ફર્માવે છે, જો તેઓ જહન્નમ જોઈ લે તો તેમનો શું હાલ થાય ? ફરિશ્તા અર્ઝ કરે છે, જો તેઓ જહન્નમ જોઈ લે તો આના કરતાં કેટલાય અંશે વધુ દૂર ભાગે અને તેમનો ડર અધિક વધી જાય. (પછી) અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ઈર્શાદ ફર્માવે છે, હે ફરિશ્તાઓના ગિરોહ ! હું તમને ગવાહ બનાવું છું કે મેં એ સર્વેને બખ્શી આપ્યા. (એ

વખતે) એક ફરિશ્તો અર્ઝ કરે છે, એમનામાં ફલાણો માણસ પણ હતો જે ખાસ ઝિક્રના માટે નહીં બલ્કે કોઈ અન્ય કામથી આવ્યો હતો. (શું એ પણ બખ્શાઈ ગયો ?) અલ્લાહ તઆલા ફર્માવે છે, એ એવા લોકો છે કે એમની સાથે બેસનાર પણ મેહરૂમ નથી રહેતો.

*(સહીહ બુખારી, કિતાબુદ્દા'વાત, બાબુ ફદ્લિ ઝિક્રિલ્લાહ عزوجل تعالیٰ, ૮/૮૬, હદીષ : ૬૪૦૮)*

ઈમામ મુસ્લિમે એનાથી મલતા જુલતા શબ્દોમાં રિવાયત કરી છે અને તેના છેવટમાં છે : હુઝૂરે અકરમ ﷺ ઈર્શાદ ફર્માવે છે કે તે ફરિશ્તા (બારગાહે ખુદાવંદીમાં) અર્ઝ કરે છે : હે પરવરદિગાર ! એમનામાં તો ફલાણો અતિશય ગુનેહગાર બંદો પણ હતો ! જે એમની પાસેથી પસાર થયો અને તેમની મજલિસમાં બેસી ગયો. હુઝૂર ﷺ ઈર્શાદ ફર્માવે છે કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ઈર્શાદ ફર્માવે છે, મેં એને પણ બખ્શી આપ્યો. આ એવા લોકો છે કે એમની સાથે બેસનારો પણ મહેરૂમ નથી રહેતો. *(સહીહ મુસ્લિમ, કિતાબુઝ્ ઝિક્રો દુઆ વત્તૌબતુ વલ ઈસ્તિગફાર, બાબુ ફઝ્લિ મજાલિસિઝ્ ઝિક્ર, ૮/૬૮, હદીષ : ૨૯૮૯)*

બઝ્ઝારે હઝરત અનસ رضی اللہ عنہ થી કાંઈક ટૂંકાણમાં રિવાયત કરી છે. તેમના શબ્દો આ પ્રમાણે છે : બેશક ! અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતના તરફથી ફરિશ્તાઓની એક જમાઅત નિયુક્ત છે જે ઝિક્રની મજલિસને તલાશ કરતી રહે છે. જ્યારે તે જમાઅત ઝાકિરીન પાસે આવે છે તો તેમને (પોતાની પાંખો વડે) ઢાંકી લે છે, પછી તે પોતાના તલાશ કરનારાઓને આસ્માની દુનિયા તરફ રબ તઆલાની હુઝૂર રવાના કરે છે. પછી એ લોકો (બારગાહે ખુદામાં) અર્ઝ કરે છે, હે અમારા રબ ! અમે તારા કેટલાક એવા બંદાઓની પાસેથી આવ્યા છીએ જે તારી નેઅમતોને મહાન સમજે છે. તારી કિતાબ (કુર્આને કરીમ)ની તિલાવત કરે છે, તારા નબી મુહમ્મદ ﷺ પર દુરૂદ મોકલે છે અને તારાથી પોતાની આખેરત તથા દુનિયાનો સવાલ કરે છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ઈર્શાદ ફર્માવે છે, મારી રહ્મતમાં તેમને ઢાંકી લો. એઓ એવા છે કે એમની પાસે બેસનારો કદી મેહરૂમ નથી રહ્યો. *(૧૩/૧૧૬, હદીષ : ૬૪૯૪)*

**હદીષ-૭ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે, તે ફર્માવે છે કે હુઝૂરે અક્દસ ﷺ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા رضی اللہ عنہ પાસેથી પસાર થયા જે પોતાના અસ્હાબની ચર્ચા કરી રહ્યા હતા. તો હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો, બેશક ! તમારી જમાઅત એવી છે કે જેની સાથે મને અલ્લાહ તઆલાએ રોકાવાનો હુકમ આપ્યો. પછી આપે આ આયતે કરીમા :

وَ اصْبِرْ نَفْسَكَ مَعَ الَّذِيْنَ يَدْعُوْنَ رَبَّهُمْ بِالْغَدٰوةِ وَ الْعَشِيِّ يُرِيْدُوْنَ وَجْهَهٗ

"અને પોતાની જાન તેમના પ્રતિ આકર્ષિત રાખો જેઓ સવાર સાંજ પોતાના રબને પોકારે છે. તેની રઝા ચાહે છે અને તમારી આંખો એમને છોડીને અન્ય પર ન પડે. શું તમે દુનિયાની જિંદગીનો શણગાર ચાહશો. અને તેનું કહ્યું ન માનો જેનું દિલ અમે અમારી યાદથી ગાફેલ કરી આપ્યું. અને તે જે પોતાની મનેચ્છા પાછળ ચાલ્યો અને તેનું કામ હદથી પાર થઈ ગયું." (કન્ઝુલ ઈમાન, સૂરએ કહફ, આ. ૨૮)ની તિલાવત કરી. પછી ફર્માવ્યું, તમારી જે પણ જમાઅત ઝિક્રે ઈલાહીના માટે બેસે છે તો એની સાથે ફરિશ્તાઓની પણ એક જમાઅત બેસે છે. જો (તમારી જમાઅત) અલ્લાહની હમ્દો ષના બયાન કરે છે તો ફરિશ્તા પણ એની હમ્દો ષના બયાન કરે છે અને જો તે જમાઅત અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાની કિબ્રિયાઈ તથા બડાઈ બયાન કરે છે તો ફરિશ્તા પણ તેમની સાથે અલ્લાહ عزوجل تعالیٰ ની કિબ્રિયાઈ બયાન કરે છે. પછી તેઓ રબ તબારક વ તઆલાની બારગાહમાં હાજર થાય છે, જો કે તે એમને સારી રીતે જાણે છે. એ

ફરિશ્તા અર્ઝ કરે છે, હે અમારા પરવરદિગાર ! તારા બંદાઓએ તારી તસ્બીહ કરી તો અમે પણ તારી તસ્બીહ કરી, તારી બડાઈ બયાન કરી તો અમે પણ તારી બડાઈ બયાન કરી. તારી હમ્દો ષના બયાન કરી તો અમે પણ તારી હમ્દો ષના બયાન કરી. તો આપણો રબ ફર્માવે છે, હે ફરિશ્તાઓ ! તમે ગવાહ રહેજો મેં એમને બખ્શી આપ્યા. ફરિશ્તા સવાલ રૂપે અર્ઝ કરે છે, એમાં ફલાણો મહાન ગુનેહગાર બંદો પણ હતો ! (તો શું એની બખ્શિશ થશે ?) રબ ફર્માવે છે, તેઓ એવા લોકો છે કે તેમનો હમનશીં (સાથે બેસનાર) મેહરૂમ નથી રહેતો. આ હદીષને ઈમામ તિબ્રાનીએ મોઅજમે સગીરમાં રિવાયત કરી.

*(અત્તરગીબ વત્તરહીમ લિલ્ મુન્ઝરી, ૨/૩૩૪, મજમઉઝ્ ઝવાઈદ લિલ્ હૈષમી, ૧૦/૭૯)*

**હદીષ-૮ :** હઝરત અબૂ હુરૈરહ્ તથા અબૂ સઈદ رضی اللہ عنہما થી રિવાયત છે. તેઓ બંનેવ બારગાહે રિસાલત ﷺ માં હાજર થયા, (એ વખતે) હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ઈર્શાદ ફર્માવ્યો, જે લોકો અલ્લાહ તઆલાનો ઝિક્ર કરે છે તેમને ફરિશ્તા ઘેરી લે છે, રહમતે ખુદાવંદી તેમના પર છવાઈ જાય છે, તેમના પર સકીના નાઝિલ થાય છે અને અલ્લાહ તઆલા પોતાના મુક઼ર્રબ ફરિશ્તાઓમાં તેમનો ઝિક્ર કરે છે. આ હદીષને ઈમામ મુસ્લિમ, તિર્મિઝી તથા ઈબ્ને માજહએ રિવાયત કરી. *(સહીહ મુસ્લિમ, કિતાબુઝ્ ઝિક્ર વ દુઆ વ ત્તૌબા વલ્ઈસ્તિગફાર, ફઝલુલ ઈજતિમાઈ અલા તિલાવતિલ્ કુર્આન, ૮/૭૨, હદીષ : ૨૭૦૦)*

**હદીષ-૯ :** હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ થી રિવાયત છે, તે ફર્માવે છે કે હુઝૂરે અન્વર ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, તે શખ્સ જે પોતાના રબ તઆલાનો ઝિક્ર કરે છે તે બાહયાત (ઝિંદા) શખ્સની જેમ છે અને જે શખ્સ ઝિક્રે ખુદા નથી કરતો તે મુર્દાની જેમ છે. આ હદીષને ઈમામ બુખારી તથા મુસ્લિમે રિવાયત કરી. *(સહીહ બુખારી, કિતાબુદ્દઅ્વાત, બાબુ ફઝ્લિઝિક્રિલ્લાહ عزوجل تعالیٰ, ૮/૮૬, હદીષ : ૬૪૦૬)*

**હદીષ-૧૦ :** હઝરત મુઆવિયહ رضی اللہ عنہ થી રિવાયત છે. (તે ફર્માવે છે) કે હુઝૂરે અન્વર ﷺ પોતાના સહાબાની એક જમાઅતની પાસે તશરીફ લાવ્યા અને ઈર્શાદ ફર્માવ્યો, કઈ ચીજે તમને (અહીં) બેસાડી દીધા ? સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ અર્ઝ કરી કે અમે અલ્લાહ ﷻ નો ઝિક્ર તથા તેની હમ્દો ષના કરવા માટે બેઠા છીએ. એ વાત પર કે તેણે અમને ઈસ્લામની હિદાયત આપી અને એની (ઈસ્લામની) તૌફીક્ આપીને અમારા પર એહસાન કર્યું. હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, બખુદા ! તમે લોકો એટલા જ માટે બેઠા છો ? સહાબાએ અર્ઝ કરી, બખુદા ! એ જ ચીજે અમને બેસાડી રાખ્યા છે. હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, હું તમારાથી (જૂઠની) તોહમતના કારણે ક઼સમ નથી લઈ રહ્યો, બલ્કે જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام એ આવીને ખબર આપી છે કે અલ્લાહ عزوجل تعالیٰ તમારા સબબે ફરિશ્તાઓ પર ફખ્ર ફર્માવે છે. *(સહીહ મુસ્લિમ, કિતાબુઝ્ ઝિક્ર વ દુઆ વત્તૌબા વલ્ ઈસ્તિગફાર, બાબુ ફઝલિલ્ ઈજતિમાઅ અલા તિલાવતિલ્ કુર્આન, ૮/૭૨, હદીષ : ૨૭૦૧)*

**હદીષ-૧૧ :** હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. તેમણે હુઝૂરે અક઼દસ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે, જ્યારે કોઈ મકાનમાં પ્રવેશતાં અને ખાતી વખતે અલ્લાહ عزوجل تعالیٰ નો ઝિક્ર કરે છે તો શૈતાન પોતાની ઔલાદને કહે છે (આ ઘરમાં) તમારા માટે ન રહેવાનું છે ન ખાવા છે. અને પ્રવેશ કરતી વખતે અલ્લાહનો ઝિક્ર ન કરે તો શૈતાન (પોતાની ઔલાદથી) કહે છે કે હવે તમને રહેવાની જગા મળી ગઈ. અને જ્યારે તે ખાવાના સમયે અલ્લાહ عزوجل تعالیٰ નો ઝિક્ર ન કરે તો શૈતાન (પોતાની ઔલાદને) કહે છે કે હવે તમને રહેવાની જગા પણ મળી ગઈ

અને ખાવા પણ મળી ગયું.

*(કિતાબુલ અશ્રબા, બાબુ આદાબિત્તઆમ વશ્શરાબ વ અહકામહુમા, ૬/૧૦૮, હદીષ : ૨૦૧૮)*

**હદીષ-૧૨** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. તે ફર્માવે છે કે હુઝૂરે અક્દસ ﷺ મક્કાના (એક) રસ્તા પર ચાલી રહ્યા હતા તો એક પહાડની પાસે આપ પસાર થયા જેને "જમ્દાન" કહેવામાં આવે છે. તો આપે ઈર્શાદ ફર્માવ્યો : આ "જમ્દાન" (નામનો પહાડ) છે. મુફર્રિદીન આગળ નીકળી ગયા. સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મુફર્રિદીનથી કોણ લોકો મુરાદ છે ? તો હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, અલ્લાહ તઆલાનો ખૂબ જ ઝિક્ર કરનારા.

*(સહીહ મુસ્લિમ, ૪/૨૦૬૨, હદીષ : ૨૬૭૬)*

ઈમામ તિર્મિઝીએ આ શબ્દોમાં એને રિવાયત કરી. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આ મુફર્રિદીન કોણ લોકો છે ? આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, પાબંદીની સાથે અલ્લાહ તઆલાનો ઝિક્ર કરનારા. ઝિક્રે ખુદા તેમના બોજને તેમનાથી ઉતારી દેશે જેથી કયામતના દિવસે એ લોકો હલકા ફુલકા થઈને આવશે. المستھترون ઝિક્રમાં હમેશાં લાગેલા રહેનારા, એના પર હમેશા કાયમ રહેનારા ! એ લોકો એ વાતની પરવા નથી કરતા કે તેમના બારામાં શું કહેવામાં આવે છે અને તેમની સાથે કેવો વર્તાવ કરવામાં આવે છે.

*(જામિઉત્તિર્મિઝી, ૫/૫૭૭, હદીષ : ૩૫૯૨)*

**હદીષ-૧૩** : હઝરત મઆઝ رضی اللہ عنہ હુઝૂરે અન્વર ﷺથી રિવાયત કરે છે. આપ ﷺથી એક શખ્સે પૂછયું કે કયા મુજાહિદો અધિક અજ્ર (બદલા)ના મુસ્તહિક્ છે ? હુઝૂર ﷺએ ફર્માવ્યું, ખૂબ જ અધિક પ્રમાણમાં ઝિક્રે ઈલાહીમાં વ્યસ્ત રહેનારા. પછી સાઈલે નમાઝ, ઝકાત, હજ્જ તથા સદક઼ાના વિશે એ જ પૂછયું. દરેક વખતે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ જ જવાબ આપતા રહ્યા કે સૌથી અધિક ખુદાનો ઝિક્ર કરનારા. હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ હઝરત ઉમર رضی اللہ عنہને ફર્માવ્યું, હે અબૂ હફ્સ ! ખુદાને યાદ કરનારાઓને જ દરેક પ્રકારની ભલાઈ હાંસલ છે. હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, હા !

*(મુસ્નદે અહમદ બિન હંબલ, મુસ્નદે મઆઝ બિન અનસ અલજ જહની, ૨૦/૧૭૬, હ. ૪૦૮)*

**હદીષ-૧૪** : હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે (ફર્માવે છે) કે હુઝૂરે અન્વર ﷺથી પૂછવામાં આવ્યું, કયામતના દિવસે ખુદા તઆલાની નજીક સૌથી મોટા દરજાવાળો કોણ હશે ? હુઝૂર ﷺએ ફર્માવ્યું, ખૂબ જ અધિક પ્રમાણમાં અલ્લાહનો ઝિક્ર કરનાર. હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! علیك الصلوٰۃ و السلام ! શું એ (ઝિક્રે ઈલાહી અધિક્તર કરનાર) શખ્સનો દરજો રાહે ખુદામાં જેહાદ કરનાર શખ્સથી મોટો હશે ? હુઝૂર ﷺએ ફર્માવ્યું, ભલે તે શખ્સ પોતાની તલ્વારથી કાફિરો તથા મુશ્રિકો સાથે લડાઈ કરતો રહે ત્યાં સુધી કે (તેની) તલ્વાર તૂટી જાય અને લોહી લુહાણ થઈ જાય તેમ છતાં પણ ઝિક્રે ઈલાહી કરનારાઓનો જ દરજો અફઝલ છે.

અને ઈમામ બયહક઼ીએ પણ આ હદીષને કાંઈક ટૂંકાણ સાથે રિવાયત કરી છે કે હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ફર્માવે છે કે અર્ઝ કરવામાં આવ્યું, યા રસૂલલ્લાહ ! علیك الصلوٰۃ و السلام ! લોકોમાં સૌથી મહાન કોનો દરજો છે ? તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, ઝિક્રે ઈલાહી કરનારાઓનો દરજો મહાન છે.

*(જામિઅતિર્મિઝી, બાબુ માજાઅ્ ફી ફદ્લિઝ્ઝિક્ર, બાબુ મિન્હુ, ૫/૩૮૮, હદીષ : ૩૩૭૬ તથા અખરજહુલ્ બયહક઼ી ફી શોઅબુલ ઈમાન, ૨/૧૫૪)* *(ક્રમશઃ)*

**ખુત્બાતે જુમ્આ**

## ઈસાઈઓંમેં ભી ઔર મુસલમાનોંમે ભી યહૂદી કી ફ઼િત્નાગરી કા હાલ

# રાફ઼ઝી ફ઼િર્કા યહૂદી સાઝિશ કા નતીજા

**અઝ : મૌલાના ઝહીર મિસ્બાહી**

*(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી-જંબુસર)*

نَحْمَدُهٗ وَنُصَلِّيْ وَنُسَلِّمُ عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

*સૂના જંગલ રાત અંધેરી છાઈ બદલી કાલી હૈ*
*સોનેવાલો જાગતે રહિયો ચોરોં કી રખવાલી હૈ*

યહૂદ એક ઐસી ફ઼િર્કા પરસ્ત, ફ઼િત્ના પરવર, શરારત પસંદ ઔર બાતિની મુહલિક બીમારિયોંમેં મુબ્તિલા કૌમ હૈ જિસકે મક્રો ફરેબ ઔર સાઝિશી ચાલોંસે હમેશાં ઉમ્મત નુકસાનાત સે દો ચાર હોતી હૈ. કુર્આને પાક મેં રબ તઆલાને ઉનકી બુરી ખસ્લતોં કો કિસ તરહ બયાન કિયા ઉસકા મુતાલિઆ કરતે ચલેં.

❒ *અહલે ઈમાન કે હવાલે સે ઉનકી શિદ્દતે અદાવત કો કુર્આન મજીદ મેં યૂં બયાન કિયા ગયા :*

لَتَجِدَنَّ اَشَدَّ النَّاسِ عَدَاوَةً لِّلَّذِيْنَ اٰمَنُوا الْيَهُوْدَ وَ الَّذِيْنَ اَشْرَكُوْا

"ઝરૂર તુમ મુસલમાનોં કા સબસે બળહકર દુશ્મન યહૂદિયોં ઔર મુશ્રિકોં કો પાઓગે."

*(સૂરએ માઈદહ, આ. ૮૨)*

❒ *ઉનકે બાતિની બુગ્ઝો હસદ કી ચંદ ઝલકિયા કિતાબે લારૈબ કી રોશનીમેં આપ દેખેં. અહલે ઈસ્લામ કો અલ્લાહ તઆલા કી તરફ઼સે ખૈર વ રહમત કા મિલના ઉન્હેં ગવારા હૈ ન હી ફ઼ઝ્લો કરમ :*

مَا يَوَدُّ الَّذِيْنَ كَفَرُوْا مِنْ اَهْلِ الْكِتٰبِ وَ لَا الْمُشْرِكِيْنَ اَنْ يُّنَزَّلَ عَلَيْكُمْ مِّنْ خَيْرٍ مِّنْ رَّبِّكُمْ ؕ وَاللّٰهُ يَخْتَصُّ بِرَحْمَتِهٖ مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ

"વો જો કાફ઼િર હૈં કિતાબી યા મુશ્રિક વો નહીં ચાહતે કે તુમ પર કોઈ ભલાઈ ઉતરે તુમ્હારે રબ કે પાસસે ઔર અલ્લાહ અપની રહમતસે ખાસ કરતા હૈ જિસે ચાહે ઔર અલ્લાહ બળે ફ઼ઝ્લવાલા હૈ."

*(સૂરએ બક઼રહ, આ. ૧૦૫, કન્ઝુલ ઈમાન)*

❒ *હક્ક઼ કો બાતિલ સે મિલાના ઔર હક્ક઼ કો છુપાના ઉનકી શિરિસ્ત (.........) હૈ :*

يٰۤاَهْلَ الْكِتٰبِ لِمَ تَلْبِسُوْنَ الْحَقَّ بِالْبَاطِلِ وَ تَكْتُمُوْنَ الْحَقَّ وَ اَنْتُمْ تَعْلَمُوْنَ

"અય કિતાબીઓ ! હક્ક઼ મેં બાતિલ ક્યૂં મિલાતે હો ઔર હક્ક઼ ક્યૂં છુપાતે હો, હાલાં કે તુમ્હેં ખબર હૈ."

*(સૂરએ આલે ઈમરાન, આ. ૭૧, કન્ઝુલ ઈમાન)*

❒ *લોગોં કો ઈમાનસે રોકને કે લિયે અલ્લાહ કી આયાત મેં તેહરીફ઼ (ફેરફાર) :*

وَ قَدْ كَانَ فَرِيْقٌ مِّنْهُمْ يَسْمَعُوْنَ كَلٰمَ اللّٰهِ ثُمَّ يُحَرِّفُوْنَهٗ مِنْۢ بَعْدِ مَا عَقَلُوْهُ وَ هُمْ يَعْلَمُوْنَ

ઔર ઉનમેં કા તો એક ગિરોહ વો થા કે અલ્લાહ કા કલામ સુનતે ફ઼િર સમઝને કે બાદ ઉસે દાનિસ્તા બદલ દેતે."

*(સૂરએ બક઼રહ, આ. ૭૫, કન્ઝુલ ઈમાન)*

દુસરી જગહ ફ઼ર્માયા :-

*કે લિયે યહૂદને જો ચાલેં ચલીં ઉનમેં સે એક કા ઝિક્ર રબ્બુલ ઈઝ્ઝતને ફર્માયા :*

وَ قَالَتْ طَّآئِفَةٌ مِّنْ اَهْلِ الْكِتٰبِ اٰمِنُوْا بِالَّذِیْۤ اُنْزِلَ عَلَى الَّذِیْنَ اٰمَنُوْا وَجْهَ النَّهَارِ وَ اكْفُرُوْۤا اٰخِرَهٗ لَعَلَّهُمْ یَرْجِعُوْنَ

"ઔર કિતાબિયોં કા એક ગિરોહ બોલા, વો જો ઈમાનવાલોં પર ઉતરા, સુબ્હ કો ઉસ પર ઈમાન લાઓ ઔર શામ કો મુન્કિર હો જાઓ, શાયદ વો ફિર જાએ." *(સૂરએ આલે ઈમારાન, ૭૨)*

સદરુલ અફાઝિલ હઝરત અલ્લામા નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ઈસ આયતે કરીમા કે શાને નુઝૂલ કે હવાલે સે ફર્માતે હૈ : "યહૂદ ઈસ્લામ કી મુખાલિફતમેં રાત દિન નયે નયે મકર કિયા કરતે થે. ખૈબર કે ઉલમાએ યહૂદ કે બારહ શખ્સોંને બાહમી મશ્વરાસે એક યહ મકર (પ્રપંચ) સોચા કે ઉનકી (યહૂદિયોંકી) એક જમાઅત સુબ્હ કો ઈસ્લામ લે આએ ઔર શામકો મુર્તદ હો જાએ (ઈસ્લામસે ફિર જાએ) ઔર લોગોં સે કહેં કે હમને અપની કિતાબોં મેં જો દેખા તો ષાબિત હુવા કે મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم વો નબી મવઊદ (વાદા કિયા ગયા) નહીં જિનકી હમારી કિતાબોમેં ખબર હૈ તા કે ઈસ હરકતસે મુસલમાનોં કો દીનમેં શુબ્હ (શંકા) પેદા હો. લે કિન અલ્લાહ તઆલાને યહ આયત નાઝિલ ફર્માકર ઉનકા યહ રાઝ ફાશ (ઝાહિર) કર દિયા ઔર ઉન્કા યહ મકર ન ચલ સકા ઔર મુસલમાન પહલે સે ખબરદાર હો ગએ. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

- ❐ *ઈન્હીં અહલે યહૂદને ઐયારી ઔર મક્કારી (ધોકા પ્રપંચ)સે અવ્વલન ઈસાઈયોં કો કિસ તરહ ફિર્કોમેં બાંટા ઔર ષાનિયન અહલે ઈસ્લામ કો (ફિર મુસલમાનોં કો) ?*

અલ્લામા બગવી عَلَیْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان ને લિખ્ખા

مِنَ الَّذِیْنَ هَادُوْا یُحَرِّفُوْنَ الْكَلِمَ عَنْ مَّوَاضِعِهٖ

"કુછ યહૂદી કલામોં કો ઉનકી જગહ સે ફેરતે હૈં." *(સૂરએ નિસાઅ, આ. ૪૬, કન્ઝુલ ઈમાન)*

- ❐ *બલ્કે ઈસ ટોહ (ખોજ)મેં લગે રહના કે કાશ ! અહલે ઈમાન કો ગુમરાહ કર દેં :*

وَدَّتْ طَّآئِفَةٌ مِّنْ اَهْلِ الْكِتٰبِ لَوْ یُضِلُّوْنَكُمْ

"કિતાબિયોં કા એક ગિરોહ દિલસે ચાહતા હૈ કે કિસી તરહ તુમ્હેં ગુમરાહ કર દેં યા કુફ્ર કી તરફ ફેર દેં."

*(સૂરએ આલે ઈમરાન, આ. ૬૯, કન્ઝુલ ઈમાન)*

- ❐ દુસરી જગહ ફર્માયા :

وَدَّ كَثِیْرٌ مِّنْ اَهْلِ الْكِتٰبِ لَوْ یَرُدُّوْنَكُمْ مِّنْۢ بَعْدِ اِیْمَانِكُمْ كُفَّارًا ۖۚ حَسَدًا مِّنْ عِنْدِ اَنْفُسِهِمْ مِّنْۢ بَعْدِ مَا تَبَیَّنَ لَهُمُ الْحَقُّ

"બહુત કિતાબિયોંને ચાહા કાશ ! તુમ્હેં ઈમાન કે બાદ કુફ્ર કી તરફ ફેર દેં અપને દિલોં કી જલનસે બાદ ઉસકે હક્ક ઉન પર ખૂબ ઝાહિર હો ચૂકા હૈ." *(સૂરએ બકરહ, આ. ૧૦૯)*

- ❐ *નાહક્ક દીનમેં ગુલ (અતિશ્યોક્તિ) કરનેવાલી ઔર ખ્વાહિશાતે નફ્સ કે પીછે ચલનેવાલી કૌમ :*

قُلْ یٰۤاَهْلَ الْكِتٰبِ لَا تَغْلُوْا فِیْ دِیْنِكُمْ غَیْرَ الْحَقِّ وَ لَا تَتَّبِعُوْۤا اَهْوَآءَ قَوْمٍ قَدْ ضَلُّوْا مِنْ قَبْلُ وَ اَضَلُّوْا كَثِیْرًا وَّ ضَلُّوْا عَنْ سَوَآءِ السَّبِیْلِ

"તુમ ફર્માઓ ! અય કિતાબવાલો ! અપને દીનમેં નાહક્ક ઝિયાદતી ન કરો ઔર ઐસે લોગોં કી ખ્વાહિશ પર ન ચલો જો પેહલે ગુમરાહ હો ચૂકે ઔર બહુતોં કો ગુમરાહ કિયા ઔર સીધી રાહસે બહ ગએ." *(સૂરએ માઈદા, આ. ૭૭)*

- ❐ *બલ્કે અહલે ઈમાન કો ઈમાનસે બરગશ્તા કરને*

હૈ કે હઝરત ઈસા علیہ السلام કે આસ્માન પર ઉઠાએ જાને કે બાદ ઈસાઈ ઈકયાસી (૮૧) બરસ તક ઈસ્લામ પર રહે. ફિર જબ યહૂદો નસારા કે દરમિયાન જંગ હૂઈ તો એક યહૂદી જિસ કા નામ બૂલસ થા, ઉસને ચંદ નસારા કો શહીદ કર દિયા ઔર બોલા : اِنِّیْ اَحْتَالُ فَاُضِلُّهُمْ "મૈં એક તદબીર ઔર હીલેસે ઉનકો ભી ગુમરાહ કરતા હૂં તા કે વો ભી જહન્નમમેં જાએં."

فَعَرْقَبَ فَرَسَهُ وَ اَظْهَرَ النَّدَامَةَ مِمَّا كَانَ يَصْنَعُ وَوَضَعَ عَلٰى رَاسِهِ التُّرَابَ

બૂલસને અપને ઘોળે કી કૂચેં કાટ દીં જિસ પર વો જંગ કિયા કરતા થા ઔર અપને કિયે પર પશેમાની કા ઈઝહાર કરતે હૂએ સર પર ખાક ડાલને લગા. નસારાને પૂછા કે તૂ યહૂદ કી તરફસે હમસે જંગ કર રહા થા, હમારે કઈ અફરાદ તૂને શહીદ કર દિયે. અબ સર પર ખાક ડાલ કર ક્યૂં શર્મિંદા હૈ ?

قَالَ نُوْدِيْتُ مِنَ السَّمَاءِ لَيْسَ لَكَ تَوْبَةٌ اِلَّا اَنْ تَنَصَّرَ وَ قَدْ تُبْتُ

કહને લગા, "મુઝ આસ્માનસે નિદા આઈ કે ઈસાઈ હોને કે બગૈર તેરી નજાત નહીં ઔર ન તેરી તૌબા કૂબૂલ હૈ. ઈસ લિયે મૈંને ઈસાઈયત કૂબૂલ કર લી હૈ." "જૈસે હી ઈસાઈયોંને બૂલસકી યહ ગુફતગૂ સુની તો ઉસે અપને ગિરજામેં આને કી ઈજાઝત દે દી. એક સાલ તક બૂલસ ઉસ ગિરજા મેં ઈન્જીલ કી તા'લીમ લેતા રહા, યહાં તક કે લોગોંને ઉસે સચ્ચા સમઝકર અપના મહબૂબ બના લિયા ફિર ગિરજાસે બાહર આયા ઔર કહને લગા કે આસ્માનસે મેરી તૌબા કૂબૂલ હોને કી બશારત મિલી હૈ. બૂલસને અપની જગા "નસ્તૂરા" કો જાનશીન બનાયા ઔર ઉસે યહ તા'લીમ દી : اَنَّ عِيْسٰى وَ مَرْيَمَ وَالْاِلٰهَ كَانُوْا ثَلَاثَةً "ઈસા علیہ السلام, મરયમ ઔર અલ્લાહ તીનોં ઉલૂહિયતકે અનાસિર હૈં." (ત્રણેવને ખુદા દર્શાવ્યાં)

ફિર વો રૂમ કી તરફ ચલા ગયા ઔર રોમિયોંમેં સે એક શખ્સ જિસકા નામ "યઅકૂબ" થા ઉસે અપના જાનશીન બનાયા ઔર ઉસે યહ અકીદા સિખાયા : مَاكَانَ عِيْسٰى اِنْسَانًا وَّلَا جِسْمًا وَّلٰكِنَّهُ اللّٰهُ હઝરત ઈસા علیہ السلام ઈન્સાન ઔર જિસ્મ નહીં થે, બલ્કે વો ખૂદ અલ્લાહ થે."

ફિર એક તીસરે શખ્સ કો જિસકા નામ "મલ્કાન" થા ઉસે અપના ખાસ શાગિર્દ બનાયા ઔર ઉસે યહ અકીદા સિખાયા : اَنَّ الْاِلٰهَ لَمْ يَزَلْ وَلَا يَزَالُ عِيْسٰى "અઝલી ઔર અબદી ઈલાહ (ખુદા) ઈસા હૈં."

જબ તીનોં અકીદે અલગ અલગ વજૂદમેં આ ગયે તો ફિર હર ઈક કો અલાહિદા બુલાકર અપના મુકર્રબ ખલીફા ઔર જાનશીન બનાયા ઔર કહા કે મૈંને હઝરત ઈસા علیہ السلام કો ખ્વાબમેં દેખા હૈ. મૈં અન કરીબ ઉન પર કુર્બાન હો જાઉંગા ઔર ઉન્કી ખિદમતમેં ચલા જાઉંગા. તુમ લોગ અપને અપને અકીદે પર કાઈમ રહના ઔર ઉસી કી તા'લીમ દેતે રહના ઔર હઝરત ઈસા علیہ السلام કી ખુશનૂદી હાસિલ કરતે રહના. ફિર ઉસને ખૂદકશી કર લી. ઈસ તરફ ઈસાઈયોંમેં તીન ફિર્કે બન ગયે ઔર આપસમેં ખૂબ કત્લો ગારત હૂઈ.

મુફતી અહમદ યારખાં નઈમી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ તફસીરે નઈમીમેં ઈસ વાકિએ કો ઝિક્ર કરતે હૂએ ફર્માતે હૈં : "ઈસાઈયોં કી જમાઅતે "યઅકૂબિયા" હઝરત ઈસા علیہ السلام કો "ખુદાકા બેટા" કહતી હૈ. દૂસરી જમાઅતે "નસ્તૂરિયા" એ ષાલિષ ષલાષા એટલે હઝરત ઈસા علیہ السلامને ત્રીજો ખુદા માને છે. ત્રીજી "જમાઅતે મલ્કાનિયા" તેમને અયન ખુદા માને છે કે ખુદાએ તેમનામાં પ્રવેશ કરી લીધો હતો. (મઆઝલ્લાહ !)

યાકૂબ, મલ્કાન તથા નસ્તૂર એ ત્રણ વ્યક્તિઓનાં નામો છે જેઓ એક યહૂદી બૂલસના શાગિર્દ છે. બૂલસ ઈસાઈઓનો ઘણો જ સખત દુશ્મન હતો તે ધોકારૂપે ઈસાઈ બનીને ઈસાઈઓમાં આબિદ, ઝાહિદ, મોટો પાદરી બનીને રહ્યો. લોકોની નજરોથી છુપો રહ્યો અને તેણે ઈન્જીલના ત્રણ નુસ્ખા તૈયાર કરીને તે ત્રણેવ શાગિર્દોને અલગ અલગ આપ્યા અને દરેકને કહ્યું કે અસલ ઈન્જીલ આ છે. મારા મૃત્યુ બાદ આની જ તબ્લીગ કરજો અને ઈસા મસીહ પર કુર્બાનીના નામ પર પોતાને સલીબ સામે ઝબહ કરી લીધો. તેના આ ત્રણેવ શાગિર્દોએ અલગ અલગ વિસ્તારોમાં આ ત્રણેવ મઝહબોનો પ્રચાર કર્યો, જેના કારણે ઈસાઈઓમાં સખત મતભેદો તથા લડાઈઓ થઈ." *(તફસીરે ખાઝિન, રૂહુલ મઆની વગેરે)*

બૂલસ નામી યહૂદીએ ઈસાઈઓને કેવી રીતે ફિર્કાઓમાં વહેંચી કાઢયા એને આપ પઢી ચૂક્યા. હવે તમે ઈબ્ને સબા "યહૂદી"એ ઈસ્લામમેં કિસ તરહ ફિર્કા પરસ્તી કી નીવ ડાલી ઉસકો પળ્હેં. હઝરત શાહ અબ્દુલઅઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ તોહફાએ "ઈષ્ના અશરિયા"મેં લિખતે હૈં :–

"ખુલફાએ ષલાષા (ત્રણ) હઝરત અબૂબક્ર, હઝરત ઉમર ઔર હઝરત ઉષ્માન ગની رضوان اللہ تعالیٰ علیہم اجمعین કે અદવારે ખિલાફતમેં (ખિલાફતકાળમાં) યહૂદ, નસારા, મજૂસ ઔર બુતપરસ્તોં કે બહુતસે શહર બ તાઈદે ઈલાહી (રબના ફઝ્લથી) સહાબા વ તાબઈનને ફતહ કિયે જિસ પર ઉન્હોંને (યહૂદી ઈસાઈઓંને) અઝ રાહે ઈન્તેક઼ામ વ શિદ્દતે ગઝબ (બદલા તથા ગુસ્સાની આગમાં) બહુત હાથ પાઉં મારે ઔર જંગો જદાલમેં મુસ્તઈદ (લાગેલા) રહે, લેકિન અલ્લાહ કી મદદ યૂં અહલે ઈસ્લામ (મુસલમાનોં) કે શામિલે હાલ થી કે ઉન્હેં (યહૂદી ઈસાઈયોં) સિવાયે ખલાજત વ પશેમાની (શર્મિંદગી તથા પસ્તાવા) કે હાથ ન આયા. બિલ આખિર હઝરત ઉષ્માન ઝુન્નૂરૈન رضی اللہ عنہ કે દૌરે ખિલાફતમેં યહ મકર ઔર હીલા બનાયા કે એક જમાઅતે કષીર (મોટી ટોળી) યહૂદ, નસારા ઔર મજૂસ ઔર બુતપરસ્તોંમેં સે બઝાહિર ઈસ્લામ કા કલમા પળ્હકર મુસલમાનોંમેં દાખિલ હો ગઈ. ઔર ચિરાગે ઈસ્લામ બુઝાને ઔર મુસલમાનોંમેં કીના વ ફસાદ ડાલનેમેં મસ્રૂફ હો ગઈ. યહી ઝમાના બ તક઼દીરે ઈલાહી ઈખ્તેતામે મુદ્દતે ખિલાફત (ખિલાફતની મુદ્દત પૂર્ણ થવાનો સમય) હતો કે સરકારે દો આલમ صلی اللہ علیہ وسلم ને ફર્માયા, "મેરી ખિલાફત તીસ બરસ હોગી." ઈસ ગિરોહ કા સરગના (સરદાર) અબ્દુલ્લાહ ઈબ્ને સબા યહૂદી, યમની, સન્આની હતો. યહ શખ્સ યહૂદી થા ઔર ઉસને ઈસ્લામમેં ફિર્કે બનાને કે લિયે વહી ચાલેં ચલીં જો ઈસાઈયોં કો ફિર્કા પરસ્તીમેં મુબ્તલા કરને કે લિયે યહૂદી બૂલસને ચલી થી. ઈબ્ને સબા મક્રો ફરેબ (ધોકાબાજી) દગા વ ગુલો દગુલ મેં અઝ બસ મઅરૂફ થા. ગર્મો સર્દ ફિત્ના અંગેઝી કા માહિર ઔર ઉસ રાહ કે નશેબો ફરાઝ کما ینبغی شاطر (એ માર્ગના ચઢાવ ઉતારનો સંપૂર્ણ નિષ્ણાત ખેલાડી) થા. (ફિર ઉસને કિસ તરહ રાફઝિયત કો જનમ દિયા યહ અગલે મંથલી મેં ઝરૂર પળ્હિયેગા.) *ક્રમશઃ*

## શાદીમાં મેહફિલે નઅત

**થામ** : (જિ. ભરૂચ) ખાતે જનાબ ઈસ્માઈલ વાડીવાળાના નેક ફરઝંદ મુહમ્મદ ફૈસલની શાદીના મુબારક પ્રસંગે તા. ૭–૧–૨૦૨૨ જુમ્આના રોજ ઈશા બાદ "મેહફિલે નઅત"નું આયોજન કરવામાં આવ્યું જેમાં બુલબુલે બાગે મદીના અલ્હાજ ક઼ારી રિઝવાન સાહબ (મુબલ્લિગ સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ પોતાના અનોખા અંદાઝમાં નઅતો મન્કબતો પેશ કરી હતી છેવટમાં દુલ્હા માટે સેહરો પઢી માહોલને ખુશ ગવાર બનાવી દીધો હતો. દુલ્હા દુલ્હન કુટુંબીજનોને મુબારકબાદ ! *–તંત્રી*

**૧૯૨૫ થી ૨૦૨૫ સુધી : ભૂલ ક્યાં થઈ રહી છે ?**

# કલમાગો ફિર્કાઓથી એકતા કેવળ ધોકો છે !


**અઝ : મૌલાના મુહમ્મદઝાહિદ અલી મર્કઝી**
*(ચેરમેન : તેહરીકે ઉલમાએ બુંદેલ ખંડ–કાલ્પી શરીફ)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*


કહે છે કે ઈતિહાસ પોતાને દોહરાવે છે. લગભગ ૧૦૦ વરસનો અરસો ગુજરી ગયો તેમ છતાં હિંદના મુસ્લિમો એ જ માર્ગ પર ઉભા છે જ્યાંથી ચાલ્યા હતા. આજના સંજોગો અને સો વરસ પહેલાંના સંજોગોમાં રજમાત્ર ફરક નથી, બલ્કે અધિક્તા એ છે કે એ વખતે અંગ્રેજોનો દબાવ હતો અને આજે તો દરેક શક્ય હુકૂમતી ઈમદાદ પણ ઉપલબ્ધ છે. વીતેલા સંજોગોને સમજવા માટે અમો પ્રથમ આપની સમક્ષ મુરાદાબાદ કોન્ફ્રન્સ ૧૯૨૫ની હુઝૂર હુજ્જતુલ ઈસ્લામ મૌલાના હામિદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہના ખુત્બાએ સદારતની અમુક ઝલકો પેશ કરીએ છીએ :–

"વર્તમાન સમયમાં પડોશી કૌમે મુસ્લિમોને ઈજા પહોંચાડવાની જે સતત કોશિશ ચાલુ કરી રાખી છે એમાં "શુદ્ધિ"નો ફિત્નો સૌથી મહત્વનો છે. "શુદ્ધિ ચળવળ" (જેને હાલમાં "ઘર વાપસી બોલાય છે) મુસલમાનોને મુર્તદ કરવા અને મઆઝલ્લાહ ! મુશ્રિક બનાવવાનું નામ છે જેના માટે હિંદુ બે વરસથી વરસો વરસની આયોજનબદ્ધ કોશિશો અને તૈયારીઓની પછી પૂરી શક્તિભેર તૂટી પડેલા છે. દરેક વર્ગના હિંદુ એમાં સક્રિય છે. હુકૂમતના વાલીઓ અને રાજકરણીઓ એ સભાઓમાં ભાગ લઈ રહ્યા છે. મુદ્દતોની સંતોષપૂર્વકની કોશિશો વડે તેઓ હિંદુસ્તાનભરમાં એક યોજના કાયમ કરી ચૂક્યા છે. ગામે ગામ સભાઓ થઈ રહી છે. ખૂબ જ પ્રમાણમાં મુનાઝિરો (દલીલબાજી કરનારાઓ) દેશભરમાં દૌરા કરી રહ્યા છે, ઠેક ઠેકાણે મુસલમાનોને છેડવા, પરેશાન કરવા, અજ્ઞાનો તથા ગામડીયાઓને બહેકાવવા, મુસ્લિમ બાદશાહો તથા દીનના બુઝુર્ગોની શાનમાં ગાળો આપવી, ગુસ્તાખીઓ કરવી, ઈસ્લામને અપમાનિત કરતાં પોસ્ટરો પ્રસિદ્ધ કરવાં અને એમાં હઝરત પરવરદિગારે આલમને પણ ગાળો આપવી ! એ તેમનો ધંધો બની ચૂક્યો છે. લાલચ તથા દબાણપૂર્વક મુસલમાનોને મુર્તદ કરવાની કોશિશો કરી રહ્યા છે. એ જ એમના ધર્મ પ્રચારનો ઝરીયો છે."

**જરા વિચાર કરો** ! ઉપરની લીટીઓને બીજીવાર વાંચો અને જુઓ કે **શું આજે સો વરસ પછી પણ કાંઈ બદલાયું છે ?!** અલલ એલાન નબીયે અકરમ ﷺની તથા અલ્લાહ તઆલાની શાનમાં ગુસ્તાખીઓ કરવાનું ચાલુ છે, મસ્જિદો તોડી પાડવામાં આવી રહી છે, કબ્રોને તોડવામાં આવી રહી છે, ગુસ્તાખીઓ કરવામાં આવી રહી છે, કુર્આન પર હુમ્લા થઈ રહ્યા છે, ક્યાંક લાલચ આપીને ગરીબ લોકોને હિંદુ બનાવવામાં આવી રહ્યા છે તો ક્યાંક ડરાવી ધમકાવીને મુસલમાનોનું રહેવું મુશ્કેલ બનાવવામાં આવી રહ્યું છે. જાણે કે સો વરસમાં કાંઈ પણ બદલાયું નથી. આપણે કર્બલાના મુસાફર છીએ કે ચાલીએ આગળ છીએ પણ પહોંચીએ પાછળ છીએ !

### ★ આપણી સંસ્થાઓ સફળ કેમ નથી થતી ? ★

આજે આપણો આ હાલ આપણે સંગઠિત ન હોવાના કારણે છે અને સંગઠિત કેમ નથી ? એના

વિશે હુજ્જતુલ ઈસ્લામ رحمۃ اللہ علیہની ઝબાની સાંભળો ! :–

"આપણા સુન્ની હઝરાતના દિલમાં જ્યારે પણ એકતાના ઉમંગો પેદા થયા છે તો તેમને પોતાનાઓથી પહેલાં વિરોધીઓ (બાતિલ ફિર્કાવાળા) યાદ આવ્યા જેઓ રાત દિવસ ઈસ્લામની જડ ખોદવા માટે બેચૈન છે, અને સુન્નીઓની જમાઅત પર જાત જાતના હુમ્લા કરીને પોતાની સંખ્યા વધારવાના માટે જેઓ બેકરાર છે. આપણા આ ભાઈઓની આ રવિશે ઈત્તેહાદ તથા ઈત્તેફાક (એકતા)ની ચળવળને પણ કામયાબ થવા ન દીધી. કેમ કે જો એ ફિર્કા પોતાના દિલોમાં એટલી ગુંજાઈશ ધરાવતા હોત કે સુન્નીઓથી મળી શકે તો અલગથી દોઢ ઈંટનું બાંધકામ કરીને નવો ફિર્કો જ શાથી બનાવતા અને મુસલમાનોની વિરુદ્ધ એક (અલગ) જમાઅત શા માટે બનાવતા ? એઓ હકીકતમાં તો મળી જ નથી શકતા અને દેખાવ પૂરતા મળે તો પણ મળવું કોઈ મતલબ નથી ધરાવતું, કેમ કે જેની (એકતાની) પ્રાપ્તિ માટે સતત કોશિશ કરવામાં આવે અને તેનો અંજામ લડાઈ ઝઘડામાં જ પરિણમે છે."

હુઝૂર હુજ્જતુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ આપણને કેટલો શ્રેષ્ઠ માર્ગ બતાવ્યો પણ આપણે સાંભળીએ જ ક્યારે છીએ ?! આગળ ફર્માવે છે :–

"આપણા સુન્નીઓ જે અલ્લાહના ફઝ્લથી સંખ્યામાં સર્વ ફિર્કાઓના ટોટલ કરતાં લગભગ આઠ ગણા વધારે છે, એમનામાં ન અયોજનબદ્ધતા છે ન નિતી નિયમ છે, ન કદી તેમની કોઈ ઓલ ઈન્ડિયા કોન્ફ્રન્સ આયોજીત થઈ ન પોતાને વ્યવસ્થિત કરવાનો ખયાલ આવ્યો. તેમને પોતાના પગો પર ઉભા રહેવાની હિંમત જ નથી. જો કદી પોતાની દુરુસ્તીનો ખયાલ આવ્યો તો તેના પહેલાં ગૈરો પર નજર ગઈ અને એવું સમજ્યા કે તેઓ ન જોડયા તો આપણે કાંઈ કરી શકીશું નહીં ! જ્યારે કે જો તેઓ (સુન્નીઓ) જ કેવળ એક થઈ જાય અને છ કરોડની જમાઅતમાં આયોજન બદ્ધતા સ્થાપિત થઈ જાય તો સુન્નીઓને તેમની (બાતિલ ફિર્કાઓની) જરૂરત જ નથી, બલ્કે ત્યારે એમની શાનો શૌકત અન્ય ફિર્કાઓને તેમના પ્રતિ આકર્ષિત થવા માટે મજબૂર કરશે, આપણે આપસી મતભેદોની મુસીબતોથી બચીને પોતાની (સુન્ની) એકતા તથા આયોજનબધ્ધતામાં કામયાબ થઈ શકીશું."

આપણા (હાલના) જમાનામાં સુન્નીઓની સંખ્યા પણ હાલ પંદર કરોડથી કોઈ હાલતમાં ઓછી હશે નહીં. જો આપણે હજી પણ આપણા લોકો (સુન્નીઓ)માં એકતાના માર્ગો સમારી લઈએ, ફુરૂઈ (અકીદા સિવાયના) મસાઈલમાં ખેંચમ તાણથી બચીને ફિક્રે રઝાનો મધ્યમ માર્ગ અપનાવી લઈએ તો આપણે આજે પણ કામયાબ થઈ શકીએ છીએ. જરૂરત આપણને આપણા પગો પર ઉભા થવાની છે. જેટલુ આપણે ગૈરો (બાતિલ ફિર્કાવાળાઓ) સાથેની એકતા પર જોર આપીએ છીએ એનાથી અડધુ સુન્નીઓની એકતા પર જોર આપીએ તો કદાચ આપણે કામયાબ થઈ શકીએ છીએ.

## ★ કલમા ગો ફિર્કાઓ સાથે એકતા કેવળ ધોકો છે ! ★

આજે એના પર સૌથી અધિક ભાર મૂકવામાં આવે છે કે, "હાલ મુશ્કેલીભર્યો સમય છે, એક સાથે મળીને કામ કરીએ." પરંતું આપણે જ્યારે પણ ગૈરોથી મળ્યા તો આપણને શું મળ્યું ? આ તો સરકારી લોકો છે, એમનો ધર્મ તો સરકારની હામાં હા મિલાવવાનો છે. તેમણે કયારે મુસલમાનોનું ભલુ ચાહ્યું છે ? એક તરફ નદવાની તેહરીક માટે ઈત્તેહાદની કોશિશ કરી રહ્યા હતા તો બીજી તરફ હરમૈન શરીફૈનમાં સરકાર આ'લા હઝરતને મુશ્રિક, બિદઅતી ઠરાવવામાં એડી ચોટીનું જોર લગાડી રહ્યા હતા. આપ વિચારી રહ્યા હશો કે આ તો આઝાદીથી પહેલાંની વાત હતી, પણ આઝાદી પછી પણ એમની

કોશિશોમાં કમી ન આવી. ૧૯૮૦માં સરકાર આ'લા હઝરત رحمۃ اللہ علیہના તર્જુમા કરેલ કુર્આન ''કન્ઝુલ ઈમાન'' પર દેવબંદી વહાબીઓના પ્રપંચ થકી પાબંદી લાગુ કરાવવામાં આવી, સુન્ની ઉલમાની કિતાબો પર પાબંદી લાગુ કરાવવામં આવી, હજમાં જનારા સુન્ની ઉલમાએ કિરામની વિરૂધ્ધ હમેશાં હંગામા ખડા કર્યા, બાબરી મસ્જિદ હોય કે મુસ્લિમ પર્સનલ લો દરેક ચીજમાં દખલગીરી કરી, કબજો કર્યો, સુન્ની મસ્જિદોની કમિટીઓમાં હેરફેર કરીને તેના પ્રમુખપદ તથા મુતવલ્લીપણા પર કબજો કરનાર બન્યા.

હિંદમાં એકતાનો નારો આપનારા એ ફિર્કાઓને અમે પાછલાં ૭૪ વરસોથી જોઈ રહ્યા છીએ કે એમના થકી સુન્નીઓનો કદી કોઈ ફાયદો ન થયો. **આમ મુસલમાનોના વક્ફની આવક વડે પોતાના મઝહબને વૃધ્ધિ આપી** (આ ખેલ હજી સતત ચાલી રહ્યો છે), આપણી વિરૂધ્ધ મુશ્રિકોનો સાથ આપ્યો અને સર્વ મુસ્લિમ કૌમ તરફથી દલાલી કરીને ગવર્નમેન્ટથી ખૂબ ફાયદો ઉઠાવ્યો. જ્યારે સ્થિતિ આવી છે તો આપણે એમની સાથે મળીને આપણો દીન તથા આપણી દુનિયા શા માટે તબાહ કરીએ ?! સુન્નીઓને વહાબી, દેવબંદી, કાદયાની, રાફઝી, ગૈર મુકલ્લિદ વગેરેથી દૂર રહીને જ કામ કરવું જોઈએ. ગુમરાહ ફિર્કાઓથી એકતા એ કેવળ ધોકો છે, ન કાલે એનાથી કાંઈ હાંસલ થયું હતું ન આજે હાંસલ થશે. હુઝૂર હુજ્જતુલ ઈસ્લામ رحمۃ اللہ علیہ ફર્માવે છે :

''શીઆ આપસમાં એક થઈ જાય છે અને તેમની ઓલ ઈન્ડિયા કોન્ફ્રન્સ કામ કરે છે અને તેઓ પોતાની પોઝિશન સમારી લે છે અને એ વખતે તેઓ સુન્ની કે કોઈ અન્ય ફિર્કા તરફ નજર પણ નથી કરતા. ગૈર મુકલ્લિદ એક હોય છે, તેમની ઓલ ઈન્ડિયા અહલે હદીષ કોન્ફ્રન્સ ગોઠવાય છે તેઓ આપસમાં વ્યવસ્થિત રીતે સંબંધો મજબૂત કરે છે અને અન્ય કોઈ ગૃપ (ફિર્કા)ની પરવા પણ નથી કરતા. દેવબંદી વહાબી પોતાની જમાઅતો બનાવીને પોતાનું કામ કરે છે. કાદયાની આપસમાં એક થઈને એક મર્કઝ પર જમા રહે છે. તેઓ સૌ પોતાના કામમાં ચુસ્ત તથા પોતાની વ્યવસ્થાને સરખી કરવામાં વ્યસ્ત રહે છે અને પોતાના પગો પર ઉભા રહે છે, કોઈના સહારા માટે નથી તાકતા.''

એકતાના ઝંડાધારીઓ માટે અમુક દષ્ટાંતો પેશ કરીએ છીએ. હિંદના ઈતિહાસમાં કોઈ એક એવો બનાવ દેખાડી દે જેનાથી સુન્નીઓ અને બાતિલ ફિર્કાઓના ખમીર (શંભુમેળા)થી અસ્તિત્વમાં આવનાર એકતાથી સુન્નીઓને ફાયદો થયો હોય ?! મને યકીન છે કે ઈતિહાસ આ મામલામાં વાંઝણો છે. કેટલાક લોકો સર્વની એકતાને જાઈઝ ઠરાવવા માટે હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہનું હુઝૂર બુરહાને મિલ્લત رحمۃ اللہ علیہને મુંબઈ મોકલવું દલીલ રૂપે પેશ કરે છે, તેઓ એવું ભૂલી જાય છે કે જો મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہને એ કોન્ફ્રન્સ પછી એમના પર યકીન હોત તો એવાં ઘણાં દષ્ટાંતો ખડાં થતાં, પરંતું એ પહેલુ તથા છેલ્લુ દષ્ટાંત પુરવાર થયું. જેથી એને દષ્ટાંતરૂપે પેશ કરવું અજ્ઞાનતા છે. અને જો દલીલરૂપે પણ સ્વીકારી લેવામાં આવે તો કેવળ એટલુ જ સાબિત થાય છે કે કોઈવાર કોઈ બાબતમાં જો નિમંત્રણ આવે અને શરીક થવું જરૂરી મેહસૂસ થાય તો કોઈને પણ મોકલી દેવામાં આવે. પરંતું એનાથી એવું ક્યાં સાબિત થાય છે કે તેમની દરેક મેહફિલની શોભા બનીએ ? તેમનું ઝબીહા હલાલ સમજીને ખાઈએ ? તેમની દીની મજલિસોમાં જઈએ અથવા એમને પોતાને ત્યાં બોલાવીએ ?! જિંદગીના એક બનાવને દલીલ બનાવવો અને આખી જિંદગી તેમનાથી દૂર ભાગવાનાં તેમના (હુઝૂર મુફતીએ આ'ઝમનાં) ફર્માનોથી આંખો મીચી લઈએ, એ ક્યાંનો ઈન્સાફ છે ?

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, ડિસેમ્બર–૨૦૨૨)*

# નફસની ખ્વાહિશોનું અનુસરણ

**અઝ :** *અતાએ મુફતીએ આ'ઝમ, પીરે તરીક્ત અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી*

**હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી-મુંબઈ**

**અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ**

કુર્આન મજીદમાં નફસાની ખ્વાહિશોથી બચવાનો હુકમ કેટલીય વાર આવ્યો છે. એક જગ્યાએ અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો :–

اَرَءَيْتَ مَنِ اتَّخَذَ اِلٰهَهٗ هَوٰىهُ ؕ اَفَاَنْتَ تَكُوْنُ عَلَيْهِ وَكِيْلًا

''શું તમે એને જોયો જેણે પોતાના દિલની ખ્વાહિશોને પોતાનો ખુદા બનાવી લીધો, તો શું તમે તેની નિગેહબાનની જિમ્મેદારી લેશો.

*(સૂ. ફુર્કાન, આ. ૪૩, કન્ઝુલ ઈમાન)*

ખ્વાહિશ સારી પણ હોય છે અને બુરી પણ હોય છે. દરેક એ ખ્વાહિશ (મનેચ્છા) જે રસૂલુલ્લાહ ﷺના લાવેલ દીનના મુજબ હોય તે સારી છે અને જે તેના વિરૂધ્ધ હોય તે બુરી છે. સામાન્ય રીતે ખ્વાહિશ પર ઈન્સાનનો કંટ્રોલ નથી હોતો. દરેક ઈન્સાનના દિલમાં ખ્વાહિશો અંગડાઈ લે છે. ખ્વાહિશો વિશે પણ પૈગમ્બરે રહમત ﷺએ આપણી રેહનુમાઈ કરી છે. ફર્માવ્યું : ''તમારામાં કોઈ પણ ત્યાં સુધી કામિલ મોમિન નથી થઈ શકતો, જ્યાં સુધી તેની નફસની ખ્વાહિશો એ હુકમોના મુજબ ન થઈ જાય જે હું લઈને આવ્યો છું.'' (રિવાયત : બયહકી તથા બગવી) આ હદીષમાં مَاجِئْتُ بِهٖનો અર્થ કુર્આન અને સુન્નત છે.

મોટાભાગની મુસ્લિમ ઉમ્મત એ રસ્તા પર ચાલી પડી છે જે યહૂદી અને નસરાનીનો રસ્તો છે. યહૂદી પોતાની ઈચ્છાઓને એવા અનુસરવાવાળા હતા કે જે હુકમ તેમને સારો લાગતો તેને અનુસરતા અને જે તેમના નફસ પર ભારી પડતો તેનાથી મોઢું ફેરવી લેતા. જેમ કે :

اَفَكُلَّمَا جَآءَكُمْ رَسُوْلٌۢ بِمَا لَا تَهْوٰۤى اَنْفُسُكُمُ اسْتَكْبَرْتُمْ ۚ فَفَرِيْقًا كَذَّبْتُمْ ۘ وَفَرِيْقًا تَقْتُلُوْنَ

''તો શું જ્યારે તમારી પાસે કોઈ રસૂલ લઈને આવે જે તમારા નફસની ખ્વાહિશ નથી તો ઘમંડ કરો છો ! તેમાં એક ગિરોહને તમે જૂઠલાવો છો અને એક ગિરોહને શહીદ કરો છો. *(સૂ. બકરહ, આ. ૮૭, કન્ઝુલ ઈમાન)*

બુખારી શરીફમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી હદીષે પાકમાં છે કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, ''કયામત ત્યાં સુધી કાયમ નહીં થાય, જ્યાં સુધી મારી ઉમ્મત પાછલી ઉમ્મતો જેમ નહીં થઈ જાય. જેવી રીતે વેંત વેંતના અને હાથ હાથના બરાબર ન થઈ જાય. પૂછવામાં આવ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ આગલી ઉમ્મતોથી કોણ મુરાદ છે. પારસી અને નસરાની ? આપ ﷺએ ફર્માવ્યું, ''પછી બીજી કોણ ?!''

આજે જો આપણે આપણા સમાજને જોઈએ તો આપણને માલૂમ થશે કે આજે પણ અલ્લાહની બંદગી કરવાવાળા મુસલમાનોની કમી નથી. મુસલમાન નમાઝ પઢે છે, રોઝા રાખે છે, ઝકાત આપે છે, હજ પણ કરે છે, પરંતુ એ કામો સાથે એ ગીબત પણ કરે છે, જૂઠ પણ બોલે છે, ચુગલી પણ કરે છે, વ્યાજ પણ ખાય છે, લાંચની પણ લેણદેણ કરે છે, અને અન્ય ગુનાહોનાં કામોમાં પણ સંડોવાયેલો છે.

એક શાયરથી કોઈએ પૂછ્યું, શું તમે મુસલમાન છો ? એ શાયરે જવાબ આપ્યો, હું અડધો મુસલમાન

છું અડધો મુસલમાન નથી ! તેનાથી પૂછવામાં આવ્યું કે એવુ કઈ રીતે ?! જવાબ આપ્યો કે, હું નમાઝ પણ પઢુ છું, રોઝા પણ રાખુ છું, તેની સાથે શરાબ પણ પી લઉં છું ! આજે આ જ હાલ વધુ પડતા મુસલમાનોને થઈ ગયો છે કે તે ઘણી વાતોથી દૂર તો રહે છે, જેમ કે બિલાડી વગેરેનો ગોશ્ત નથી ખાતા, પરંતુ અમાનતમાં ખયાનત કરવું, કોઈકનું દિલ દુ:ખાવવું, કોઈનો માલ નાહક્ક હડપ કરી જવું વગેરે કામોથી નથી બચતા. કૂતરા અને બિલાડીનો ગોશ્ત ખાવાથી તે એટલા માટે દૂર રહે છે કે તે તેમને પસંદ નથી ! તે આ હરામ વસ્તુઓથી એટલા માટે દૂર નથી રહેતા કે આપણને અલ્લાહ વ રસૂલે મના ફર્માવ્યું છે. આજે ઘણા મુસલમાન પોતાના પૈસાનો ભપકો પાડવા અને પોતાની નાજાઈઝ ખ્વાહિશને પૂર્ણ કરવા માટે શાદીઓમાં લાખો ખર્ચ કરી નાખે છે, જ્યારે કે તેમના પર કારોબારી કરજ હોય છે, બેન્કની લોનો હોય છે, તો પણ ભપકો પાડવા માટે ખૂબ જ ખર્ચો કરે છે, જેથી તે મુસીબતોના આલમમાં વધુ ને વધુ ફસાતો જાય છે. અફસોસ કે આપણે નફ્સના ગુલામ બની ગયા છીએ. કાંઈક ઈબાદતો કરીએ પણ છીએ તો તે પણ એ કે જેને આપણુ નફ્સ પસંદ કરે છે. જો કે આપણી કામયાબી અને કામરાની એમાં છે કે નફ્સની ખ્વાહિશોને કચડી નાખીએ, પોતાની ખ્વાહિશો અલ્લાહ અને રસૂલના હુકમોના તાબે બનાવી દઈએ. અલ્લાહ કરીમનો વાયદો છે : وَاتَّبِعُوْهُ لَعَلَّكُمْ تَهْتَدُوْنَ "અને એની ગુલામી કરો કે તમો રાહ પામો." (સૂરએ અઅ્રાફ, ૭/૧૫૭) અલ્લાહ પાક આપણને બધાને તેના હુકમોના તાબેદાર બનાવે અને નફ્સની ખ્વાહિશોને અનુસરવાથી આપણને દૂર રાખે.) *(માહનામા સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, ડિસેમ્બર–૨૦૨૨)*

વધુ પેજ 30 પર..

કુર્આને કરીમની મજકૂરા દા'વત તથા ચેલેંજના જવાબમાં જ્યારે એક સૂરત પણ બનાવીને પેશ કરવાથી લાચાર મજબૂર થઈ ગયા તો કુર્આને પોતાનો અંતિમ ફેંસલો સંભળાવીને તેમના ઝબાનદાનીના દાવા તથા ફસાહત તથા બલાગતમાં આખરી ખીલી ઠોકી દીધી. અને ફર્માવ્યું :

قُلْ لَّىِٕنِ اجْتَمَعَتِ الْاِنْسُ وَ الْجِنُّ عَلٰۤى اَنْ یَّاْتُوْا بِمِثْلِ هٰذَا

الْقُرْاٰنِ لَا یَاْتُوْنَ بِمِثْلِهٖ وَ لَوْ كَانَ بَعْضُهُمْ لِبَعْضٍ ظَهِیْرًا

"હે નબી ! ફર્માવી આપો કે જો ઈન્સાન તથા જિન પણ કુર્આનની જેમ લાવવા માટે ભેગા થઈ જાય તો તેઓ એના જેવી કિતાબ નહીં લાવી શકે. ભલે તેઓ એકબીજાના મદદગાર જ કેમ ન થઈ જાય."

*(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૮૮)*

આ પ્રકારની ઘણી બધી આયતો વડે સતત એલાન સાથે તેમને લલકારવામાં આવતા રહ્યા, ચેલેંજો આપવામાં આવતી રહી, મુકાબલા માટે પોકારવામાં આવતા રહ્યા પણ તેઓ મેદાનમાં ન આવ્યા અને ન તો ક્યામત સુધી આવી શકે છે.

હકીકત એ છે કે કુર્આને આ ચેલેંજ ૧૪૫૦ વરસો પહેલાં આપી હતી, પણ એનું આ એલાન ક્યામત સુધી ચાલુ રહેશે. સાયન્સ અને ટેક્નોલોજી તથા આધુનિક વિદ્યાઓ કલાઓ ગમે તેટલી ઉચ્ચ મંઝિલો પાર કરી લે, ચાંદ પર દુનિયા વસાવી લે, સૂરજના કિરણોને પોતાના વશમાં કરી લે અને નિત નવી શોધો થકી તાબે કરી લે, મંગળ ગ્રહ સુધી પહોંચ હાંસલ કરી લે, પરંતુ કુર્આનના જેવું નથી લાવી શક્તા. આ કલામે ઈલાહી છે અને કલામે ઈલાહીના જેવું કલામ કોઈ પેશ નથી કરી શક્તુ.

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

## મુફ્તી નસીમ સાહબ (મુબારકપુર)નો દૌરએ ભરૂચ

અહલે સુન્નતની વિશ્વ વિખ્યાત અરબી યુનિવર્સિટી **અલજામિઅતુલ અશ્રફિયા મિસ્બાહુલ ઉલૂમ–મુબારકપુર** (જિ. આઝમગઢ)ના દારુલ ઈફતાના સિનિયર મુફતી હઝરત કિ઼બ્લા મુફતી મુહમ્મદનસીમ મિસ્બાહી તા. ૨૬–૧૨–૨૦૨૧ રવિવારના રોજ સાંજના દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ" તશરીફ લાવ્યા હતા જ્યાં મગરિબની નમાઝ બાદ મસ્જિદે રયહાનમાં સુન્ની દા'વતે ઈસ્લામીના હફતાવારી ઈજતેમામાં સવાલો જવાબની મેહફિલ સજાવાઈ જેમાં આપે વિવિધ મસાઈલના જવાબો આપ્યા, જેમાં વિશેષતઃ ઈલ્મે ગયબે મુસ્તફા ﷺ સંબંધી સવાલના જવાબમાં વિસ્તારપૂર્વક લાજવાબ મુદલ્લલ જવાબ આપી શ્રોતાઓના ઈમાનમાં તાજગી ભરી આપી. ત્યાર બાદ ઈશા બાદ **દયાદરા** પહોંચીને મસ્જિદમાં હફતાવારી ઈજતેમામાં વારસા સંબંધી મસાઈલના તેમજ અન્ય દીની પ્રશ્નોના ખૂબ જ સંતોષકારક જવાબો આપી ઈલ્મની રોશની ફેલાવી હતી. બીજા દિવસે સોમવાર તા. ૨૭–૧૨–૨૦૨૧ના રોજ "દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ" તશરીફ લાવીને સૌ પ્રથમ અસાતેઝા સાથે મીટિંગમાં ખૂબ જ નસીહતઆમેઝ માર્ગદર્શન તલબાની પઢાઈ તથા તર્બિયત બાબતે આપ્યું હતું પછી મસ્જિદે રઝામાં મૌજૂદ તલબાને પઢાઈમાં દિલચસ્પી તથા ઉમંગ જાગે એ અર્થમાં ખૂબ જ નસીહતઆમેઝ બયાન કર્યું હતું. એ જ રાત્રે ઈશા બાદ મૌલાના ઈબ્રાહીમ જંબુસરવાળાની દા'વત પર વાગરા નૂરાની મસ્જિદમાં ઈલ્મી મેહફિલમાં હાજરજનોના સવાલોના ખૂબ જ ઈમાન અફરોઝ જવાબો આપી ઈલ્મી નૂર ફેલાવ્યું હતું. એ જ પ્રમાણે તા. ૨૯–૧૨–૨૦૨૧ બુધવારના રોજ મૌલાના અલ્તાફ મિસ્બાહીની દા'વત પર મગરિબ બાદ પીર છત્તર મસ્જિદ–ભરૂચ ખાતે સવાલો જવાબની મેહફિલનું આયોજન કર્યું હતું. ત્યાર બાદ હઝરત રાત્રે ટ્રેન મારફતે મુંબઈ જવા રવાના થયા હતા.

## દયાદરા ખાતે ઉર્સે હાફિઝે મિલ્લત નિમિત્તે ઈજતેમામાં બયાન

**દયાદરા** : મુખ્તારુલ મસાજિદ ખાતે રવિવાર તા. ૨–૧–૨૦૨૨ના રોજ અસર બાદ સુન્ની દા'વતે ઈસ્લામીના સુન્ની ઈજતેમામાં હુઝૂર હાફિઝે મિલ્લત અલ્લામા અબ્દુલઅઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી رحمۃ اللہ علیہની સવાનેહના વિવિધ પાસાંઓ પર મુખ્તસર બયાન હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે કરીને આપની સુન્નતોથી મહોબ્બત, આપના તક઼વા તથા આપની ઈલ્મની ખિદમતમાં કુર્બાની વિશે શાનદાર બયાન કર્યું હતું.

## હઝરત શયખુલ ઈસ્લામનું દયાદરામાં આગમન

**દયાદરા** : તા. ૬–૧–૨૦૨૨ના રોજ ૧૧ વાગ્યે શયખુલ ઈસ્લામ હઝરત સૈયદ મુહમ્મદ મદની અશરફીયુલ જીલાની મર્હૂમ અલીભાઈ ઘંટીવાળા (માજી નાઝિમે આ'લા દારુલ નૂરે મુહમ્મદી–દયાદરા)ના ઘરે તાઝીમત માટે તશરીફ લાવ્યા હતા. ઝહોર બાદ મુખ્તારુલ મસાજિદ દયાદરામાં મુખ્તસર પ્રોગ્રામ થયો હતો જેમાં દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદીના તાલિબે ઈલ્મની તિલાવતે કુર્આન બાદ ક઼ારી મકસૂદ કાવીવાળાએ તેમજ હાફિઝ ઝયનુલ આબિદ વોરાસમનીવાળાએ નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા. ત્યાર બાદ હાજરજનોમાંથી મુરીદ થવા ઈચ્છનારાઓને મુરીદ બનાવ્યા હતા. બાદમાં હઝરત દયાદરાથી વિદાય થયા હતા.